उन्नति

# વિચાર

વર્ષ ૧૦ અંક ૪ ઓક્ટોબર – ડિસેમ્બર, ૨૦૦૫

## અનુક્રમ


| | |
|---|---|
| **સંપાદકીય** | 1 |
| **વિકાસલક્ષી મુદ્દાઓ** | 2 |
| ■ ભારતમાં વિકેન્દ્રિત શાસનઃ સીમાચિહ્નો અને અવરોધો | |
| **આપના માટે** | |
| ■ આપત્તિ સંચાલન ખરડો અને સ્થાનિક સરકારો | 10 |
| ■ માહિતી અધિકાર ધારોઃ સરળ શબ્દોમાં | 13 |
| **આપણી વાત** | |
| ■ બ્લેક નોઈઝઃ વસ્ત્રો બને છે સતામણીનાં સાક્ષી | 18 |
| ■ સ્ત્રીઓનાં અકુદરતી મોત રોકવાનો ગુજરાતનો અનુભવ | 20 |
| ■ હું શા માટે માઈકલ રિવર્સ ના થઈ શકું? | 26 |
| ■ બળાત્કારના કેસમાં ન્યાય માટેના પ્રયાસો | 29 |
| **સાંપ્રત પ્રવાહ** | 33 |
| **સંદર્ભ સાહિત્ય** | 36 |
| **અમારા વિશે** | 38 |


**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

## સંપાદકીય

### માહિતીનો અધિકારઃ સહિયારી જવાબદારી

ભારતમાં માહિતીનો અધિકાર એક અગત્યના નાગરિક અધિકાર તરીકે પ્રસ્થાપિત થયો છે. જુન-૨૦૦૫માં માહિતી અધિકાર ધારો ઘડાયો અને ઓક્ટોબર-૨૦૦૬માં તેનો અમલ શરૂ થયો છે. ભારતની લોકશાહીમાં ઉમેરાયેલું આ એક નોંધપાત્ર પગલું છે. લોકશાહીને મજબૂત બનાવવા માટે એ જરૂરી છે કે નાગરિકો માહિતીપ્રદ પસંદગી કરે. અમુક નિશ્ચિત સમયના અંતરે નાગરિકોને મતાધિકારનો ઉપયોગ કરવાની તક મળે છે અને તેઓ રાજકીય પસંદગીઓ કરે છે. પરંતુ ચૂંટાયેલા પ્રતિનિધિઓ કેવી રીતે શાસન કરે છે તે જાણવા માટેનો નાગરિકોનો અધિકાર અબાધ્ય રહે છે. તેથી તેઓ હવે માહિતીના અધિકારનો ઉપયોગ કરીને શાસનની શૈલી વિશેની માહિતી મેળવશે તો શાસન પારદર્શી બનવાની વ્યાપક તકો ઊભી થશે. પારદર્શિતા શાસકોને વધુ ઉત્તરદાયી બનવાની ફરજ પાડે છે. આથી જ માહિતી અધિકાર ધારો ભારતમાં શાસન વ્યવસ્થાને લોકાભિમુખ બનાવશે એવી અપેક્ષા રહે છે.

બિન-સરકારી સંગઠનોએ ભારતમાં માહિતીનો અધિકાર પ્રસ્થાપિત કરવા માટેના નોંધપાત્ર પ્રયાસો છેલ્લા ત્રણેક દાયકા દરમ્યાન કર્યા છે. વિવિધ પ્રશ્નો બાબતે શાસન વ્યવસ્થા વિશેની માહિતી લોકોને પહોંચાડવાનું અને શાસનને વધુ પારદર્શી અને ઉત્તરદાયી બનાવવાનું કામ તેમણે કર્યું છે. રાજસ્થાનમાં 'મઝદૂર કિસાન શક્તિ સંગઠન', આંધ્ર પ્રદેશમાં 'લોકસત્તા' તથા દિલ્લીમાં 'પરિવર્તન' એનાં અત્યંત જીવંત અને જ્વલંત ઉદાહરણો છે. સરકારી યોજનાઓનો અમલ લોકાભિમુખ બને તે માટે આ અને એમના જેવાં સંગઠનોના પ્રયાસોથી લોકોની ભાગીદારી શાસનને ઉત્તરદાયી બનાવવા માટે વધી છે. હવે જ્યારે માહિતી અધિકાર ધારો ઘડાયો છે ત્યારે બિન-સરકારી સંગઠનોના કાર્યક્ષેત્રમાં વિસ્તાર થયો છે. તેમણે ધારાની જોગવાઈઓ અને નિયમો વિશેની જાણકારીનો પ્રચાર-પ્રસાર અને નાગરિક નેતાઓની તે વિશેની તાલીમ, એ બંને એવાં ક્ષેત્રો છે કે જેમાં બિન-સરકારી સંગઠનો વિશિષ્ટ ભૂમિકા ભજવી શકે તેમ છે કારણ કે તેમાં તેઓ નિપુણતા પણ ધરાવે છે. ઉપરાંત, સરકારની માહિતી અધિકાર ધારાના અમલ અંગેની કામગીરી ઉપર દેખરેખ રાખવાની જવાબદારી પણ તેમણે અદા કરવાની છે. રાજ્ય સરકારો, કેન્દ્ર સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓની માહિતીના પ્રચાર-પ્રસાર માટેની કામગીરી અંગેની સંવેદનશીલતા વધે એ જોવાનું કામ પણ મહદંશે તેમણે જ કરવું પડશે.

સરકારોની ભૂમિકા પણ આ ક્ષેત્રે અગત્યની બને છે. માહિતી અધિકાર ધારાના અમલ માટેની પૂરતી તૈયારીઓ હજુ સરકારોએ કરી નથી. વળી, સરકારી માહિતીમાં ગુપ્તતા જાળવવાનું દાયકાઓ જૂનું માનસ બદલવા માટેનો પ્રયાસ પણ હજુ શરૂ થયો નથી. વળી, સરકારી સ્તરે ખાસ કરીને માહિતી પૂરી પાડવાની જવાબદારી ધરાવતા અધિકારીઓની તાલીમ પણ આ બાબતે જરૂરી છે. ચૂંટાયેલા ધારા સભ્યો અને સાંસદોએ અમલદારો હવે શાસનને વધુ પારદર્શી બનાવે તે માટેની રાજકીય ભૂમિકા અદા કરવાની છે અને માહિતી અધિકાર ધારાનો અમલ સુપેરે થાય તે માટે તેમણે રાજકીય દબાવ જૂથ તરીકે કામ કરવું પડશે. જો બિન-સરકારી સંગઠનો લોકોના દબાણને વાચા આપવામાં સફળ થશે તો આ કામ વધારે સારી રીતે થઈ શકશે અને શાસકો અને શાસિતો બંને માટે શાસન લોકશાહીને મજબૂત કરનારું અને વિકાસને આગળ ધપાવનારું બની શકશે.

# ભારતમાં વિકેન્દ્રિત શાસનઃ સીમાચિહ્નો અને અવરોધો

'સોશ્યલ વોચ કોએલિશન (ઇન્ડિયા)' દ્વારા કરાયેલી વિનંતીથી 'ઉન્નતિ'ના નિયામક **શ્રી બિનોય આચાર્ય** દ્વારા તાજેતરમાં આ એક અહેવાલ તૈયાર કરાયો છે. દેશના વિવિધ ભાગોમાંના બિન-સરકારી સંગઠનો સાથે થયેલી વાતચીતને આધારે તે તૈયાર કરાયો છે. ઉપરાંત, ૧૪ રાજ્યોમાં 'પ્રિયા' દ્વારા આરંભાયેલા સંયુક્ત કાર્યક્રમના અહેવાલો, પંચાયતી રાજ મંત્રાલય દ્વારા બોલાવાયેલી સાત ગોળમેજી પરિષદોના અહેવાલો અને 'ધ હંગર પ્રોજેક્ટ', ઈન્સ્ટિટયુટ ઓફ સોશ્યલ સાયન્સિસ તથા યુએનડીપી દ્વારા આયોજિત અનેક બેઠકોના અહેવાલોનો આધાર પણ લેખકે તેમાં લીધો છે કે જેમાં તેઓ પોતે ભાગીદાર થયા છે. આઈએસએસ દ્વારા જે 'પંચાયતી રાજ અપડેટ' પ્રકાશિત થાય છે તેમાં અપાયેલી હકીકતો અને ચર્ચાયેલા મુદ્દાઓનો પણ વ્યાપકપણે આ લેખમાં ઉપયોગ કરાયો છે.

### પ્રસ્તાવના

ગરીબીના પ્રશ્નોના નિવારણનો સંબંધ માત્ર ગરીબી-વિરોધી કાર્યક્રમો સાથે નથી પરંતુ તે પાયાની સેવાઓની પ્રતિભાવાત્મક અને ઉત્તરદાયી જોગવાઈનું અગત્યનું પરિબળ છે. વિકેન્દ્રિત શાસન તેના મુખ્ય સ્વરૂપ રૂપે જ લોકોને એવી શક્તિ પૂરી પાડે છે કે જેથી શાસનની સંસ્થાઓ પાયાની સેવાઓની પ્રતિભાવાત્મક જોગવાઈ માટે કામ કરે અને શાસન કરનારી સંસ્થાઓને ઉત્તરદાયી બનાવે.

૧૯૯૨માં ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારા થયા બાદ શાસનની પ્રક્રિયાને લોકોની નજીક લાવવાનો પ્રયાસ કરાયો છે. વિકેન્દ્રીકરણની પ્રક્રિયાને રાજકીય વિકેન્દ્રીકરણ, વહીવટી વિકેન્દ્રીકરણ અને રાજકોષીય વિકેન્દ્રીકરણને તપાસીને સમજી શકાય.

### રાજકીય વિકેન્દ્રીકરણ

૨૦૦૪-૦૫નું વર્ષ ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારાએ શરૂ કરેલી પ્રક્રિયા પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુરુચ્ચાર કરનારું વર્ષ બની રહ્યું. ભારતના રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામે ૧૫મી ઓગસ્ટ-૨૦૦૪ના રોજ સરપંચોને જળ સંગ્રહનાં સ્થાનો અને શિક્ષણ જેવાં ક્ષેત્રોમાં કામ કરવા અને બાળકો માટે નમૂનારૂપ બનવા માટે પંચાયતી રાજ વ્યવસ્થાને સક્રિય બનાવવાના અને તેને પુનઃ ચેતનવંતી બનાવવાના શપથ લેવડાવ્યા હતા. જુન-૨૦૦૪માં વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહે રાજ્યોના મુખ્ય પ્રધાનોની એક બેઠક બોલાવી હતી. એ બેઠકમાં બધા મુખ્ય પ્રધાનો વચ્ચે એવી સંમતિ સધાઈ હતી કે ગરીબી નિવારણ અને ગ્રામ વિકાસના તમામ કાર્યક્રમોનું સંચાલન પંચાયતી રાજની સંસ્થાઓ દ્વારા થશે.

વડા પ્રધાને એ બાબતો ઉપર ભાર મૂક્યો હતો કે કેન્દ્રીકરણ તો જ ફળદાયી બની શકે જો "નીચેથી ઉપર તરફનું આયોજન ખરેખર વાસ્તવિકતા બને અને સ્થાનિક સમુદાયો સ્થાનિક રીતે પ્રાપ્ય સંસાધનો અને લોકોને લાગતી જરૂરિયાતો અંગેના તેમના પોતાના અંદાજને આધારે વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું ચિત્ર દોરે તે માટે સક્ષમ બને અને શક્તિમાન બને."

વડા પ્રધાને દેશમાં પંચાયતી રાજ ક્ષેત્રની પ્રગતિ પર દેખરેખ રાખવા માટે એક પ્રધાન જૂથની રચના કરી છે. આ પ્રધાન જૂથની કાર્ય શરતોમાં નાણાકીય સત્તાસોંપણીની ભલામણનો અમલ, પંચાયતોની કામગીરી અને ઉત્તરદાયિત્વ, 'પેસા'નો અમલ અને મહિલાઓની સક્ષમતા વિશેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

### રાષ્ટ્રીય નીતિ

મે-૨૦૦૪માં પંચાયતી રાજના નવા મંત્રાલયની રચના કરવામાં આવી. નવું મંત્રાલય રચાયા પછી તરત જ પંચાયતી રાજ પ્રધાને સાત ગોળમેજી પરિષદો યોજી. તેમાં પંચાયતોની સ્થિતિની સમીક્ષા કરવા માટે અને પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત કરવા માટેનો નકશો તૈયાર કરવા રાજ્યોના પ્રધાનો અને વરિષ્ઠ સચિવોને નિમંત્ર્યા. આ સાત ગોળમેજી પરિષદોમાં કાર્યોની સોંપણી, કાર્ય કરનારાઓ અને નાણાકીય વ્યવસ્થા, ગ્રામ સભાની સક્ષમતા, આયોજન, ગ્રામીણ વ્યવસાય હાટ સહિતના વિકાસલક્ષી કાર્યક્રમોનો અમલ, અનામત 'પેસા', પંચાયતી રાજનું કાર્યક્ષેત્ર, વાર્ષિક અહેવાલો, ચૂંટણી, અન્વેષણ, ક્ષમતા વર્ધન અને ઈ-શાસન વગેરે મુદ્દાઓ વિશે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો.

આ સાત ગોળમેજી પરિષદોમાં અનેક દૂરગામી ભલામણો કરવામાં આવી. આ પરિષદો દિલ્લીની 'પ્રિયા', દહેરાદૂનની 'રુરલ લિટિગેશન એન્ડ એન્ટાઈટલમેન્ટ કેન્દ્ર', બેંગલોરની 'નેશનલ લૉ સ્કૂલ', નવી દિલ્લીની 'ઇન્સ્ટિટયુટ સોશ્યલ સાયન્સિઝ' અને 'ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક ઓડિટર્સ ઓફ ઈન્ડિયા' તથા 'ધ હંગર પ્રોજેક્ટ' જેવાં ઘણાં

નાગરિક સમાજનાં સંગઠનોની સાથેના સહયોગ દ્વારા યોજાઈ હતી.

પ્રથમ ગોળમેજી પરિષદમાં નીચેની બાબતો પ્રત્યેની પ્રતિબદ્ધતા ફરી એક વાર વ્યક્ત કરવામાં આવી હતીઃ

(૧) પંચાયતોને કાર્યોની સોંપણી પેટા સંસ્થાના સિદ્ધાંતને આધારે થવી જોઈએ. એટલે કે, જે કાર્ય નીચલા સ્તરે થઈ શકે તેમ હોય તે કાર્ય ઉપલા સ્તરે ના થવું જોઈએ.

(૨) લોકતાંત્રિક શાસન વ્યવસ્થાનું મૂળભૂત લક્ષણ એ છે કે સરકારી કર્મચારીઓ ચૂંટાયેલા નેતાઓના હાથ નીચે કામ કરે.

(૩) રાજકોષીય સમવાયતંત્રની શ્રેષ્ઠ પરંપરા એ છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો સ્થાનિક સરકારને નાણાકીય રીતે મજબૂત કરવામાં સહકાર આપે.

(૪) પ્રતિનિધિત્વવાળી લોકશાહીના રખેવાળ તરીકે ગ્રામ સભા કામ કરે તે માટે તેને મજબૂત બનાવીને સહભાગી લોકશાહીને મજબૂત બનાવવી.

સાત ગોળમેજી પરિષદોમાં નીચે મુજબના મહત્ત્વના નિર્ણયો લેવાયા હતાઃ

(૧) અનુસૂચિ-૧૧માં અપાયેલી યાદી મુજબનાં કાર્યો, કાર્યચાલકો અને નાણાં વ્યવસ્થા અંગેની પ્રવૃત્તિઓની યાદી બનાવાય કે જેમાં વધુ સોંપણી શક્ય બને અને તેથી જે જાહેર સેવાઓ પૂરી પાડવામાં આવે તે અસરકારક રીતે પૂરી પાડવામાં આવે અને નાગરિકોના જીવનની ગુણવત્તામાં સુધારો થાય.

(૨) જિલ્લા પંચાયત સાથે ડીઆરડીએની કામગીરીને સંકલિત કરવાનાં પગલાં લેવાં. રાજ્ય સરકારના વહીવટદારો જે રીતે વિધાનસભાને જવાબદાર હોય છે તે રીતે જ આમાં પણ કરવું.

(૩) ગ્રામ સભા માટે એવું સાનુકૂળ વાતાવરણ ઊભું કરવું કે જેથી સહભાગી લોકશાહી અને સુશાસનના પાયાનો અમલ ગ્રામીણ સ્તરે થાય. (પંચાયતની યોજનાઓ, હિસાબો, પ્રાકૃતિક સંસાધનોનું જતન વગેરેને ગ્રામ સભા મંજૂર કરે.)

(૪) કેન્દ્ર સરકાર તરફથી પંચાયતોને સમયસર અને સરળ રીતે અનુદાન મળે અને કેન્દ્ર-પુરસ્કૃત યોજનાઓ હેઠળ પણ નાણાં મળે.

(૫) કેન્દ્રીય નાણાં પંચ કરે છે તે મુજબ રાજ્ય નાણાં પંચ અમલમાં મૂકવાનું શક્ય હોય તેવી વ્યવહારુ ભલામણો કરે તે માટે તેને મજબૂત બનાવવું.

(૬) તમામ રાજ્યોમાં ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં બંધારણની કલમ-૨૪૩ઝેડડી(૨)ની જોગવાઈ અનુસાર જિલ્લા આયોજન સમિતિઓની રચના કરવી.

(૭) રાજ્ય સરકારોના બજેટમાં પરંપરાગત રીતે રાજ્ય અને જિલ્લા સ્તર કે ક્ષેત્ર વિશે વિચારવામાં આવે છે. તે ઉપરાંત પંચાયત ક્ષેત્રને પણ દરેક વિભાગના અંદાજપત્રમાં આમેજ કરવામાં આવે. કેન્દ્રમાં આયોજન પંચ સંબંધિત કેન્દ્રીય મંત્રાલયો સાથે વિચાર-વિમર્શ કરીને આવી જ યોગ્ય વ્યવસ્થાઓ કરી શકે છે. પંચાયતી રાજ સંસ્થાઓને નાણાકીય સંસાધનો ફાળવતી વખતે વહીવટી અનુદાન અને વિકાસલક્ષી અનુદાન વચ્ચે તફાવત કરવામાં આવે એ જરૂરી છે.

(૮) વિવિધ વિકાસલક્ષી હેતુઓ માટે સંસ્થાકીય મર્યાદાઓને લીધે જો સમાંતર સંસ્થાઓની સ્થાપના થઈ હોય, અથવા એ સ્થપાવાની હોય તો, યોગ્ય સ્તરે પંચાયતી રાજ સંસ્થાઓ સાથે તેમનો સતત નાળ સંબંધ સ્થાપિત થવો જોઈએ કે જેથી પંચાયતો સંપૂર્ણપણે સમાંતર સંસ્થાઓના કાર્યમાં સામેલ થાય.

(૯) તમામ અનુસૂચિત વિસ્તારોમાં 'પેસા'ના સમયબદ્ધ અમલ માટે પગલાં ભરવાં.

(૧૦) અનામત મારફતે મહિલાઓની સક્ષમતા એ જરૂરી પ્રથમ પગલું હતું પણ ક્ષમતા વર્ધનનાં અન્ય અનેક પગલાં દ્વારા એને દૃઢીભૂત કરવાની જરૂર છે. રાજ્યના કાયદામાં કરવામાં આવેલી જોગવાઈઓ અનુસાર એક કે વધુ મુદત માટે બેઠકોની અનામત ઊભી કરી શકાય.

(૧૧) પંચાયતો અને નગરપાલિકાઓ સાથે સંબંધિત બંધારણીય જોગવાઈઓનું અક્ષરશઃ પાલન કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે તેથી રાજ્યોના કાયદાઓમાંની અસંગતતાઓ ઓળખી કાઢવાની અને નમૂનારૂપ કાયદાઓ વિકસાવવા માટેના પ્રયાસને પ્રોત્સાહન આપવાની જવાબદારી પણ તેની છે.

(૧૨) બંધારણમાં કરવામાં આવેલા સુધારાઓમાં ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારા સૌથી વધારે લાંબા છે અને સૌથી વધુ વિગતવાર છે. તેથી પંચાયતના કાયદામાં અનિશ્ચિતતાઓ, સંદિગ્ધતાઓ અને વિસંગતતાઓ રહે અને એ પ્રકારની જોગવાઈઓ થાય એ સ્વાભાવિક છે. મંત્રાલય તેથી પંચયાતી રાજ સાથે સંબંધિત ન્યાય ક્ષેત્રને લગતી સંસ્થા વિકસાવવા વિવિધ સંસ્થાઓ સાથે મળીને કામ કરે.

રાજ્ય સરકાર તેમને વર્તમાન કાયદા અંગેની કાનૂની સ્પષ્ટતાઓ મળે અને ચુકાદામાં જે કોઈ સંદિગ્ધતા હોય તેને વિશે કાનૂની ખુલાસાઓ મળે તે માટે કાનૂની અધિકારીઓની નિમણૂક કરવાનું વિચારી શકે છે. (એમ કહેવાય છે કે

સર્વોચ્ચ અદાલતે પંચાયતો વિશે ૭૪ ચુકાદા આપ્યા છે અને વડી અદાલત તથા અન્ય સ્તરની અદાલતોએ પંચાયતો અંગે સેંકડો ચુકાદાઓ આપ્યા છે.)

(૧૩) રાજ્યના પંચાયત ખાતાના વાર્ષિક અહેવાલોમાં સત્તા સોંપણીના આંકના માળખાનો સમાવેશ થવો જોઈએ કે જેથી તુલના કરવાનું શક્ય બને.

(૧૪) તમામ સ્તરની ચૂંટણીઓ માટે એક જ મતદાર યાદી તૈયાર કરવા માટે મુખ્ય ચૂંટણી કમિશનર અને રાજ્યોના ચૂંટણી કમિશનરોની વચ્ચેના વિચાર-વિમર્શને પ્રોત્સાહન આપવું જોઈએ. પંચાયતો અને નગરપાલિકાઓના વોર્ડને તમામ સ્તરની ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા માટેનો આધાર ગણવા જોઈએ. રાજ્ય ચૂંટણી કમિશનરને આ બાબતો માટેની જવાબદારી સોંપવી જોઈએઃ

(૧) મતદાર યાદીઓની તૈયારી.
(૨) મતવિસ્તારોનું સીમાંકન.
(૩) અનામત અને તેની વારાફરતી ફેરબદલી.
(૪) ઉમેદવારોની લાયકાતો.
(૫) ચૂંટણી યોજવી.
(૬) ચૂંટણીના વિવાદોના સંદર્ભમાં પ્રથમ તબક્કાનો નિર્ણય કરવા માટેની કામગીરી.

(૧૫) બંધારણની કલમ-૨૪૩ઝેડડીમાં કરાયેલી જોગવાઈ અનુસાર જિલ્લા આયોજન સમિતિઓને પણ રાજ્ય ચૂંટણી પંચના કાર્યક્ષેત્ર હેઠળ લાવવી જોઈએ કે જેથી આ બંધારણીય જોગવાઈનું બરાબર પાલન થાય, જે હંમેશાં થતું નથી.

(૧૬) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ હવે સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ છે, તેથી લોકલ ફંડ ઓડિટના ડિરેક્ટર (ડીએલએફએ) અને એવા જ પ્રકારની બીજી સંસ્થાઓના કાર્યને બંધારણીય જરૂરિયાત અનુસાર આધુનિક બનાવવાની જરૂર છે અને તે માટે આ સંસ્થાઓના કાર્યને નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ - સીએજી, કેગ)ના કાર્ય અનુસારનું બનાવવું જોઈએ.

(૧૭) ઔપચારિક ઓડિટ (અન્વેષણ) માટે પૂરક બને તે રીતે સામાજિક ઓડિટ થવું જોઈએ અને પંચાયતી રાજના મજબૂત અને તંદુરસ્ત વિકાસ માટે સામાજિક અને ઔપચારિક ઓડિટ વચ્ચે ઘનિષ્ઠ સંબંધ સ્થાપવાનું જરૂરી છે.

(૧૮) અસરકારક સામાજિક ઓડિટ માટે તમામ માહિતી સંપૂર્ણપણે જાહેર થાય તેનું મહત્ત્વ ઘણું છે. તેથી રાજ્યો માહિતીના અધિકારનો કાયદો કરવા માટે વિચારી શકે છે અને તેને માટે રાજસ્થાન જેવાં રાજ્યોમાં આવા જે કાયદા ઘડાયા છે તેમને આધાર બનાવી શકે છે.

(૧૯) પંચાયતો માટે માહિતી ટેક્નોલોજી અને સંચાર ક્ષમતા વર્ધન માટે અગત્યનાં સાધનો છે એ સર્વસ્વીકૃત બાબત છે. તેના થકી તેઓ બંધારણીય અને કાનૂની રીતે તેમને સોંપાયેલાં કાર્યો - ખાસ કરીને નિર્ણયો લેવા, માહિતીની જાહેરાત, સેવાઓ પૂરી પાડવી, આંતરિક સંચાલન અને ક્ષમતા વર્ધન - વધુ સારી રીતે કરી શકે છે.

(૨૦) પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓના અને કર્મચારીઓનાં તાલીમ અને ક્ષમતા વર્ધન માટે પદ્ધતિસરનો અભિગમ અપનાવવો જોઈએ. તેમાં સીધી ક્ષેત્રીય સ્તરની તાલીમ અને માહિતી ટેક્નોલોજીના ઉપયોગની જરૂર છે. તેમાં લઘુતમ ચાવીરૂપ અભ્યાસક્રમ હોવો જોઈએ કે જે તમામ રાજ્યોમાં એકસમાન હોય અને સ્થાનિક સંદર્ભો સાથે મેળ ખાનારો હોય.

## સ્થાનિક સ્તરના પ્રયાસો

### (૧) સત્તાસોંપણી

ગોળમેજી પરિષદોના ઠરાવો કંઈ કોઈ સરકારી હુકમના ભાગ નથી. જો કે, તેમણે રાજ્ય સ્તરે અનેક વિધાયક પગલાં લેવા પ્રોત્સાહન આપ્યું છે. ઘણાં રાજ્યોએ પ્રવૃત્તિઓની ગણતરી કરવાનું શરૂ કર્યું છે અને પંચાયતોને વિવિધ વિષયો તબદીલ કરવાનો પ્રયાસ કર્યો છે. પશ્ચિમ બંગાળની સરકારે ત્રણેય સ્તરની પંચાયતોની જવાબદારીઓ નક્કી કરવા માટે અને તેમને કાર્યો સોંપવા માટે મુસદ્દારૂપ રૂપરેખા તૈયાર કરી છે.

ઉપરાંત, ભંડોળની ફાળવણી માટે પણ રૂપરેખા બનાવી છે. છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત જેવાં ઘણાં રાજ્યોમાં સરકાર અને બિન-સરકારી સંગઠનો કાર્યોની સોંપણી કેટલી થઈ છે તે નક્કી કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યાં છે. પંચાયતી રાજ એ રાજ્યનો વિષય છે પણ કેન્દ્રનું પંચાયતી રાજ મંત્રાલય આ કાર્ય માટે માર્ગ મોકળો કરે છે અને તેના ઉપર દેખરેખ પણ રાખે છે.

### (૨) ચૂંટણી

વિકેન્દ્રિત શાસનને મજબૂત કરવા માટે સમયસરની ચૂંટણી મહત્ત્વનો માપદંડ છે. ૭૩મા બંધારણ સુધારા હેઠળ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી યોજવાનું કામ રાજ્ય ચૂંટણી પંચને સોંપવામાં આવ્યું છે. ત્રિપુરા, પોંડીચેરી, હરિયાણા, જમ્મુ-કાશ્મીર, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને કેરળમાં આ વર્ષો દરમ્યાન ચૂંટણીઓ યોજાઈ છે. ઝારખંડમાં વડી અદાલતે ૩૦-૪-૨૦૦૪, ૩૦-૪-૨૦૦૫ અને ૧૫-૧૦-૨૦૦૫ એમ ત્રણ વાર આખરી

મુદતો આપી તેમ છતાં ચૂંટણીઓ થઈ નથી. સરકારે છેવટે ૨૬.૯.૨૦૦૫ના રોજથી પાંચ તબક્કામાં ચૂંટણી યોજવાની જાહેરાત કરી. આ વખતે ફરી એક વાર અનામત બેઠકોને પડકારતી અરજી થઈ અને ચૂંટણી પ્રક્રિયા થંભી ગઈ.

સમયસર ચૂંટણી યોજાય તે સંદર્ભમાં નાગરિક સમાજમાં જાગૃતિ વધી રહી છે અને ચિંતા પણ વધી રહી છે. કેન્દ્રનું પંચાયતી રાજ મંત્રાલય પણ ખૂબ જ ગંભીરતાપૂર્વક આ પ્રક્રિયા ઉપર ધ્યાન આપે છે. રાજ્ય સરકારોએ વધારે રાજકીય રસ લેવાની અને સમયસર, મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા માટે રાજ્ય ચૂંટણી કમિશનરને સત્તા આપવાની જરૂર છે.

ગુજરાતમાં તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી ડિસેમ્બર-૨૦૦૫માં યોજવા માટે વડી અદાલતે ચુકાદો આપ્યો, અને રાજ્ય ચૂંટણી પંચે એક જ માસના સમયમાં ચૂંટણી યોજી. ઉત્તર પ્રદેશમાં રાજ્ય ચૂંટણી પંચે સમયસર ચૂંટણી યોજવા માટે મજબૂત વલણ અપનાવ્યું. રાજ્ય ચૂંટણી પંચોએ ચૂંટણી પૂર્વેની મતદાતા જાગૃતિ ઝુંબેશ માટે નાગરિક સમાજને ટેકો પણ પૂરો પાડયો છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે અને ડમી ઉમેદવારો સામે જાગૃતિ ઊભી કરવા માટે જરૂરી વાતાવરણ સર્જવા માટે આ એક આવકારદાયક પગલું છે.

ગયે વર્ષે ઓરિસ્સાના રાજ્ય ચૂંટણી પંચે પંચાયતો અને પાલિકાના ઉમેદવારો તેમની મિલકતો જાહેર કરે તે ફરજિયાત બનાવ્યું. આમ, વિધાનસભા અને લોકસભાના ઉમેદવારો માટે જે આદેશ સર્વોચ્ચ અદાલતો આપ્યો હતો તેના સંદર્ભમાં આ નિર્ણય લેવાયો. આંધ્ર પ્રદેશ, ઉત્તરાંચલ, દિલ્લી, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં આવા આદેશોનું પાલન થઈ ચૂક્યું છે.

ઓરિસ્સાના રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી અંગેના કાયદામાં અનેક ફેરફારોનું સૂચન કર્યું છે. તેમાં ચૂંટણી ખર્ચની મર્યાદા ઓળંગતા ઉમેદવારો ગેરલાયક ઠરે અને ચૂંટણી લડવા માટે તેમના ઉપર પ્રતિબંધ મુકાય તેનો સમાવેશ પણ થાય છે. તેણે વોર્ડની અનામત બેઠકો અને તેનું સીમાંકન કરવાનું કામ પણ રાજ્ય ચૂંટણી પંચને સોંપાય તેના ઉપર પણ ભાર મૂક્યો છે. વસ્તી ગણતરી સાથે જ એ કામ થવું જોઈએ. રાજ્ય ચૂંટણી પંચો સ્થાનિક શાસનની સંસ્થાઓની રાજકીય પ્રક્રિયાને મજબૂત બનાવવા માટે જે પ્રયાસો કરી રહ્યાં છે એ એક સારી નિશાની છે.

પંચાયતોની ચૂંટણી માટે બે બાળકનું ધોરણ લાયકાત તરીકે દાખલ કરવાના સંદર્ભમાં તાજેતરનાં વર્ષોમાં ઘણો વિવાદ ઊભો થયો છે. સર્વોચ્ચ અદાલતે પણ આ અંગેના નિર્ણયોને માન્ય રાખ્યા છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશને આ નિયંત્રક જોગવાઈને એ માનવ અધિકારોનો ભંગ છે એમ કહીને ફગાવી દીધી છે.

તેણે વડા પ્રધાનને એક આવેદનપત્ર પણ સુપરત કર્યું છે. ગુજરાત સરકારે આરંભમાં આ જોગવાઈ કરી નહોતી પણ આ વર્ષે તે દાખલ કરવાનું વિચાર્યું હતું. પણ જો કે, તે પછીથી માંડી વાળ્યું. હિમાચલ પ્રદેશે ૧૬-૨-૨૦૦૫ના રોજ આ જોગવાઈ પાછી ખેંચી લીધી છે.

કર્ણાટક સરકારે બે બાળકો વિશેના ધોરણ માટેની ચૂંટણી પંચની દરખાસ્ત ફગાવી દીધી છે. મધ્ય પ્રદેશે પણ આ જોગવાઈ રદ કરી છે. દિલ્લીની સંસ્થા 'સામા' દ્વારા કરાયેલા અભ્યાસ અનુસાર દલિત અને મહિલા પ્રતિનિધિઓ પર આ જોગવાઈની વિપરીત અસર થાય છે.

એવી અપેક્ષા રહે છે કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં નાગરિકોની ભાગીદારી ખૂબ વધારે રહે. કર્ણાટકમાં પ્રથમ તબક્કામાં ૭૦ ટકા મતદારોએ મતદાન કર્યું અને બીજા તબક્કામાં ૭૩ ટકા મતદારોએ મતદાન કર્યું. બીજાં અનેક રાજ્યોમાં મતદાન ૭૨થી ૮૦ ટકાની વચ્ચે રહ્યું છે.

પંચાયતમાં અધ્યક્ષના હોદ્દા માટે ચૂંટણી લડવામાં લોકોને ખૂબ રસ હોય છે પણ વોર્ડ બેઠકોની ચૂંટણી લડવામાં એટલો રસ હોતો નથી. 'ઉન્નતિ'એ રાજસ્થાનમાં જોધપુર જિલ્લાની ૭૫ પંચાયતોની ચૂંટણી વિશે અભ્યાસ કર્યો. આ ચૂંટણી તાજેતરમાં જ ત્રીજી મુદત માટે યોજાઇ હતી. આ અભ્યાસે એમ દર્શાવ્યું કે ૫૦ ટકા બેઠક માટે ૪થી ૭ ઉમેદવારો હતા અને સભ્યોની ૨૦૧૫ બેઠકો માટે ૪૬૭૦ ઉમેદવારો હતા. આ હકીકત એમ દર્શાવે છે કે વોર્ડ સભ્યના હોદ્દા માટે લોકોને ઓછો રસ હોય છે.

પંચાયતોમાં ચૂંટણી જ ના તાય તે માટે પ્રોત્સાહન આપવામાં પણ રસ વધી રહ્યો છે. એનો અર્થ એ છે કે પંચાયતોમાંના પ્રતિનિધિઓ સર્વસંમતિથી નક્કી થાય. પંજાબ સરકાર એવી પંચાયતોને ૧ લાખ રૂ.નું ઈનામ આપે છે, ગુજરાત સરકારે પણ સમરસ પંચાયત તરીકે ઓળખાતી એવી પંચાયતો માટે રોકડ ઈનામ જાહેર કરેલું છે.

એ સમજવાની જરૂર છે કે સર્વસંમતિ ઊભી કરવાની પ્રક્રિયામાં ઘણાં સીમાન્ત જૂથોના અવાજો ન સંભળાય અને એ પ્રક્રિયામાં લોકશાહીના સિદ્ધાંતોનું બલિદાન આપવામાં આવે. પંચાયતી રાજના કાનૂન ક્ષેત્ર વિશેની એક વિમર્શ સભામાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો ત્યારે

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ શ્રી સિંહાએ એમ જણાવ્યું કે આવી જોગવાઈને અદાલતમાં પડકારી શકાય નહિ. રાજ્ય સરકારોએ અને ચૂંટણી પંચે લોકશાહી સિદ્ધાંતોને સમજવાની અને તદનુસાર વર્તવાની જરૂર છે.

### (૩) અનામત

૭૩મા અને ૭૪મા બંધારણ સુધારામાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને મહિલાઓ માટે બેઠકોમાં અને હોદ્દાઓમાં અનામતની જોગવાઈ કરવામાં આવી છે કે જેથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં નવું નેતૃત્વ આવે. બિહારમાં પંચાયત કાનૂનમાં હોદ્દાઓ માટે આવી અનામતની જોગવાઈ કરવામાં આવી નથી. બંધારણીય સુધારાઓની આ જોગવાઈએ તકવંચિત વર્ગોના લોકોને નેતૃત્વની ભૂમિકા અદા કરવા સક્ષમ બનાવ્યા છે.

હરિયાણાના મેવાત જિલ્લામાં નીમખેડા પંચાયત અને મહારાષ્ટ્રમાં કે મદુરાઈ જિલ્લામાં પાપાપત્તી, કીરીપત્તી, નત્તરમંગલમ અને કોટ્ટાકચીયાંડલ પંચાયતો જેવાં બીજા ઘણાં સ્થળોએ ઉચ્ચ જ્ઞાતિઓના લોકો દલિતોને તેમની ઉમેદવારી નોંધાવા દેતા ન હોય એવા કિસ્સા પણ બન્યા છે.

કીરીપત્તી પંચાયતમાં ઉચ્ચ જ્ઞાતિઓના કઠપૂતળી જેવા ઉમેદવારની સામે જે લોકોએ પી. પુંગાલી નામના ઉમેદવારને મત આપ્યા એ દલિત લોકોનો સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો છે. તામિલનાડુ સરકારે તાજેતરમાં જ ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલા સરપંચોનાં રાજીનામાં નહિ સ્વીકારવાનો નિર્ણય લીધો છે. પંચાયત પ્રધાને આ બાબત વિશે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને તેમણે કહ્યું છે કે આ ગેરબંધારણીય છે અને તે માનવ અધિકારોનો ભંગ કરે છે.

ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓની સામાજિક સ્વીકૃતિ પણ ભારે ચિંતાનો વિષય છે. ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓની જાતીય સતામણી અને તેમના પર આચરાતી હિંસાના જાહેર કિસ્સા વધી રહ્યા છે કે જેથી તેઓ લોકોના ભલા માટેનાં પગલાં ન ભરે.

રાજસ્થાનમાં ટોંક જિલ્લામાં દેવલી ગ્રામ પંચાયતનાં મહિલા સભ્ય સોસોરદેવી રાયગરને તાલુકા પંચાયતની તાજેતરમાં યોજાયેલી ચૂંટણી દરમ્યાન જાહેરમાં નિર્વસ્ત્ર કરી દેવામાં આવી હતી. આ કૃત્ય ગામના જ તાકતવર લોકોએ કર્યું હતું. આવી ઘટનાઓ રોજેરોજ પુનરાવર્તન પામે છે. જેમણે હિંમતભર્યાં પગલાં લીધાં છે એવી મહિલા સરપંચો સામે અવિશ્વાસની દરખાસ્તો આવે એવું વ્યાપકપણે બન્યું છે. રાજસ્થાનમાં સવાઈ માધોપુર જિલ્લામાં પાંચ વર્ષની બીજી મુદત દરમ્યાન લગભગ તમામ મહિલા સરપંચો સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.

આવી અવિશ્વાસની દરખાસ્તોની સંખ્યા વધી ગઈ તેથી રાજસ્થાન સરકારે ચૂંટણી પછીનાં બે વર્ષના ગાળા દરમ્યાન અવિશ્વાસની દરખાસ્ત સરપંચ સામે ના આવી શકે એવી ખાસ જોગવાઈ કરી. દલિતો અને મહિલાઓની કાનૂની રીતની રાજકીય સહભાગિતા ઊભી થાય એ મોટી ચિંતાનો મુદ્દો છે અને તેને પ્રત્યે તત્કાળ ધ્યાન આપવાની જરૂર છે.

### (૪) ચૂંટાયેલા પ્રતિનિધિઓની સલામતી

જાહેર સ્થળોએ વ્યક્તિઓની સલામતી એ ચિંતાનો મુદ્દો છે. પંચાયતોના પ્રતિનિધિઓ માટે પણ એ એટલો જ અગત્યનો મુદ્દો છે અને તેના પ્રત્યે બહુ ઓછું ધ્યાન આપવામાં આવે છે. સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની જિંદગીની અસલામતી વધતી હોય એવા કિસ્સા વધી રહ્યા છે.

આંધ્ર પ્રદેશ અને છત્તીસગઢ જેવાં રાજ્યોમાં નકસલવાદીઓ તરફથી જાનની ધમકીઓ મળે છે. આંધ્ર પ્રદેશમાં અનંતપુર જિલ્લામાં કોંડાપુરના અને વારાંગલ જિલ્લાના કંતાથમકુરમાં સરપંચોને નકસલવાદીઓએ ૧૧ એપ્રિલ અને ૧૯ એપ્રિલ, ૨૦૦૫ના રોજ ઠાર માર્યા હતા. આ અંતિમવાદીઓએ ૧૦ જુલાઈ, ૨૦૦૫ના રોજ કડપ્પા જિલ્લાના માધવરમ ગામના સરપંચને એમ કહીને ઠાર માર્યા હતા કે તેઓ પોલિસના બાતમીદાર હતા.

છત્તીસગઢમાં બસ્તર જિલ્લામાં ૧૩-૬-૨૦૦૫ના રોજ નકસલવાદીઓએ તાલુકા પંચાયતના સભ્ય વિજય ગિરિને ઠાર માર્યા. કારણ કે તેમણે નકસલવાદીઓ સામે ઝુંબેશ ચલાવી હોવાનું કહેવાતું હતું. અનંતપુર જિલ્લામાં જિલ્લા પંચાયતના સભ્યોએ નકસલવાદીઓની ધમકીઓને લીધે રાજીનામાં આપી દીધાં. દેશના અન્ય ભાગોમાં પણ પંચાયતોની જિંદગી સામે ખતરો ઊભો થયો હોય એવા બનાવો બન્યા છે. ટેન્ડરની ફાળવણી, બોરવેલના સ્થળ અને એવા બીજા મુદ્દાઓ અંગે સંઘર્ષ થાય છે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપર હુમલા થવાનું એ કારણ હોય છે. ઓરિસ્સા સરકારે નકસલવાદગ્રસ્ત વિસ્તારોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની સલામતી માટે વ્યવસ્થા ઊભી કરી છે.

### (૫) ઉત્તરદાયિત્વ અને પારદર્શિતા

કેરળ અને રાજસ્થાનનો એવાં થોડાંક રાજ્યોમાં સમાવેશ થાય છે કે જ્યાં પંચાયતી રાજના કાયદામાં પારદર્શિતાની જોગવાઈ કરવામાં આવી છે. જો કે, કેન્દ્ર સરકારે માહિતીના અધિકારનો કાયદો કર્યો

છે અને કેટલીક રાજ્ય સરકારોએ આવા જ કાયદા કર્યા છે અને તેથી ભારતે દુનિયામાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે, કદાચ ભારત ૨૨મી સદીમાં પહોંચ્યું છે.

સ્થાનિક સ્તરની શાસન સંસ્થાઓને મજબૂત કરવા માટે વિવિધ રાજ્ય સરકારોએ ઘણાં મહત્ત્વનાં પગલાં ભર્યાં છે. ઓરિસ્સા પંચાયતી રાજ ધારામાં સુધારો કરીને સરપંચને સસ્પેન્ડ કરવાની સત્તા કલેક્ટર પાસેથી લઈ લેવામાં આવી છે. કલેક્ટર માત્ર સસ્પેન્શનની ભલામણ જ રાજ્ય સરકારને હવે કરી શકે છે.

કેરળના પંચાયત ધારામાં એવો સુધારો કરવાનું આયોજન છે કે જેથી પંચાયતના સભ્યો માટે વર્ષમાં ચાર વાર ગ્રામ સભા બોલવવાનું ફરજિયાત બનશે. હિમાચલ પ્રદેશમાં તા.૧૬.૨.૨૦૦૫ના રોજ પ્રધાનમંડળે જો પંચાયત સભ્યોની કામગીરી યોગ્ય ના જણાય તો તેમને પાછા બોલાવવાની સત્તા મતદારોને આપી છે. રાજસ્થાન સરકારે ૨૬મી જાન્યુઆરી, પહેલી મે, ૧૫મી ઓગસ્ટ અને બીજી ઓક્ટોબર એમ ચાર તારીખો ગ્રામ સભા માટે નક્કી કરી નાખી હતી. હવે તેણે એ નક્કી કરવાનું બંધ કરી દીધું છે. આવો નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો કે તાલુકા વિકાસ અધિકારી અને તલાટીઓ એક જ તારીખે અનેક ગ્રામ સભાઓમાં હાજરી આપી શકતા નહોતા.

કર્ણાટક સરકારે ‘પંચાયત જમાબંધી કાર્યક્રમ’ પારદર્શિતા લાવવા માટે શરૂ કર્યો છે. આ કાર્યક્રમ હેઠળ પંચાયતનાં કાર્યો વિશે ગ્રામ સભામાં પૂછપરછ થઈ શકે છે કે જેથી પંચાયત વિશે પારદર્શિતા ઊભી થાય. આ કાર્યક્રમમાં વહીવટી તંત્ર લોકોની ફરિયાદો સાંભળે છે. આવો જ કાર્યક્રમ ‘પ્રશાસન ગાંવ કે સંગ’ નામે રાજસ્થાનમાં શરૂ કરવામાં આવ્યો છે. તેમાં સ્થળ પર જ લોકોના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવે છે.

## વહીવટી અને નાણાકીય વિકેન્દ્રીકરણ

સ્થાનિક સંસ્થાઓની અસરકારકતા વધારવા માટે વહીવટી અને નાણાકીય વિકેન્દ્રીકરણ એક અગત્યનો પ્રશ્ન છે. તેના થકી સ્થાનિક સંસ્થાઓ વધારે કાર્યક્ષમ રીતે જાહેર સેવાઓ પૂરી પાડી શકે છે. પોતાના પંચાયત ધારાઓ બનાવતી વખતે રાજ્યોએ ૧૧મી અનુસૂચિમાં પંચાયતોનાં જે ૨૯ કાર્યો આપવામાં આવ્યાં છે તેમની જ યાદીનો પંચાયતો એ કાર્યો કેવી રીતે કરશે તેને ઝાઝું વિચાર્યા વિના જ પુનરુચ્ચાર કરવામાં આવ્યો છે.

એવું કહેવાનું સહેજ પણ અતિશયોક્તિભર્યું નથી કે રાજ્યો પંચાયતો ઉપર વધારે પડતો અંકુશ ધરાવે છે. પંચાયતી રાજની સંસ્થાઓ રાજ્ય સરકારોની એજન્ટ તરીકે જ મોટે ભાગે કામ કરે છે. કોલકાતા ખાતે જે પ્રથમ પરિષદ મળી તેણે આ મુદ્દો ઘણી રાજ્ય સરકારો સમક્ષ ઉપસ્થિત કર્યો હતો.

તમામ રાજ્ય સરકારોએ કાર્યો, કર્મચારીઓ અને નાણાં વ્યવસ્થાના સંદર્ભમાં કેટલા પ્રમાણમાં સત્તાની સોંપણી પંચાયતોને કરી છે તેનું પ્રવૃત્તિ માપન શરૂ કર્યું છે. મણિપુરની રાજ્ય સરકારે ૧૦ ખાતાં જિલ્લા પંચાયતોને તેમના કર્મચારીઓ સહિત સોંપ્યાં છે. અરુણાચલ પ્રદેશના પંચાયતી રાજ પ્રધાને વિધાનસભાને એવી માહિતી આપી કે ૧૦ વિષયો પંચાયતોને સોંપવામાં આવે છે. કર્ણાટક સરકારે વિશ્વ બેંક્ના ટેકાથી રાજ્ય નાણાં પંચના ભાગ તરીકે ‘રાજકોષીય વિકેન્દ્રીકરણ વિશ્લેષણ એકમ’ સ્થાપવાની દરખાસ્ત વિચારી છે.

### (૧) નવા કાર્યક્રમોમાં પંચાયતોની સામેલગીરી

તાજેતરમાં જ શરૂ કરાયેલાં કેટલાંક સરકારી કાર્યક્રમો અને યોજનાઓમાં અમલમાં કેન્દ્ર સ્થાને પંચાયતી રાજની સંસ્થાઓ રાખવામાં આવી છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારો કાર્યક્રમના અમલ માટે કેન્દ્રમાં પંચાયતને મૂકવાની જોગવાઈ કરે છે. એ જ રીતે ખરાબા જમીન વિકાસ કાર્યક્રમ (હરિયાળી યોજના)માં અમલમાં પંચાયતોને પ્રાથમિકતા આપવામાં આવી છે. પશ્ચિમ બંગાળ સરકારે ગ્રામીણ હોસ્પિટલોને આધુનિક બનાવવા માટે પંચાયતોને ૧૦૦ કરોડ રૂ.ની ફાળવણી કરી છે.

આ કામ અગાઉ જાહેર બાંધકામ ખાતું કરતું હતું. ગોવાની સરકારે ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા જે આવક ઊભી થાય તેના ૯૦ ટકા જેટલી રકમ તે એ જ વિસ્તારની ગ્રામ પંચાયતોને અનુદાન તરીકે આપવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવી છે. ઓરિસ્સામાં તમામ રાજકીય પક્ષોના વિધાનસભ્યોએ વિધાનસભામાં ‘કામ સાટે અનાજ’ કાર્યક્રમનો અમલ પંચાયતો મારફતે થાય તેવી માગણી કરી છે. આ કાર્યક્રમનો અમલ કોન્ટ્રેક્ટરો દ્વારા કરાય છે અને તેમાં થતા ભ્રષ્ટાચારને ટાળવા આ ભલામણ કરવામાં આવી. ઓરિસ્સાની સરકારે ‘અંત્યોદય અન્ન યોજના’ અને ‘અન્નપૂર્ણા અન્ન સલામતી યોજના’નો અમલ પંચાયતો મારફતે કરવાનો નિર્ણય પણ કર્યો છે. ગુજરાતમાં અન્ન અને નાગરિક પુરવઠા સચિવે એવી માહિતી આપી છે કે વાજબી ભાવની દુકાનો પંચાયતો અને અન્ય સંગઠનો ચલાવી શકે છે કે જેથી લોકોને અનાજ મેળવવામાં સરળતા રહે અને ભ્રષ્ટાચાર દૂર થાય.

### (૨) ડીઆરડીએનું જોડાણ

‘જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થા’ (ડિસ્ટ્રિક્ટ રુરલ ડેવલપમેન્ટ એજન્સી)

ગ્રામ વિકાસ માટેના મોટા ભાગના કાર્યક્રમોનો અમલ કરે છે. તે હજુ પણ વહીવટી સંસ્થાઓ સાથે જ જોડાયેલી છે. રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને બીજાં કેટલાંક રાજ્યો સિવાય તે બીજે ક્યાંય જિલ્લા પંચાયતોને હસ્તક કરવામાં આવી નથી. ગ્રામ વિકાસ પ્રધાન શ્રી રઘુવંશ પ્રસાદે તા.૩૦-૧૧-૨૦૦૪ના રોજ એમ કહ્યું હતું કે 'જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થા'ઓને સમેટી લેવાની કોઈ યોજના નથી.

તેમણે એવો દાવો કર્યો કે 'જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થા'ઓનાં નાણાં પંચાયતોને ૧૫ દિવસમાં મળી જાય છે. 'કેગ'નો અહેવાલ એમ જણાવે છે કે કર્ણાટકમાં ૧૯૯૭-૨૦૦૦ દરમ્યાન જિલ્લા પંચાયતોને મળતા અનુદાનમાંથી ત્રીજા ભાગનું અનુદાન તેમને નાણાકીય વર્ષના છેલ્લા માસ દરમ્યાન મળે છે અને લગભગ ૨૦ ટકા જેટલું અનુદાન તો નાણાકીય વર્ષના છેલ્લા દિવસે અપાય છે. 'કેગ'નો અહેવાલ એમ કહે છે કે જિલ્લા પંચાયતના મુખ્ય હિસાબી અધિકારી ખર્ચ અને અહેવાલ લેખન ઉપર પૂરતો અંકુશ ધરાવવા માટે શક્તિમાન નથી. આ પ્રકારની પ્રક્રિયાથી તાલુકા અને ગ્રામ પંચાયતોને સમયસર નાણાં મળતાં નથી.

### (૩) આપત્તિ સંચાલન

આપત્તિ સંચાલનના સંદર્ભમાં પંચાયતોને કોઈ સ્પષ્ટ સત્તાઓ અને જવાબદારીઓ સોંપવામાં આવ્યાં નથી. એ વાતની યાદ અપાવવી જરૂરી છે કે ભૂતકાળમાં આપત્તિની પરિસ્થિતિમાં યોગ્ય પ્રતિભાવ નહીં આપવા બદલ જિલ્લા કલેક્ટરોની બદલીઓ કરવામાં આવી હતી. એ વાત પણ યાદ રાખવા જેવી છે કે ૧૯૭૮માં પશ્ચિમ બંગાળમાં પૂર આવ્યું ત્યારે પંચાયતો નવી જ ચૂંટાયેલી હતી પણ તેમ છતાં તેમણે રાહત વિતરણમાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

આંદામાન જિલ્લા પંચાયતના સભ્યોએ સુનામીના અસરગ્રસ્તોને યોગ્ય રાહત નહોતી અપાઈ એ મુદ્દે સાગમટે રાજીનામાં આપવાની ધમકી આપી હતી. આવાં ઉદાહરણો છતાં આપત્તિ સંચાલનની આપણી વ્યવસ્થાઓમાં ઔપચારિક રીતે પંચાયતોને સામેલ કરવામાં આવતી નથી.

ગુજરાતમાં ભૂકંપ બાદ પુનર્વસનની પ્રક્રિયામાં ગ્રામ સભાનો ઉલ્લેખ તે અંગેની નીતિમાં કરવામાં આવ્યો છે ખરો પણ તેના આયોજન અને નીતિના ઘડતરમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે ઔપચારિક વાતચીત કરવામાં સરકાર ઊણી ઊતરી હતી. સુનામી પછી તા.૨૯.૧.૨૦૦૫ના રોજ ચેન્નઈ ખાતે યુએનડીપીના સહયોગ સાથે આઈએસએસ દ્વારા એક બેઠકનું આયોજન કરાયું હતું. તેમાં સ્થાનિક સંસ્થાઓની સામેલગીરી ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમાં નીચે મુજબની ભલામણો ઉપસી આવી હતી:

(૧) પંચાયત સ્તરે આપત્તિ સંચાલનની યોજના ઘડાવી જોઈએ. સરકારે પંચાયતો સાથેના સહયોગમાં એક પુનર્વસન નીતિ ઘડવી જોઈએ કે જે અસરગ્રસ્ત લોકોની નિશ્ચિત જરૂરિયાતોને ધ્યાનમાં લે.

(૨) પંચાયત સ્તરે અને પાલિકા સ્તરે આપત્તિ સંચાલન માટેની સ્વયંસેવકોની એક ટુકડીની રચના થવી જોઈએ.

(૩) સ્થાનિક સંસ્થાઓએ ટેક્નોલોજી, ખર્ચ, સ્થળ, માળખાગત સવલતો વગેરેની પસંદગી અને આયોજન અંગેના નિર્ણયોમાં ગ્રામ સભાને સામેલ કરવાની જરૂર છે.

(૪) પુનર્વસનની પ્રક્રિયામાં ટેક્નોલોજી, ખર્ચ, સ્થળ, માળખાગત સવલતો વગેરેની પસંદગી અને આયોજન અંગેના નિર્ણયોમાં ગ્રામ સભાને સામેલ કરવાની જરૂર છે.

(૫) મહિલાઓ અને બાળકો માટે વિશેષ યોજનાઓ તૈયાર કરાવી જોઈએ.

(૬) આપત્તિ સંચાલન વિશે સ્થાનિત સંસ્થાઓનું ક્ષમતાવર્ધન થવું જોઈએ.

### (૪) પંચાયતની કેડર

પંચાયતો માટે અધિકારીઓની અને તકનિકી કેડર ઊભી કરવામાં આવે તો વિકેન્દ્રિત આયોજન માટે તે સ્વાયત્તતા ઊભી કરે. જેઓ ડેપ્યુટેશન પર આવે છે એવા અધિકારીઓ તેમના મૂળ ખાતા તરફ વફાદાર હોય છે કારણ કે કેડર ઉપર નિયંત્રણ રાખવાનું કામ ખાતાકીય સ્તરે થતું હોય છે.

ગુજરાત સરકારે પંચાયતી રાજ કેડરની સ્થાપના કરી છે પરંતુ પંચાયતો તેની પાસે સ્વાયત્ત કેડર ધરાવતી નથી. કર્ણાટક સરકારે પંચાયતી રાજ સંસ્થાઓની કાર્યક્ષમતા વધારવા માટે પંચાયતો માટે વહીવટી અને ટેકનિકલ સ્ટાફની કેડર ઊભી કરવાનું વિચાર્યું છે. તે લોકાયુક્ત સ્તર જેવી જ લોકપાલની વ્યવસ્થા જિલ્લા પંચાયત માટે કરવાનું વિચારે છે.

### (૫) રાજ્ય નાણાં પંચ

સ્થાનિક સંસ્થાઓની નાણાકીય વ્યવસ્થાને મજબૂત કરવા માટે રાજ્યોએ ફરજિયાતપણે રાજ્ય નાણાં પંચોની અને જિલ્લા આયોજન સમિતિઓની રચના કરવાની હોય છે. જો કે, આ ક્ષેત્ર પાછળ રહી ગયું હોય એમ લાગે છે. ૧૨મા નાણાં પંચે કહ્યું છે કે કેન્દ્ર સરકાર અનુદાન આપે પછી તે સ્થાનિક સંસ્થાઓને તબદીલ કરવામાં ૧૫ દિવસથી વધારે

સમય ના લેવો જોઈએ. જો કે, આ પ્રક્રિયા પાંચ વર્ષની મુદતમાં પણ પૂરી થઈ નથી. અનેક કિસ્સામાં પંચાયતી રાજ મંત્રાલયે આ બાબતને સમર્થન આપ્યું છે.

૧૨મા નાણાં પંચે તેના અહેવાલમાં એમ નોંધ્યું છે કે રાજ્ય નાણાં પંચોએ પાણી પુરવઠો, સફાઈ અને નિભાવ તથા કામગીરીને પ્રાધાન્ય આપવું જોઈએ. ઘણા લાંબા સમયથી સ્થાનિક શહેરી અને ગ્રામીણ સંસ્થાઓની આ માંગ રહી છે. પંચાયતો અને પાલિકાઓને વધુ નાણા આપવાની જરૂરિયાત નાણાં પંચ સમજ્યું છે. ૧૨મા નાણાં પંચે ૨૦૦૫-૨૦૧૦ના ગાળા માટે પંચાયતો માટે રૂ. ૨૦૦૦૦ કરોડ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે રૂ. ૫૦૦૦ કરોડની ભલામણ કરી છે.

તે એમ કહે છે કે, “રાજ્ય નાણાં પંચો રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓની નાણાકીય વ્યવસ્થાનું વિશ્લેષણ કરશે અને રાજ્ય નાણાં પંચો ઔતિહાસિક વલણોને આધારે આગાહી કરવાને બદલે આવક અને ખર્ચ અંગે ધોરણાત્મક અભિગમ અપનાવશે. માથાદીઠ ખર્ચનાં ધોરણો કેટલીક શ્રેષ્ઠ પાલિકાઓ અને પંચાયતો દ્વારા થયેલા સરેરાશ ખર્ચને ધોરણે મહત્ત્વની સેવાઓની જોગવાઈ માટે ઊભાં કરવાં જોઈએ.”

### (૬) ઈ-લિંકેજ

કેન્દ્રના પંચાયતી રાજ મંત્રાલયે રાષ્ટ્રીય પંચાયતી રાજ પોર્ટલ શરૂ કરવાનું આયોજન કર્યું છે. દેશની તમામ ૨.૪ લાખ પંચાયતોને સાંકળવામાં આવશે. તેમાં ૧૦૦૦ કરોડ રૂ.નો ખર્ચ થશે. પંચાયતી રાજ મંત્રાલય, નાણાં મંત્રાલય અને આયોજન પંચ સંયુક્ત રીતે આ ખર્ચ ઉઠાવશે. લગભગ રૂ. ૭૦ કરોડનો ખર્ચ તાલીમ માટે પણ કરવામાં આવશે.

છતીસગઢમાં તમામ ૧૪૬ જનપદ પંચાયતો અને ૧૬ જિલ્લા પંચાયતોમાં ઈ-કોમ્યુનિકેશન (વીજાણુ સંચાર) વ્યવસ્થા શરૂ કરાઈ છે. કેન્દ્રના નાણાં પંચે આરંભમાં રૂ. ૧૧ કરોડ તેને માટે પૂરા પાડ્યા છે. એનઆઈસી તેમાં થયેલી પ્રગતિ ઉપર દેખરેખ રાખશે.

એ જ રીતે, ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક (જીએસડબલ્યુએન-જીસ્વાન) એ તમામ ૨૫ જિલ્લા પંચાયતો અને ૨૨૫ તાલુકા પંચાયતોને વીજાણુ સંપર્ક પૂરો પાડ્યો છે. કેટલીક પંચાયતોએ વીજાણુ સંપર્ક વ્યવસ્થા ઊભી કરવા માટે જાતે જ પ્રયાસો કર્યા છે. અન્ય રાજ્યોમાં પણ જિલ્લા અને તાલુકા સ્તરે વીજાણુ સંપર્ક ઊભો કરવાના પ્રયાસો શરૂ થયા છે.

## પંચાયતોની અસરકારકતા

રાજ્યે રાજ્યે પરિસ્થિતિ જુદી જુદી છે તેથી પંચાયતોની કામગીરીનું કોઈ મૂલ્યાંકન કરવાનું મુશ્કેલ છે. જો કે, એક સામાન્ય ચિત્ર મેળવવા માટે કેટલાંક નોંધપાત્ર કાર્યો અને કેટલાંક પશ્ચાદ્‌ગામી પગલાંઓ જણાવી શકાય તેમ છે.

નોબેલ શાંતિ ઈનામ માટે જે ૧૦૦૦ મહિલાઓની ઉમેદવારી નોંધાવવામાં આવી તેમાં બિહારના મધુબની જિલ્લાની લાખનોર તાલુકા પંચાયતની સભ્ય તિલિયાદેવીનો પણ સમાવેશ થતો હતો. તેમણે મુશાર સમુદાયની જે ૧૫૬ એકર જમીન ઉચ્ચ જ્ઞાતિઓના લોકોએ પચાવી પાડી હતી તે છોડાવી છે. તિલિયાદેવી પોતે મુશાર સમુદાયનાં છે, છ બાળકોનાં માતા છે, અને દલિતોના પ્રશ્નો હાથ ધરવા બદલ તેમના પતિએ તેમને ત્યજી દીધાં છે. પિતૃસત્તાક અને સામંતશાહી વ્યવસ્થાઓ સામે તો આવી અનેક તિલિયાદેવી લડી રહી છે અને સામાજિક ન્યાય તથા મહિલા ન્યાય માટે ઉદાહરણીય કાર્યો કરી રહી છે.

પુણે પાસેની ખડકવાસલા ગ્રામ પંચાયતે રોજેરોજ પારદર્શિતા અપનાવી છે. સરપંચ વિજય મહાદેવ ખોળે કહે છે કે જ્યારથી પારદર્શિતા અપનાવવામાં આવી છે ત્યારથી વિશ્વસનીયતા વધી છે. પંચાયતો દ્વારા બહુ પારદર્શિતા અપનાવવામાં આવતી નથી. માહિતી અધિકાર ધારો આવવાથી પંચાયતો તે સ્વૈચ્છિક રીતે અને વારંવાર અપનાવશે એમ લાગે છે.

અમદાવાદ જિલ્લામાં કુંકા ગ્રામ પંચાયતમાં છેલ્લાં નવ વર્ષથી તમામ સંઘર્ષોનું નિવારણ ગામમાં જ કરવામાં આવે છે અને પોલિસમાં કોઈ કેસ નોંધાવવામાં આવતો નથી. ડીજીપીએ આ સમુદાય-આધારિત ન્યાય પદ્ધતિ અપનાવવા બદલ સરપંચ સુશ્રી શારદાબહેન પટેલનું સન્માન કર્યું હતું. અદાલતોમાં કેસો વધી રહ્યા છે ત્યારે જો પંચાયતો ન્યાય આપવાની બાબતમાં સામેલ થાય તો એ એક વિધાયક બાબત છે. ગોરખપુર જિલ્લામાં તારખુલી ગામમાં પંચાયતે એવો ચુકાદો આપ્યો કે બળાત્કારનો ભોગ બનેલી યુવતી ગુનેગારને પરણશે. આવી ઘટનાઓ પંચાયતોની વિશ્વસનીયતા વિશે પણ સવાલો પેદા કરે છે.

પંચાયતોની વિશ્વસનીયતા અને ક્ષમતા ઊભી કરવા માટે જયપુર ખાતેની સાતમી ગોળમેજી પરિષદમાં વિચારણા થઈ હતી. તે અગાઉ ‘હંગર પ્રોજેક્ટ’ દ્વારા બે વિમર્શ સભાઓ યોજાઈ હતી. તાજેતરનાં

**શેષ પૃષ્ઠ ૧૨ પર**

# આપત્તિ સંચાલન ખરડો અને સ્થાનિક સરકારો

ભારતની સંસદમાં આપત્તિ સંચાલન ખરડો તાજેતરમાં જ રજૂ થયો છે. આ ખરડામાં આપત્તિ સંચાલન માટેની સ્થાનિક અને રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓની રચના માટેની જોગવાઈઓ કરવામાં આવી છે. પરંતુ તેમાં પંચાયતો અને પાલિકાઓ જેવી સ્થાનિક સ્વશાસનની અગત્યની સંસ્થાઓની ભૂમિકાને નજરઅંદાજ કરાઈ છે. દિલ્લીના બિન-સરકારી સંગઠન 'પ્રિયા' **શ્રી મનોજ રાય** આ લેખમાં ખરડાની અગત્યની જોગવાઈઓ અને તેમાં આ સંદર્ભમાં જરૂરી ફેરફારોની ચર્ચા કરે છે.

## પ્રસ્તાવના

ભારતમાં પૂર, વાવાઝોડું, દુકાળ, ભૂંકપ, સુનામી જેવી કુદરતી આપત્તિઓ અવારનવાર વિવિધ વિસ્તારોમાં ત્રાટકે છે. આવી આપત્તિઓના પ્રતિરોધ માટે અને તેમની અસરોને શક્ય તેટલી લઘુતમ બનાવવા માટે સંસ્થાકીય પગલાં ભરાય તે જરૂરી છે. ભારત સરકારે સંસદમાં આ માટે પંચાયતો અને પાલિકાઓને સ્થાનિક સ્તરની અને ત્રીજા સ્તરની સરકાર બનાવતા બે સુધારા - ૭૩મો અને ૭૪મો બંધારણીય સુધારો - કર્યા તે પછી ૧૩ વર્ષે આવેલા આ ખરડામાં આ સ્થાનિક સરકારોની સક્રિય ભૂમિકાને અવગણવામાં આવી છે. તેથી આ સૂચિત ખરડામાં કેટલાક અગત્યના ફેરફારોની જરૂર છે. આ ફેરફારો પંચાયતો અને પાલિકાઓને આપત્તિ સંચાલનમાં અગત્યની ભૂમિકા સોંપવાના ક્ષેત્રમાં થવા જોઈએ.

## આપત્તિ સંચાલન ખરડાની કેટલીક જોગવાઈઓ

આપત્તિ સંચાલન ખરડો - ૨૦૦૫માં જે કેટલીક અગત્યની જોગવાઈઓ કરવામાં આવી છે તે નીચે મુજબ છેઃ

(૧) રાષ્ટ્રીય આપત્તિ સંચાલન સત્તામંડળની રચના વડા પ્રધાનના અધ્યક્ષપદે થાય, રાષ્ટ્રીય સલાહકાર સમિતિ તેને સલાહ આપે અને રાષ્ટ્રીય કારોબારી સમિતિ તેને મદદ કરે.

(૨) રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળની રચના મુખ્ય પ્રધાનના અધ્યક્ષપદે થાય, રાજ્ય સલાહકાર સમિતિ તેને સલાહ આપે અને રાજ્યની કારોબારી સમિતિ તેને મદદ કરે.

(૩) જિલ્લા આપત્તિ સંચાલન સત્તામંડળની રચના જિલ્લા મેજિસ્ટ્રેટના અધ્યક્ષપદે થાય, સલાહકાર સમિતિ તેને સલાહ આપે અને જિલ્લા આપત્તિ યોજના સત્તામંડળ તૈયાર કરે અને અમલ કરે.

જિલ્લા સત્તામંડળના આદેશોને અધીન રહીને સ્થાનિક સત્તામંડળ -

(૧) આપત્તિ સંચાલન માટે તેના અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ અપાય તે જોશે.

(૨) આપત્તિ સંચાલન સાથે સંબંધિત સંસાધનોની જાળવણી એ રીતે થાય કે જેથી આપત્તિના કોઈ ખતરા સમયે કે ખરેખર આપત્તિ સમયે તે આસાનીથી ઉપલબ્ધ બને તે જોશે.

(૩) પોતાના હેઠળ અને પોતાના કાર્યક્ષેત્રમાં જે બાંધકામ થતું હોય તે તમામ રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સત્તામંડળો દ્વારા આપત્તિના પ્રતિરોધ અને નિવારણ માટે નક્કી કરાયેલાં ધોરણો અનુસાર જ થાય તે જોશે.

(૪) રાજ્યની યોજના અને જિલ્લા યોજના અનુસાર અસરગ્રસ્ત વિસ્તારમાં રાહત, પુનર્વસન અને પુનર્બાંધકામની પ્રવૃત્તિઓ હાથ ધરશે.

જિલ્લા સત્તામંડળ આપત્તિ સંચાલન માટે તેને જરૂરી લાગે તેવાં તમામ પગલાં ભરશે.

## ફેરફારની જરૂર

ભારત સરકારની 'નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ' (એનઆઈડીએમ) અને 'પ્રિયા' દ્વારા તા.૨૧.૧૧.૨૦૦૫ના રોજ નવી દિલ્લી ખાતે એક રાષ્ટ્રીય કાર્યશાળા યોજવામાં આવી હતી. આયોજન પંચના સભ્ય ડૉ. સઈદા એસ. હમીદે કાર્યશાળાનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. કાર્યશાળામાં બિહાર, ગુજરાત, ઓરિસ્સા, કેરળ, તામિલનાડુ અને જમ્મુ-કાશ્મીરના પ્રતિનિધિઓએ પૂર, વાવાઝોડું, ભૂંકપ અને સુનામીના સંચાલનમાં પંચાયતોએ ભજવેલી ભૂમિકા વિશેના અનુભવોની વાત કરી હતી. આ કાર્યશાળામાં સૂચિત ખરડામાં શા ફેરફારો થવા જોઈએ તેને વિશે થયેલી ચર્ચાને આધારે જે ફેરફારો કરવા પર સર્વસંમતિ સધાઈ હતી તે નીચે મુજબ છેઃ

**(૧) વ્યાખ્યામાં ફેરફાર**

બંધારણના ભાગ-૯ અને ભાગ-૯એમાં પંચાયતી રાજ સંસ્થાઓ અને નગરપાલિકાઓની વ્યાખ્યા સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે આપવામાં આવી છે. જો કે, આપત્તિ સંચાલન ખરડો તેના પ્રકરણ-૧માં તેમને સ્થાનિક સત્તામંડળોમાંના એક સત્તામંડળ તરીકે ઓળખાવે છે. સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ તરીકે આ ખરડામાં તેમને યોગ્ય માન અપાવું જોઈએ. આપત્તિની કોઈ

### બંધારણ સુધારા અને આપત્તિ સંચાલન ખરડો
### ૭૩મો અને ૭૪મો બંધારણ સુધારો

૧. પંચાયતો અને પાલિકાઓને સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ ગણાવામાં આવી છે.
૨. સ્થાનિક સરકારો સ્થાનિક આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે કામ કરે.
૩. જિલ્લા આયોજન સમિતિ જિલ્લાની યોજનાનો મુસદ્દો તૈયાર કરે.
૪. આ સુધારા ધારા અગાઉના તમામ ધારાઓની ઉપર રહે.

### આપત્તિ સંચાલન ખરડો

૧. પંચાયતો અને પાલિકાઓને અન્ય સ્થાનિક સત્તામંડળો કે સંસ્થાઓની સમકક્ષ ગણવામાં આવી છે.
૨. કલેક્ટર અને તેના સલાહકારો આપત્તિ સંચાલન યોજનાનું સંકલન કરે અને તેનો અમલ કરે.
૩. જિલ્લા સત્તામંડળ જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓ સાથે વિચાર-વિમર્શ કરીને યોજના તૈયાર કરે.
૪. આ ધારાની જોગવાઈઓ લાગુ પડે.

પણ સ્થિતિમાં વિવિધ રાજ્યોમાંથી પંચાયતો અને પાલિકાઓના જે અનુભવો મળ્યા છે તેમાંથી તેમની અગત્યની ભૂમિકા છતી થાય છે. સૌ પ્રથમ તેમણે જ આપત્તિ સામે એક સંસ્થા તરીકે પ્રતિભાવ આપ્યો હતો.

**(૨) પ્રમાણસરનું પ્રતિનિધિત્વ**

ખરડાના પ્રકરણ-૪માં જિલ્લા આપત્તિ સંચાલન સત્તામંડળની જોગવાઈ કરવામાં આવી છે. તેમાં માત્ર જિલ્લા કક્ષાના અધિકારીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં પંચાયતો, પાલિકાઓ અને બિન-સરકારી સંગઠનોનું પ્રમાણસરનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ.

**(૩) સિદ્ધાંત બધે સરખો**

રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરનાં આપત્તિ સંચાલન સત્તામંડળોના અધ્યક્ષ અનુક્રમે વડા પ્રધાન અને મુખ્ય પ્રધાન હોય છે. એ જ સિદ્ધાંતને લાગુ પાડીને જિલ્લા આપત્તિ સંચાલન સત્તામંડળમાં જિલ્લા પંચાયતના પ્રમુખ અધ્યક્ષ હોવા જોઈએ. જ્યારે આ ખરડામાં કલેક્ટરને જિલ્લા આપત્તિ સંચાલન સત્તામંડળના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

### આપત્તિ સંચાલનના અત્યાર સુધીના અનુભવો

- સ્થળો ખાલી કરાવવાં, બચત અને રાહત કાર્યમાં સમુદાય અને પંચાયતો તથા પાલિકાઓ જેવી તેમની સંસ્થાઓ આગળ આવે છે.
- વડા પ્રધાન, મુખ્ય પ્રધાન કે જિલ્લા મેજિસ્ટ્રેટ જેવા ઉચ્ચ કક્ષાના સત્તાધારીઓ પછી અસરગ્રસ્તોની નિયતિ પોતાના હાથમાં લઈ લે છે. સમુદાય માત્ર લાભાર્થી બની જાય છે.
- સ્થાનિક સરકારોને જો કોઈ ભૂમિકા આપવામાં આવે તો તેમને સરકારી ખાતાંઓના હુકમોનો અમલ જ કરવાનો હોય છે.
- ઉપરથી નીચેનો અભિગમ અપનાવવામાં આવે છે અને ઘણી વાર 'વધુ પડતી રાહત'ની સમસ્યા પણ ઊભી થાય છે.
- જ્ઞાનનો અભાવ છે, પદ્ધતિઓ અને વ્યવહારો ઉપયોગી હોય એવું જરૂરી નથી.
- મુખ્ય હિતધારકોની સૌથી નજીકની સંસ્થાઓને છેવાડે જ રહેવાની ફરજ પાડવામાં આવે છે.

**(૪) યોજનામાં સહભાગિતા**

ખરડાના પ્રકરણ-૫માં જિલ્લા આપત્તિ સંચાલન યોજનાની જોગવાઈ કરવામાં આવી છે. તે સહભાગિતાના ધોરણે તૈયાર થવી જોઈએ અને તે પંચાયતો અને પાલિકાઓ દ્વારા તૈયાર થવી જોઈએ. આપત્તિ સંચાલનની આયોજનની આ પ્રક્રિયા પંચાયત અને પાલિકા સ્તરે થવી જોઈએ. જિલ્લા આપત્તિ સંચાલન સત્તામંડળ (ડીડીએમએ)એ જિલ્લા આયોજન સમિતિને આ યોજના બનાવવામાં મદદ કરે. જિલ્લા આયોજન સમિતિની રચના બંધારણની કલમ-૨૪૩ઝેડડી અન્વયે થાય છે.

**(૫) અસરકારક અને સ્પષ્ટ ભૂમિકા**

પંચાયતો અને પાલિકાઓને નીચેની બાબતોમાં અસરકારક અને સ્પષ્ટ ભૂમિકાઓ સોંપવી જોઈએ અને તે માટે ખરડાના પ્રકરણ-૬માં જોગવાઈ થવી જોઈએ:

(૧) આપત્તિના પ્રતિરોધ અને નિવારણ માટેનું આયોજન.
(૨) લોકો અને વિસ્તારની બાબતમાં અસહાયતાની આકારણી.
(૩) નુકસાનની આકારણી.
(૪) પુનર્વસનનું પેકેજ ઘડવું અને લાભાર્થીઓની ઓળખ.
(૫) માહિતીનો પ્રચાર-પ્રસાર અને જ્ઞાનમાં વૃદ્ધિ.
(૬) પુનર્વસન અને પુનર્બાંધકામનો અમલ અને તેના પર દેખરેખ.

**(૬) માર્ગો અને સાધનો**

આપત્તિના પ્રતિરોધ, નિવારણ અને સંચાલન માટે ક્ષમતાવર્ધન કરવાના માર્ગો અને સાધનો વિશે ખરડામાં ફોડ પાડવો જોઈએ. પંચાયતો અને પાલિકાઓના ક્ષમતાવર્ધન માટે પ્રાપ્ય માનવ

સંસાધનો અને નાણાકીય સંસાધનો નક્કી કરવાં જોઈએ. એસઆઈઆરડી, એટીઆઈ, અન્ય સરકારી સંસ્થાઓ અને બિન-સરકારી સંગઠનોના સહિયારા પ્રયાસથી તેમને પ્રોત્સાહન મળવું જોઈએ.

(૭) **મહિલાઓ અને બાળકોની જરૂરિયાતો**
એમ પણ જણાયું છે કે આ ખરડામાં મહિલાઓ અને બાળકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નિશ્ચિત પગલાં જણાવાયાં નથી. ખરેખર તો આપત્તિઓ સમયે તેઓ સૌથી વધારે અસહાય હોય છે.

## ઉપસંહાર

આપત્તિ સંચાલન ખરડાની જોગવાઈઓ જોતાં અને ઉપરોક્ત સૂચનો જોતાં એમ જણાય છે કે આ ખરડામાં નીચેની બાબતોનો જો સમાવેશ થશે તો આપત્તિ સંચાલનમાં સ્થાનિક સરકારો વધારે સારી ભૂમિકા ભજવી શકશેઃ (૧) જિલ્લા આપત્તિ સંચાલન સત્તામંડળના અધ્યક્ષપદે જિલ્લા પંચાયતના પ્રમુખ હોવા જોઈએ. (૨) સ્થાનિક સરકારોની આયોજનની પ્રક્રિયા સાથે આપત્તિ યોજનાનું સંકલન થાય અને એ રીતે નીચેથી ઉપરના આયોજનની પદ્ધતિ અપનાવવામાં આવે. (૩) જિલ્લા સત્તામંડળ કે આપત્તિ સંચાલન માટેના અધિકારીઓ ગ્રામ સભા અને વોર્ડ પ્રત્યે ઉત્તરદાયી બને અને તેમનાં કાર્યો અંગે પારદર્શિતા આવે. (૪) સ્થાનિક સરકારોને સશક્ત બનાવવામાં આવે અને તે માટે સ્થાનિક નેતાઓની સ્પષ્ટ ભૂમિકા અંકાય તથા તે ભૂમિકા અદા કરવા માટેનાં સંસાધનો અંગે પણ સ્પષ્ટતા થાય. (૫) જ્ઞાન વર્ધન અને કૌશલ્ય વર્ધન માટે સ્થાનિક સરકારોની ક્ષમતા વધારવી.

## પૃષ્ઠ ૯નું શેષ

વર્ષોમાં નાગરિક સમાજનાં સંગઠનોએ ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ખાસ કરીને મહિલા સભ્યોને તાલીમ આપવાનું અને તેમનું નેટવર્ક ઊભું કરવાનું શરૂ કર્યું છે. હંગર પ્રોજેક્ટ, પ્રિયા, આઈએમએસ વગેરે જેવી સંસ્થાઓએ રાજ્યવાર ક્ષમતા વર્ધનના કાર્યક્રમો એક ઝુંબેશ તરીકે લાંબા ગાળા સુધી ચલાવ્યા છે. કેરળમાં સહભાગી ગ્રામીણ આયોજન એ એક સીમાચિહ્નરૂપ દરમ્યાનગીરી છે અને તે વ્યાપકપણે જાણીતી બની છે. રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની તાલીમ તે માટેની તાલીમબદ્ધ ટુકડી અને મેન્યુએલ દ્વારા હાથ ધરાઈ છે. રાજસ્થાનમાં ત્રણેય સ્તરની પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે વ્યાપક તાલીમ કાર્યક્રમ યોજ્યો હતો. તેમાં સરકારી ખાતાંઓ અને નાગરિક સમાજનાં સંગઠનો સામેલ થયાં હતાં. મધ્ય પ્રદેશમાં આ જ પ્રકારની પ્રક્રિયા માટેનું આયોજન થઈ રહ્યું છે.

સતત ક્ષમતા વર્ધન થતું રહે તે માટે રાજસ્થાન સરકાર તાલુકામાં પંચાયત સંદર્ભ કેન્દ્ર (પીઆરસી) સ્થાપવાનું વિચારી રહી છે. આ પંચાયત સંદર્ભ કેન્દ્રો ચલાવવા માટેની કાર્યવાહી નાગરિક સમાજનાં સંગઠનોના અનુભવોને આધારે ઘડાઈ છે. વિશ્વ બેંકના સહયોગથી ચાલતો ડીપીઆઈપી કાર્યક્રમ ૪૮ તાલુકાઓમાં શરૂ થયો છે. રાજસ્થાન સરકારે ચાલુ વર્ષે ૧૦૦ પંચાયત સંદર્ભ કેન્દ્રો સ્થાપવાનું નક્કી કર્યું છે. ઘણાં રાજ્યોમાં સેટકોમ દ્વારા પણ તાલીમ શરૂ થઈ છે. ગુજરાત સરકારે સેટકોમમાં તાલીમ મોડ્યુલ વિકસાવવા માટેનો પ્રયાસ કર્યો છે. તે 'રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાન'(એસઆઈઆરડી) દ્વારા થયો છે. રાજસ્થાન સરકાર એસઆઈઆરડીમાં સેટકોમ સ્ટુડિયો સ્થાપવાનું આયોજન કરી રહી છે. ભારતમાં યુએનડીપી (સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ)એ વિકેન્દ્રીકરણના સામુદાયિક વ્યવહારો વિશે માહિતી-જ્ઞાનની આપલે કરવા માટે 'સોલ્યુશન એક્સચેન્જ' નામે એક વેબ-આધારિત વ્યવસ્થા ઊભી કરી છે. તેમાં સરકાર, બિન-સરકારી સંગઠનો, સંશોધકો અને વિદ્વાનો એમ વિવિધ દૃષ્ટિકોણના લોકો એકત્રિત થાય છે. તેમની વચ્ચેની આ પ્રકારની વાતચીત વિકેન્દ્રીકરણને મજબૂત બનાવવા માટેના નવતર પ્રયાસોને પ્રોત્સાહન મળે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ખાસ કરીને જિલ્લા અને તાલુકા સ્તરે ચૂંટાયેલી મહિલાઓનાં સંગઠનો કે મહામંડળો ઊભાં કરવામાં નાગરિક સમાજનાં સંગઠનો પ્રયાસ કરી રહ્યાં છે કે જેથી સ્થાનિક સ્તરે અસરકારક શાસન ઊભું થાય અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સશક્ત બને. દા.ત. કર્ણાટકમાં 'મહિલા માહિતી અને સંસાધન કેન્દ્ર', કેરળમાં 'સખી', આંધ્ર પ્રદેશમાં 'લોકસત્તા', તામિલનાડુમાં 'ગાંધી ગ્રામ ઈન્સ્ટિટ્યુટ', રાજસ્થાનમાં 'હંગર પ્રોજેક્ટ' આ પ્રકારનાં મહામંડળો બને તે માટે પ્રોત્સાહનો આપી રહ્યાં છે. એમ જણાવવામાં આવે છે કે મહિલા પ્રતિનિધિ મહામંડળ મુખ્ય પ્રધાન, સંસદ સભ્યો, ધારાસભ્યો અને મહત્ત્વનાં ખાતાંઓના સચિવો સાથે દર ત્રણ મહિને મીટિંગો યોજે છે. આ જ પ્રકારની બેઠકો જિલ્લા સ્તરે યોજાય તે માટે પણ સરકારે એક હુકમ જારી કર્યો છે.

ગયા વર્ષ દરમ્યાન વિકેન્દ્રીકરણની પ્રક્રિયાએ નૂતન વેગ પકડ્યો છે. નાગરિક સમાજનાં સંગઠનો અને સરકાર વચ્ચે પંચાયતોને મજબૂત બનાવવા માટે આ સંવાદ ઊભો થયો છે. અનેક પ્રોત્સાહક નિયમો અને નીતિઓ ઘડાયાં છે. એ સમજવાની જરૂર છે કે વર્તમાન સામાજિક વ્યવસ્થાએ સત્તાની વહેંચણીને સંપૂર્ણપણે સ્વીકારી છે. ખાસ કરીને મહિલાઓ અને દલિતોના નેતૃત્વના સંદર્ભમાં આ પ્રશ્ન મહત્ત્વનો છે. સત્તાની સોંપણીની સફળતા માટે માત્ર સરકારના નહિ, પણ સામાજિક પરિવર્તન અને સુધાર માટેનાં નાગરિક સમાજનાં સંગઠનોની પણ આવશ્યક્તા છે અને લોકતાંત્રિક અધિકારો તથા સામાજિક ન્યાયના સિદ્ધાંતોને જાળવવા માટેની પણ જરૂર છે.

# માહિતી અધિકાર ધારોઃ સરળ શબ્દોમાં

સંસદે જુન-૨૦૦૫માં માહિતીના અધિકાર ધારો પ્રસાર કર્યો હતો. આ કાયદાનો અમલ ઓક્ટોબર-૨૦૦૫માં શરૂ થયો છે. લોકશાહીમાં દરેક નાગરિક માહિતીની સ્વતંત્રતા ધરાવે તો જ અન્ય સ્વતંત્રતાઓ ધરાવી શકે છે અને તેથી ભારતના લોકશાહી ઈતિહાસમાં આ કાયદો એક નવું જ પ્રકરણ ઉમેરે છે. અહીં આ કાયદાને પ્રશ્નોત્તર સ્વરૂપે સરળ શબ્દોમાં રજૂ કરાયો છે.

**પ્રશ્ન–૧ઃ તે ક્યારે અમલમાં આવ્યો?**

તે ૧૨-૧૦-૨૦૦૫ના રોજ અમલમાં આવ્યો છે. સંસદે તેને ૧૫-૬-૨૦૦૫ના રોજ પસાર કર્યો હતો. કેટલીક જોગવાઈઓ તત્કાળ અમલમાં આવી છે. જેમ કે, જાહેર સત્તાવાળાઓની ફરજો (કલમ-૪(૧), જાહેર માહિતી, અધિકારીઓ અને સહાયક જાહેર માહિતી અધિકારીઓની નિમણૂક (કલમ-૫(૧) અને કલમ-૫(૨)), કેન્દ્રીય માહિતી પંચની રચના (કલમ-૧૨ અને કલમ-૧૩), રાજ્ય માહિતી પંચની રચના (કલમ-૧૫ અને કલમ-૧૬), ગુપ્તચર અને સલામતી સંગઠનોને ધારો લાગુ ના પડે (કલમ-૨૪) અને ધારાની જોગવાઈઓના અમલ માટે નિયમો બનાવવાની સત્તા (કલમ-૨૭ અને કલમ-૨૮).

**પ્રશ્ન–૨ઃ કોને આવરી લેવાયા છે?**

જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતને.

**પ્રશ્ન–૩ઃ માહિતી એટલે શું?**

માહિતીનો અર્થ છે કોઈ પણ સામગ્રી. તેમાં નોંધો, દસ્તાવેજો, મેમો, ઈ-મેલ, અભિપ્રાયો, સલાહો, અખબારી નિવેદનો, પરિપત્રો, હુકમો, લોગબૂક, કરારો, અહેવાલો, કાગળો, નમૂના, મોડેલ, કોઈ પણ વીજાણુ સ્વરૂપે ધરાવેલી માહિતી અને કોઈ પણ ખાનગી સંસ્થા સંબંધી માહિતીનો સમાવેશ થાય છે. જાહેર સત્તાવાળા જે માહિતી ખાનગી સંસ્થા પાસેથી કોઈ પણ કાયદા હેઠળ માગી શકે તે માહિતીનો અહીં સમાવેશ થાય છે. પણ તેમાં ફાઈલ પરની નોંધોનો સમાવેશ થતો નથી. (કલમ-૨(એફ))

**પ્રશ્ન–૪ઃ માહિતીના અધિકારનો અર્થ શો છે?**

તેમાં નીચેની બાબતોના અધિકારોનો સમાવેશ થાય છેઃ

૧. કામો, દસ્તાવેજો અને નોંધોનું નિરીક્ષણ.

૨. દસ્તાવેજો કે નોંધોની નોંધ, સારાંશ કે પ્રમાણિત નકલો મેળવવી.

૩. સામગ્રીના પ્રમાણિત નમૂના મેળવવા.

૪. પ્રિન્ટ-આઉટ, ડિસ્ક, ફ્લોપી, ટેપ, વિડિયો કેસેટ કે બીજી કોઈ પણ વીજાણુ રીતે કે પ્રિન્ટ આઉટથી માહિતી મેળવવી. (કલમ-૨(જે))

**પ્રશ્ન–૫ઃ કેન્દ્ર અને રાજ્ય સરકારોની ભૂમિકા શું છે?**

૧. લોકો માટે અને ખાસ કરીને લાભવંચિત સમુદાયો માટે માહિતીના હક વિશે શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવવા.

૨. આવા કાર્યક્રમો વિકસાવવા અને યોજવા માટે તેમાં ભાગીદાર થવા જાહેર સત્તાવાળાઓને પ્રોત્સાહન આપવું.

૩. લોકોને સાચી માહિતી સમયસર મળે તેને પ્રોત્સાહન આપવું.

૪. અધિકારીઓને તાલીમ આપવી અને તાલીમની સામગ્રી વિકસાવવી.

૫. જે તે સત્તાવાર ભાષામાં લોકો માટે ગ્રાહક માર્ગદર્શિકા તૈયાર કરવી અને તેનો પ્રચાર-પ્રસાર કરવો.

૬. જાહેર માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દો, ટપાલનું સરનામું અને સંપર્કની વિગતો વગેરે તથા લેવામાં આવતી ફી અને જો વિનંતી ના સ્વીકારાય તો કાયદા હેઠળના ઉપાયો વગેરે જેવી વિગતો પ્રકાશિત કરવી. (કલમ-૨૬)

**પ્રશ્ન–૬ઃ નિયમો બનાવવાની સત્તા કોની પાસે છે?**

કલમ-૨(ઈ)માં જણાવાયા અનુસાર કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સક્ષમ સત્તાવાળા પાસે આ ધારાની જોગવાઈઓનો અમલ કરવા માટેના નિયમો બનાવવાની સત્તા છે. (કલમ-૨૭ અને કલમ-૨૮)

**પ્રશ્ન–૭ઃ ધારાના અમલમાં નડતી મુસીબતો નિવારવાની સત્તા કોની પાસે છે?**

જો ધારાની જોગવાઈઓના અમલમાં કોઈ મુસીબત ઊભી થાય તો સત્તાવાર ગેઝેટમાં હુકમ પ્રકાશિત કરીને મુસીબત નિવારવા માટે જરૂરી જોગવાઈઓ કરી શકાય છે. (કલમ-૩૦)

**પ્રશ્ન–૮ઃ કેન્દ્રીય માહિતી પંચની રચના કેવી રીતે થાય?**

૧. કેન્દ્ર સરકાર કેન્દ્રીય માહિતી પંચની રચના કરશે. તે માટે ગેઝેટમાં જાહેરનામું બહાર પાડશે.

૨. આ પંચમાં મુખ્ય માહિતી કમિશનર અને ૧૦થી વધુ નહિ તેટલા માહિતી કમિશનરો હશો. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે.

૩. પ્રથમ અનુસૂચિમાં જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિ તેમને હોદ્દાના શપથ લેવડાવશે.
૪. પંચનું વડું મથક દિલ્લીમાં રહેશે. કેન્દ્ર સરકારની મંજૂરીથી દેશના જુદા જુદા ભાગોમાં અન્ય કચેરીઓ સ્થપાશે.
૫. કોઈ પણ સત્તામંડળના આદેશોને અધીન થયા વિના પંચ પોતાની સત્તાઓનો ઉપયોગ કરશે. (કલમ-૧૨)

**પ્રશ્ન–૯: પંચમાં નિમણૂક માટે લાયકાતનો માપદંડ અને તેની કાર્યવાહી શાં છે?**

૧. જાહેર જીવનમાં તેઓ અગ્રણી વ્યક્તિ હોવી જોઈએ. કાયદો, વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક સેવા, સંચાલન, પત્રકારત્વ, જન માધ્યમો કે વહીવટ અને શાસન ક્ષેત્રે તેમનાં જ્ઞાન અને અનુભવ વ્યાપક હોવાં જોઈએ.
૨. તેઓ કોઈ વિધાનસભા કે સંસદના સભ્ય નહિ હોય. તેઓ કોઈ વળતરજન્ય હોદ્દો ધરાવતા નહિ હોય અને કોઈ રાજકીય પક્ષ સાથે સંકળાયેલા નહિ હોય કે કોઈ ધંધો કે વ્યવસાય ન કરતા હોય.
૩. નિમણૂક સમિતિમાં વડા પ્રધાન, લોકસભામાં વિપક્ષી નેતા અને વડા પ્રધાન દ્વારા નક્કી થાય તે એક કેબિનેટ પ્રધાન હશે.

**પ્રશ્ન–૧૦: મુખ્ય માહિતી કમિશનરના હોદ્દાની મુદત અને સેવાની અન્ય શરતો શાં છે?**

૧. મુખ્ય માહિતી કમિશનરની નિમણૂક પાંચ વર્ષની મુદત માટે થશે. તેઓ હોદ્દો ધારણ કરે તે તારીખથી મુદત ગણાય અથવા તેઓ ૬૫ વર્ષની વયના થાય ત્યાં સુધી તેઓ હોદ્દા પર રહે.
૨. મુખ્ય માહિતી કમિશનરની ફરીથી નિમણૂક ના થાય.
૩. મુખ્ય ચૂંટણી કમિશનર જેટલો જ પગાર તમને મળે. તેમની મુદત દરમ્યાન તેમાં ફેરફાર ના કરી શકાય. (કલમ-૧૩)

**પ્રશ્ન–૧૧: માહિતી કમિશનરોના હોદ્દાની મુદત અને સેવાની અન્ય શરતો શાં છે?**

૧. માહિતી કમિશનરની નિમણૂક પાંચ વર્ષની મુદત માટે થશે. તેઓ હોદ્દો ધારણ કરે તે તારીખથી મુદત ગણાય. અથવા તેઓ ૬૫ વર્ષની વયના થાય ત્યાં સુધી તેઓ હોદ્દા પર રહે. તેમની ફરીથી નિમણૂક ના થાય.
૨. ચૂંટણી કમિશનર જેટલો જ પગાર તેમને મળે. તેમની મુદત દરમ્યાન તેમાં ફેરફાર ના કરી શકાય.
૩. માહિતી કમિશનર મુખ્ય માહિતી કમિશનર બની શકે છે. પરંતુ તેમની માહિતી કમિશનર તરીકેની મુદત સહિત કુલ પાંચ વર્ષની મુદત માટે તેઓ હોદ્દા પર રહેશે. (કલમ-૧૩)

**પ્રશ્ન–૧૨: રાજ્ય માહિતી પંચની રચના કેવી રીતે થાય?**

૧. રાજ્ય સરકાર રાજ્ય માહિતી પંચની રચના કરશે. તે માટે ગેઝેટમાં જાહેરનામું બહાર પાડશે. આ માહિતી પંચમાં મુખ્ય માહિતી કમિશનર અને ૧૦થી વધુ નહિ તેટલા માહિતી કમિશનરો હશે. તેમની નિમણૂક રાજ્યપાલ કરશે.
૨. પ્રથમ અનુસૂચિમાં જણાવ્યા અનુસાર રાજ્યપાલ તેમને હોદ્દાના શપથ લેવડાવશે.
૩. રાજ્ય માહિતી પંચનું વડું મથક રાજ્ય સરકાર નક્કી કરે તે સ્થળે રહેશે. રાજ્ય સરકારની મંજૂરીથી રાજ્યના જુદા જુદા ભાગોમાં અન્ય કચેરીઓ સ્થપાશે.
૪. કોઈ પણ સત્તામંડળના આદેશોને અધીન થયા વિના પંચ પોતાની સત્તાઓનો ઉપયોગ કરશે.

**પ્રશ્ન–૧૩: પંચમાં નિમણૂક માટે લાયકાતનો માપદંડ અને તેની કાર્યવાહી શાં છે?**

૧. નિમણૂક સમિતિના વડા મુખ્ય પ્રધાન હશે. અન્ય રાજ્યોમાં વિધાનસભાઓનાં વિપક્ષી નેતા અને મુખ્ય પ્રધાન નક્કી કરે તે કેબિનેટ પ્રધાનનો સમાવેશ થશે.
૨. રાજ્યના મુખ્ય માહિતી કમિશનર અને અન્ય કમિશનરોની લાયકાત કેન્દ્રીય કમિશનરો જેવી જ રહેશે.
૩. રાજ્યના મુખ્ય માહિતી કમિશનરોનો પગાર ચૂંટણી કમિશનર જેટલો રહેશે અને અન્ય કમિશનરોનો પગાર રાજ્ય સરકારના મુખ્ય સચિવ જેટલો રહેશે. (કલમ-૧૫)

**પ્રશ્ન–૧૪: માહિતી પંચોની સત્તાઓ અને કાર્યો કયાં છે?**

૧. કેન્દ્રીય અને રાજ્ય માહિતી પંચ નીચેની કોઈ પણ વ્યક્તિ પાસેથી ફરિયાદ પ્રાપ્ત કરે એ તેમની ફરજ છે -
(ક) જાહેર માહિતી અધિકારીની નિમણૂક નથી થઈ તેથી જે વ્યકિત માહિતી મેળવવા માટેની વિનંતી કરી શકી નથી.
(ખ) જે માહિતી માટે વિનંતી કરવામાં આવી છે તે આપવાનો જેને ઈન્કાર કરવામાં આવ્યો હોય.
(ગ) નિશ્ચિત સમય મર્યાદામાં જેને પોતાની વિનંતીનો કોઈ જવાબ મળ્યો નથી.
(ઘ) જેને એમ લાગે કે લેવામાં આવેલી ફી ગેરવાજબી છે.
(ચ) આ કાયદા હેઠળ માહિતી મેળવવા સંબંધી અન્ય બાબત.
૨. વાજબી કારણ જણાય તો તપાસનો હુકમ કરવાની સત્તા.
૩. દીવાની અદાલત જેવી સત્તાઓ કેન્દ્રીય અને રાજ્યના મુખ્ય માહિતી કમિશનરની રહેશે જેમ કે-
(ક) વ્યક્તિઓને બોલાવવી અને તેમને ફરજિયાતપણે હાજર રાખવી, તેમને સોગંધ સાથે મૌખિક કે લેખિત પુરાવા આપવાની ફરજ

પાડવી અને દસ્તાવેજો કે વસ્તુઓ રજૂ કરવા ફરજ પાડવી.

(ખ) દસ્તાવેજોને શોધવા અને ચકાસવા.

(ગ) સોંગધનામા સાથે પુરાવા મેળવવા.

(ઘ) કોઈ પણ અદાલત કે કચેરીમાંથી જાહેર દસ્તાવેજો કે નકલો મંગાવવી.

(ચ) દસ્તાવેજો કે સાક્ષીઓને તપાસવા માટે સમન્સ જારી કરવા.

(છ) બીજી કોઈ પણ બાબત.

૪. આ કાયદા દ્વારા જે દસ્તાવેજો આવરી લેવાયા છે તે તમામ દસ્તાવેજો કેન્દ્રીય અને રાજ્ય માહિતી કમિશનરને તપાસ દરમ્યાન ચકાસવા માટે સુપરત કરવાના રહેશે.

૫. જાહેર સત્તાવાળા પાસે પોતાના હુકમોનો અમલ કરાવવાની સત્તામાં નીચેનાની બાબતોનો સમાવેશ થાય છેઃ

(૧) અમુક નિશ્ચિત સ્વરૂપમાં માહિતી પૂરી પાડવી.

(૨) જ્યાં જાહેર માહિતી અધિકારી કે મદદનીશ જાહેર માહિતી અધિકારી ન હોય ત્યાં તેમની નિમણૂક કરવાનો આદેશ આપવો.

(૩) માહિતી કે વિવિધ શ્રેણીમાં માહિતીનું પ્રકાશન.

(૪) દસ્તાવેજોના સંચાલન, નિભાવ અને વિનાશ સંબંધી રીતોમાં જરૂરી ફેરફારો કરવા.

(૫) માહિતીના અધિકાર વિશે અધિકારીઓને તાલીમ આપવાની જોગવાઈ વધારવી.

(૬) આ કાયદાનું પાલન થાય ત્યારે જાહેર સત્તાવાળા પાસેથી વાર્ષિક માંગવું.

(૭) અરજદારને કોઈ હાનિ કે નુકસાન થયાં હોય તો તે માટે વળતર માગવું.

(૮) આ કાયદા હેઠળ દંડ લાદવો.

(૯) અરજી ફગાવી દેવી. (કલમ-૧૮ અને કલમ-૧૯)

### પ્રશ્ન–૧૫ઃ અહેવાલ માટેની કાર્યપદ્ધતિ શું છે?

૧. વર્ષને અંતે આ કાયદાની જોગવાઈઓના અમલ અંગે કેન્દ્રીય માહિતી પંચ કેન્દ્ર સરકારને તેનો વાર્ષિક અહેવાલ સુપરત કરશે. રાજ્ય માહિતી પંચ રાજ્ય સરકારને અહેવાલ આપશે.

૨. દરેક મંત્રાલયની એ ફરજ છે કે તે તેના જાહેર સત્તાવાળાઓ પાસેથી અહેવાલો મંગાવે અને રાજ્ય માહિતી પંચ કે કેન્દ્રીય માહિતી પંચને સુપરત કરે.

૩. દરેક અહેવાલમાં આટલી વિગતો હશેઃ

   ૧. દરેક જાહેર સત્તાવાળાને મળેલી વિનંતીઓની સંખ્યા.
   ૨. નકારવામાં આવેલી અરજીઓની સંખ્યા
   ૩. શિસ્તભંગનાં પગલાં લેવાયાં હોય તો તેની વિગતો.
   ૪. લેવામાં આવેલી ફીની રકમ વગેરે.

૪. દર વર્ષને અંતે કેન્દ્ર સરકાર કેન્દ્રીય માહિતી પંચનો અહેવાલ સંસદ સમક્ષ રજૂ કરશે. રાજ્ય સરકાર રાજ્ય માહિતી પંચનો અહેવાલ રાજ્યની વિધાનસભા સમક્ષ રજૂ કરશે. (કલમ-૨૫)

### પ્રશ્ન–૧૬ઃ માહિતી માટે વિનંતીની અરજી કરવાની કાર્યપદ્ધતિ શી છે?

૧. અગ્રેજી, હિંદી કે સત્તાવાર ભાષામાં લેખિત અરજી કરવી કે વીજાણુ પદ્ધતિએ અરજી કરવી. તે જાહેર અધિકારીને કરવી. તેમાં જેની માહિતી માગવામાં આવી છે તે દર્શાવવી.

૨. માહિતી શા માટે માગવામાં આવી છે તેનાં કારણો જણાવવાં જરૂરી નથી.

૩. ગરીબીની રેખા નીચે જીવતા ન હો તો નિર્ધારિત ફી ચૂકવો.

### પ્રશ્ન–૧૭ઃ માહિતી મેળવવા માટેની સમય મર્યાદા કઈ છે?

૧. અરજીની તારીખથી ૩૦ દિવસ.

૨. વ્યક્તિનાં જીવન અને સ્વતંત્રતા સંબંધી માહિતી માટે ૪૮ કલાક.

૩. જો અરજી મદદનીશ જાહેર માહિતી અધિકારીને આપવામાં આવી હોય તો ઉપરોક્ત સમય મર્યાદામાં ૫ દિવસ ઉમેરવા.

૪. જો કોઈ ત્રીજા પક્ષનાં હિતો સંકળાયેલાં હોય તો સમય મર્યાદા ૪૦ દિવસની રહેશે. (મહત્તમ સમય મર્યાદા જે તે પક્ષને રજૂઆત કરવા માટે અપાયેલો સમય.)

૫. નિશ્ચિત સમયમાં માહિતી ન અપાય તો માહિતી આપવાનો ઈન્કાર કરાયો છે એમ ગણાય.

### પ્રશ્ન–૧૮ઃ ફી કેટલી છે?

૧. અરજી માટેની જે ફી નક્કી કરાય તે વાજબી હોય.

૨. જો વધુ ફીની જરૂર પડે તો કેવી રીતે એ ફી નક્કી કરાઈ તેની ગણતરી લેખિતમાં જણાવવાની રહે.

૩. જાહેર માહિતી અધિકારીએ જે ફી નક્કી કરી હોય તેની સમીક્ષા માટે અરજદાર એપેલેટ સત્તાવાળાને અરજી કરી શકે છે.

૪. ગરીબી રેખા નીચે જીવતા લોકો પાસેથી ફી લેવામાં નહિ આવે.

૫. જો જાહેર માહિતી અધિકારી નિર્ધારિત સમય મર્યાદામાં માહિતી ન આપે તો અરજદારને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવી.

### પ્રશ્ન–૧૯ઃ અરજીના ઈન્કાર માટેનાં કારણો ક્યાં હોઈ શકે?

૧. જો જે માહિતીને જાહેરાતમાંથી મુક્તિ આપવામાં આવી છે તે માગવામાં આવી હોય.

૨. રાજ્ય સિવાયની વ્યક્તિના કોપીરાઈટનો તેમાં ભંગ થતો હોય.

### પ્રશ્ન–૨૦ઃ કઈ માહિતી જાહેર ના થાય?

નીચે મુજબની માહિતીને જાહેરાતમાંથી મુક્તિ આપવામાં આવી છેઃ

૧. ભારતનાં અખંડતા અને સાર્વભૌમત્વને પૂર્વગ્રહપૂર્વક અસર કરે, રાજ્યનાં સલામતી, વ્યૂહાત્મક, આર્થિક અને વૈજ્ઞાનિક હિતોને અસર કરે, રાજ્યના વિદેશો સાથેના સંબંધોને અસર કરે અથવા ગુના માટે પ્રેરે તેવી માહિતી.

૨. કોઈ અદાલત કે ટ્રિબ્યુનલ દ્વારા જે માહિતી પ્રકાશિત કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય અથવા જે માહિતીના જાહેરાત અદાલતનો તિરસ્કાર ગણાય.

૩. જે માહિતીની જાહેરાતથી સંસદ કે વિધાનગૃહના વિશેષાધિકારનો ભંગ થતો હોય.

૪. વાણિજ્યલક્ષી ખાનગી બાબતો, વ્યાપારી ગુપ્ત બાબતો કે બૌદ્ધિક મિલકત સહિતની માહિતી કે જેની જાહેરાત થવાથી ત્રીજા પક્ષની સ્પર્ધાત્મક સ્થિતિને મુકસાન પહોંચે, સિવાય કે - સક્ષમ સત્તાવાળાને એમ લાગે કે આ માહિતી જાહેર થાય તે જાહેર હિતમાં છે.

૫. વ્યક્તિને તેના ટ્રસ્ટી તરીકેના સંબંધને નાતે જે માહિતી મળે તે, - સિવાય કે, સક્ષમ સત્તાવાળાને એમ લાગે કે આ માહિતી જાહેર થાય તે જાહેર હિતમાં છે.

૬. વિદેશી સરકાર પાસેથી મળેલી ખાનગી માહિતી.

૭. કોઈ પણ વ્યક્તિના જીવન કે શારીરિક સુરક્ષાને જોખમમાં મૂકે તેવી માહિતીની જાહેરાત અથવા કાયદાના અમલ કે સલામતીના હેતુઓ માટે આપવામાં આવેલી સહાય કે માહિતીના સ્રોતની ઓળખ.

૮. ગુનેગારો સામેની તપાસ, સંશય કે ફરિયાદની કાર્યવાહીમાં અવરોધ પેદા કરે તેવી માહિતી.

૯. પ્રધાનમંડળ, સચિવો અને અન્ય અધિકારીઓની ચર્ચાઓની નોંધ સહિતના પ્રધાનમંડળના કાગળો.

૧૦. એવી માહિતી કે જે વ્યક્તિગત માહિતી હોય અને જેની જાહેરાતને કોઈ જાહેર પ્રવૃત્તિ કે હિત સાથે સંબંધ ના હોય, કે જેનાથી કોઈ વ્યક્તિની અંગત બાબતોમાં બિન-જરૂરી આક્રમણ થતું હોય.

૧૧. ઉપર જણાવવામાં આવેલી કોઈ પણ મુક્તિ છતાં, જાહેર સત્તાવાળાને એમ લાગે કે રક્ષિત હિતને હાનિ કરતાં જાહેર હિતનો લાભ વધારે છે તો તેઓ તે માહિતી મેળવવા માટે પરવાનગી આપી શકે છે.

### પ્રશ્ન-૨૧: શું માહિતીની આંશિક જાહેરાત થઈ શકે?

એવી કોઈ માહિતી કે જેને જાહેરાતમાંથી મુક્તિ આપવામાં આવી છે તે જો દસ્તાવેજનો ભાગ હોય તો અને મુક્તિ અપાયેલી માહિતીથી કોઈ ભાગ વાજબી રીતે છૂટો પડાયો હોય તો તે આપી શકાય. (કલમ-૧૦)

### પ્રશ્ન-૨૨: કોને બાકાત રખાયા છે?

બીજી અનુસૂચિમાં જણાવાયેલી કેન્દ્રીય ગુપ્તચર અને સલામતી સંસ્થાઓ. તેમાં આઈબી, રો, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ, કેન્દ્રીય આર્થિક ગુપ્તચર બ્યુરો, ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ, નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો, ખાસ શાખા (સીઆઈડી) - આંદામાન અને નિકોબાર, ગુનાશોધક શાખા - સીઆઈડી-સીબી-દાદરા અને નગર હવેલી, એવિયેશન રિસર્ચ સેન્ટર, સ્પેશ્યલ ફ્રન્ટિયર ફોર્સ, બીએસએફ, સીઆરપીએફ, આઈટીબીપી, સીઆઈએસએફ, એનએસજી, આસામ રાયફલ્સ, સ્પેશ્યલ સર્વિસ બ્યુરો અને લક્ષદ્વીપ પોલિસની વિશેષ શાખાનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારોએ જાહેરનામા દ્વારા જે સંસ્થાઓ નિર્ધારિત કરી હોય તે પણ બાકાત રહેશે. જો કે, આ બાદબાકી સંપૂર્ણ નથી અને આ સંગઠનો પણ ભ્રષ્ટાચાર અને માનવ અધિકારોના ભંગના આક્ષેપો સંબંધી માહિતી આપવા માટે ફરજબદ્ધ છે. વળી, માનવ અધિકારોના ભંગના આક્ષેપો સંબંધી માહિતી આપી શકાય પણ તે માટે બેમાંથી એકેય માહિતી પંચની મંજૂરી જરૂરી છે.

### પ્રશ્ન-૨૩: જાહેર સત્તાવાળાની ફરજો કઈ કઈ છે?

કાયદો થયાના ૧૨૦ દિવસમાં તે આ માહિતી પ્રકાશિત કરશેઃ

૧. તેનાં સંગઠન, કાર્યો અને ફરજોની વિગતો.

૨. તેના અધિકારીઓ અને કર્મચારીઓનાં સત્તાઓ અને ફરજો.

૩. તેની નિર્ણય પ્રક્રિયામાં અપનાવાતી કાર્યપદ્ધતિ. તેમાં નિરીક્ષણ અને ઉત્તરદાયિત્વના માર્ગોનો સમાવેશ થાય છે.

૪. તેમાં કાર્યો બજાવવા માટે તેના દ્વારા નક્કી કરાયેલાં ધોરણો.

૫. તેનાં કાર્યો કરવા માટે તેના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતાં નિયમો, નિયમનો, સૂચનાઓ, મેન્યુઅલ અને દસ્તાવેજો.

૬. તેના દ્વારા રખાતા કે તેના અંકુશ હેઠળના વિવિધ પ્રકારના દસ્તાવેજોનું નિવેદન.

૭. લોકો સાથે નીતિ ઘડવા કે તેના અમલ માટે વિચાર-વિમર્શ કરવા કે તેમની રજૂઆતો વિશે વિચાર-વિમર્શ કરવા જે વ્યવસ્થા અસ્તિત્વમાં હોય તેની વિગતો.

૮. તેના દ્વારા રચવામાં આવેલી બે કે તેથી વધુ વ્યક્તિઓની બનેલી સમિતિ, પરિષદ, બોર્ડ કે અન્ય સંસ્થાઓ વિશેનું નિવેદન. વધુમાં, આ સંસ્થાઓની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે નહિ અથવા એમની બેઠકોની કાર્યવાહીની નોંધ લોકોને મળે કે નહિ તેને વિશેની માહિતી.

૯. તેના અધિકારીઓ અને કર્મચારીઓની ડિરેક્ટરી.

૧૦. દરેક અધિકારી અને કર્મચારી દ્વારા મેળવાતું માસિક મળતર. તેમાં નિયમનો અનુસાર વળતર ચૂકવવાની પદ્ધતિ.

૧૧. તેની દરેક સંસ્થા માટે ફાળવવામાં આવેલું બજેટ, તમામ

યોજનાઓ, સૂચિત ખર્ચ અને ફાળવણીના અહેવાલો હોય.

૧૨. સબસિડીના કાર્યક્રમોના અમલની રીત. તેમાં ફાળવણીની રકમ, કાર્યક્રમની વિગતો અને લાભાર્થીઓનો સમાવેશ થાય.

૧૩. તેના દ્વારા આપવામાં આવતી રાહતો, પરમિટો અને સત્તા મેળવનારાની વિગતો.

૧૪. તેને પ્રાપ્ય અથવા તેની પાસેની માહિતી કે જે વીજાણુ સ્વરૂપે હોય. જાહેર ઉપયોગ માટે જો ગ્રંથાલય કે વાચનાલય તો તેમના કામના કલાકોનો સમાવેશ પણ થાય.

૧૬. જાહેર માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દા અને અન્ય વિગતો. (કલમ-૪(૧)(બી))

### પ્રશ્ન–૨૪: જાહેર સત્તાવાળા એટલે શું?

તેનો અર્થ છે સ્વ-સરકારની કોઈ પણ સંસ્થા કે સત્તામંડળ કે જેની સ્થાપના થઈ હોય કે રચના નીચેની રીતે કરવામાં આવી હોય: (કલમ-૨(એચ))

૧. બંધારણ દ્વારા કે તેના હેઠળ.

૨. સંસદના કોઈ કાયદા દ્વારા.

૩. રાજ્યની વિધાનસભાના કોઈ કાયદા દ્વારા.

૪. યોગ્ય સરકાર દ્વારા જારી કરાયેલા જાહેરનામા કે હુકમ દ્વારા. તેમાં નીચે મુજબની કોઈ પણ સંસ્થાનો સમાવેશ થાય:

૧. માલિકીની, અંકુશ હેઠળની અને ખાસ્સાં નાણાં મેળવતી સંસ્થા.

૨. યોગ્ય સરકાર દ્વારા સીધી કે આડકતરી રીતે ખાસ્સાં નાણાં મેળવતું બિન-સરકારી સંગઠન.

### પ્રશ્ન–૨૫: જાહેર માહિતી અધિકારીઓ કોણ છે?

જાહેર માહિતી અધિકારીઓ એવા અધિકારીઓ છે કે જેમની નિમણૂક જાહેર સત્તાવાળાઓ કરે છે. તે તમામ વહીવટી એકમો કે કચેરીઓમાં રહે. આ કાયદા હેઠળ માહિતી મેળવવા માટે વિનંતી કરતા નાગરિકોને માહિતી પૂરી પાડવા માટેનું કામ તેઓ કરે છે. પોતાની ફરજો યોગ્ય રીતે અદા કરવા માટે જાહેર માહિતી અધિકારી દ્વારા કોઈ અધિકારીની મદદ માગવામાં આવે તો તે તમામ સહાય પૂરી પાડશે અને આ કાયદાની જોગવાઈઓના ભંગ સબબ એ અધિકારીને જાહેર માહિતી અધિકારી (પીઆઈઓ) જ ગણવામાં આવશે.

### પ્રશ્ન–૨૬: જાહેર માહિતી અધિકારીની ફરજો કઈ કઈ છે?

૧. માહિતી માગનાર વ્યક્તિની વિનંતી તેઓ હાથ ધરશે. જ્યાં વિનંતી લેખિત સ્વરૂપે ના થઈ શકે તેમ હોય ત્યાં તેઓએ વ્યક્તિને લેખિત વિનંતી કરવા માટે વાજબી મદદ પૂરી પાડશે.

૨. જો માગવામાં આવેલી માહિતી બીજા કોઈ જાહેર સત્તાવાળા પાસે હોય અથવા તેમના કાર્ય સાથે તે ગાઢ રીતે સંકળાયેલી હોય તો તેઓ પાંચ દિવસમાં એ વિનંતી એ જાહેર સત્તાવાળાને મોકલી આપશે અને અરજદારને તરત જ જાણ કરશે.

૩. પોતાની ફરજો યોગ્ય રીતે અદા કરવા માટે તેઓ અન્ય કોઈ પણ અધિકારીની મદદ માગી શકે.

૪. માહિતી મેળવવા માટેની વિનંતી મળે પછી તેઓ શક્ય તેટલી ઝડપે અથવા વધુમાં વધુ ૩૦ દિવસમાં નક્કી કરેલી ફી લઈને માહિતી પૂરી પાડશે અથવા વિનંતી ફગાવી દેશે.

૫. કોઈ વ્યક્તિના જીવન અને સ્વતંત્રતા સંબંધી બાબતો અંગે માહિતી માગવામાં આવશે તો ૪૮ કલાકમાં તે માહિતી પૂરી પાડવાની રહેશે.

૬. જો તેઓ નિશ્ચિત સમયમાં માહિતી પૂરી પાડવા અંગે નિર્ણય ન લે તો તેમણે અરજી ફગાવી દીધેલી ગણાશે.

૭. જો વિનંતી ફગાવી દીધેલી હોય તો તેઓ માહિતી માગનારને આટલી બાબતો જણાવશે: (૧) અરજીનો ઈન્કાર કરવાનાં કારણો (૨) ઈન્કારની સામે કેટલા સમયગાળામાં અપીલ કરવી. (૩) એપેલેટ સત્તાવાળાની વિગતો.

૮. જાહેર સત્તાવાળાનાં સંસાધનો અપ્રમાણસર વપરાય નહિ અને દસ્તાવેજની જાળવણી કે સુરક્ષાને હાનિ ન પહોંચે તે ધ્યાનમાં રાખીને જાહેર માહિતી અધિકારી જે સ્વરૂપે માહિતી માગવામાં આવી હોય તે સ્વરૂપમાં પૂરી પાડે.

૯. જો આંશિકપણે માહિતી પૂરી પાડવામાં આવે તો, જાહેર માહિતી અધિકારી અરજદારને નીચેની માહિતી આપતી નોટિસ આપશે:

(ક) દસ્તાવેજના જે ભાગની માગણી કરાઈ છે તે જ પૂરી પડાય છે. જાહેરાતમાંથી જેને મુક્તિ આપવામાં આવી છે તે ભાગ અલગ પડાય છે.

(ખ) હકીકતના કોઈ સામગ્રીલક્ષી પ્રશ્ન ઉપરનાં તારણો સહિત નિર્ણય માટેનાં કારણો એ સામગ્રીના ઉલ્લેખ સાથે જણાવવાં કે જેના ઉપર તારણો આધારિત હોય.

(ગ) નિર્ણય આપનારી વ્યક્તિનું નામ અને પદ.

(ઘ) તેમના દ્વારા ગણવામાં આવેલી ફી અને અરજદારે આપવાની થતી ફી.

(ચ) જે માહિતીની જાહેરાત ન કરવાની હોય તે સંબંધી નિર્ણયની સમીક્ષા કરવાનો તેમનો અધિકાર, લેવામાં આવેલી ફી અને માહિતી પ્રાપ્તિનું સ્વરૂપ.

૧૦. ત્રીજા પક્ષ પાસેથી માહિતી માગવામાં આવે અથવા ત્રીજો પક્ષ તે માહિતી ગુપ્ત ગણાવે તો, જાહેર માહિતી અધિકારી ત્રીજા પક્ષને ૫ દિવસમાં નોટિસ આપશે.

૧૧. આવી નોટિસ મળ્યા પછી ૧૦ દિવસનો સમય ત્રીજા પક્ષને તેની રજૂઆત કરવા માટે આપવો.

# 'બ્લેન્ક નોઈઝ': વસ્ત્રો બને છે સતામણીનાં સાક્ષી

છોકરીઓની સરેઆમ થતી મશ્કરી અને છેડતી અંગે ઝુંબેશ શરૂ કરનાર એક ઊગતી કલાકારની આ કહાણી છે. એક કલાકાર સામાજિક નિસ્બત ધરાવતી બાબત વિશે કેવી રીતે એક પ્રકારનું આંદોલન ઉઠાવે છે તેની વાત આ લેખમાં કરવામાં આવી છે. જગતભરમાંથી મશ્કરી અને છેડતીનો ભોગ બનેલી છોકરીઓનાં એ પ્રસંગ સમયે પરિધાન કરેલાં વસ્ત્રો એકત્ર કરવાની ઝુંબેશ આ મહિલા કલાકારે શા માટે શરૂ કરી છે તેનું આલેખન આ લેખમાં કરવામાં આવ્યું છે.

**પ્રસ્તાવના**

બેંગલોરની સૃષ્ટિ સ્કૂલ ઓફ આર્ટ એન્ડ ડિઝાઈન ટેક્નોલોજીનાં ફાઈન આર્ટ્સનાં સ્નાતક સુશ્રી જસ્મિન પાથેજા તેમની એક પરિયોજના માટે દેશભરમાંથી જૂનાં વસ્ત્રો એકત્ર કરી રહ્યાં છે. એ અન્ય વસ્ત્રો જેવાં નથી. એ એવાં વસ્ત્રો છે કે જે સતામણીની કહાણીઓ પોતાની સાથે લઈને ચાલે છે.

પાથેજાની આ સહભાગી પરિયોજનાનું નામ છે 'બ્લેન્ક નોઈઝ'. તે રસ્તાઓ પર ખુલ્લેઆમ થતી જાતીય સતામણીના કે છેડતીના પ્રશ્ન સાથે સંબંધિત છે. તેઓ જણાવે છે કે, "હું જ્યારે મારા અભ્યાસના છેલ્લા વર્ષમાં હતી ત્યારે આ કામ એક પ્રોજેક્ટ તરીકે શરૂ થયું. આ પ્રોજેક્ટ રસ્તા પર થતી જાતીય સતામણીની વ્યક્તિગત પ્રતિક્રિયા તરીકે શરૂ થયો."

## કેફિયત તરીકે વસ્ત્રો

આ પ્રોજેક્ટનો છેલ્લો તબક્કો "શું તમે તે ઈચ્છો છો?" છે. તેને માટે પાથેજાએ લોકોને એ વસ્ત્રો મોકલવાનું જણાવ્યું છે કે જે વસ્ત્રો તેઓએ જ્યારે રસ્તા પર છેડતી થઈ કે તેમની સામે ખતરો ઊભો થયો ત્યારે પહેર્યાં હતાં. "સામાન્ય રીતે લોકો એમ માને છે કે સ્ત્રીઓ પોતે જે વસ્ત્રો પહેરે છે તેને લીધે એમ કહેવાય કે તેઓ પોતે જ એ ઈચ્છે છે. પણ હું છેડતીને વાજબી ઠરાવવા માટે આ જે કારણ અપાય છે તેનો જ સામનો કરવા માંગું છું.

વસ્ત્રો કેફિયતના પુરાવાનું સ્વરૂપ ધારણ કરશે કે જે આવા બનાવોનાં સાક્ષી બન્યાં છે. જ્યારે દુનિયાના જુદા જુદા ભાગોનાં વસ્ત્રો એક સાથે મુકાશે ત્યારે એ પ્રશ્ન ફરી એક વાર પુછાશે. આ એક સતત ચાલતો પ્રોજેક્ટ છે અને હું હજુ પણ વસ્ત્રોની રાહ જોઈ રહી છું" - એમ તેઓ કહે છે.

જેમ જેમ છોકરી મોટી થતી જાય છે તેમ તેમ જગતને તેની ઓળખ ઉમદા રીતે નથી થતી પણ જંગલી રીતે થાય છે. તેને એવી ખબર પડે છે કે ગયા વર્ષના ઉનાળાનાં ફ્રોક નાનાં પડે છે તેથી તે મોટી થઈ છે એવું નથી, પણ ભરચક બસમાં તેની સામે તાકી તાકીને જોવામાં આવે ત્યારે તેને ખબર પડે છે કે તે મોટી થઈ ગઈ છે.

આ એક એવી કાચી ઉંમર છે કે જ્યારે તેને કામવાસના એટલે શું તેની કંઈ જ ખબર પડતી નથી, અથવા તો વિકૃત દિમાગનો માણસ તે જ્યારે ચાલે છે ત્યારે શું જુએ છે અને તેમાં તેને શો આનંદ આવે છે તેની પણ તેને સમજણ પડતી નથી. કદાચ, દુનિયામાં કોઈ સ્ત્રીને તેની ખબર પડતી નથી.

રસ્તાઓ છડેચોક પર જાતીય સતામણી થાય છે. સામાન્ય રીતે તેને છેડતી તરીકે ઓળખવામાં આવે છે. અને જસ્મિન પાથેજા તેનો જોરદાર મુકાબલો કરવા માંગે છે. પાથેજા જ્યારે ૧૯ વર્ષની હતી ત્યારે તે કોલકાતાથી બેંગલોર આવી. "હું જ્યારે જ્યારે ઘરની બહાર નીકળું ત્યારે ત્યારે મને જાતીય સતામણીનો ખતરો લાગે. આ રીતે મારી અંગત બાબત ઉપરના આ આક્રમણને 'છેડતી' (ઈવ ટીઝિંગ) તરીકે ઓળખાય છે તે જાણ્યું ત્યારે મને સમજાયું કે આ એક એવો ગુનો છે કે જેને ઘણી વાર ખૂબ જ ક્ષુદ્ર સમજવામાં આવે છે.

નવા શહેરમાં આવી હોવાથી હું વધારે અસહાયતા અનુભવું કારણ કે પાછા દોડી જવા માટે કોઈ 'ઘર' નહોતું." - એમ તેઓ ઘટનાઓને યાદ કરતાં કહે છે.

વધારે ખરાબ બાબત તો એ હતી કે રસ્તે રખડતા રોમિયો દ્વારા આ રીતે જે જાતીય સતામણી થાય તે તેમને માટે તો સમય પસાર કરવાની રીત હતી પણ તેના પ્રત્યે પાથેજાને તેના સાથીઓ તરફથી જે પ્રતિક્રિયા મળી તે તો ઓર ખરાબ હતી. "હા, એ તો રોજેરોજ બને છે" કે "એ તો ઠીક હવે" એવી જ તેમની પ્રતિક્રિયા હતી. અને વધારે આઘાતજનક બાબત તો એનો જ ઈન્કાર હતોઃ "તારી સાથે જ આવું કેમ થાય છે?"

## પ્રતિક્રિયાઓ

તેમ છતાં, એમ સમજાયું કે એ તેની એકલાની સમસ્યા નથી અને પાથેજાએ 'સૃષ્ટિ'ની લગભગ ૬૦ છોકરીઓને 'જાહેર જગ્યા' (પબ્લિક સ્પેસ)નો એક નકશો દોરવાનું કહ્યું. "માત્ર ત્રણ જ મિનિટમાં 'વિચારું છું', 'બીક લાગે છે', 'અસહાય છું', 'ન થઈ શકે' અને, 'શરીરે ઠીક નથી લાગતું' જેવા શબ્દો સાંભળવા મળ્યા. પછી મેં આ પ્રોજેક્ટની દરખાસ્ત મૂકી" - તેઓ કહે છે. જ્યારે જૂથની ૨૪ છોકરીઓએ વિધાયક પ્રતિભાવ આપ્યો ત્યારે બીજાઓને આ મુદ્દો કંઈ મોટો લાગ્યો નહિ.

"મોટા ભાગની પરિસ્થિતિમાં તે એક પ્રકારે ધારી ધારીને જોવાનું હોય છે? પણ ક્યારે તે આક્રમક અને ગુનાઈત બને છે? ક્યારે તે સ્વીકૃત નથી બનતું? એ રેખા કોણ દોરે છે? તમે એની ધારણા કરી લો છો એટલે તમે એ સ્વીકારી લો છો?" - પાથેજાએ આવા બધા પ્રશ્નો પૂછ્યા.

## પ્રોજેક્ટનો આરંભનો તબક્કો

'બ્લેન્ક નોઈઝ' પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં અસરગ્રસ્તતા તપાસાઈ. પાથેજાએ અનેક કાર્યશાળાઓ ચલાવી અને નવ સ્ત્રીઓની ખાનગી અને જાહેર ઓળખ તપાસી. પાથેજા જણાવે છે કે, "આ સામૂહિક સહભાગી અનુભવ પછી વિડિયો, સાઉન્ડ અને ફોટા સહિતની અન્ય ચીજો વસાવી. એના થકી મેં અસરગ્રસ્તને, ગુનેગારને અને મૂક પ્રેક્ષકને પકડવાનો પ્રયત્ન કર્યો."

'સૃષ્ટિ'માંથી સ્નાતક થયા પછી પાથેજાએ આ પ્રોજેક્ટ બીજા સ્તરે લઈ જવાનું નક્કી કર્યું. અને તે તબક્કો વાસ્તવમાં જાહેર સંઘર્ષનો અને લોકોની જાગૃતિનો હતો. સામાન્ય રીતે છેડતીના પ્રશ્નોને સમાજ મહત્ત્વના ગણતો નથી. "સરાઈ"ની ગ્રાન્ટ અને 'સૃષ્ટિ'ના ટેકાથી મેં 'બ્લેન્ક નોઈઝ'ને સહભાગી પ્રોજેક્ટ તરીકે વિચાર્યો. આ એક પબ્લિક આર્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો કે જેમાં હું આ સમસ્યાને શેરીઓમાં લઈ જઈ શકું અને વધારે સહભાગીઓનો સમાવેશ કરી શકું." - એમ પાથેજાએ કહ્યું.

અત્યારે આ પ્રોજેક્ટમાં કોલેજોના વિદ્યાર્થીઓ, થિયેટર ગ્રૂપના સભ્યો અને સામાન્ય લોકો સહિત વિવિધ પ્રકારના લોકો સામેલ થયા છે. તેઓ કહે છે કે, "અમે હાલ મૂળભૂત રીતે જે મંચીય કલા છે તેના દ્વારા જાહેર દરમ્યાનગીરી કરી રહ્યા છીએ. આ તબક્કે અમે ઈન્ડિયન પિનલ કોડની કલમ-૩૫૪ની જોગવાઈ સહિત કાનૂની જોગવાઈઓ સામે વાંધો ઉઠાવી રહ્યા છીએ. સ્ત્રીની 'વિનમ્રતા' સામે જ તે બળાપો કાઢે છે."

## ટેક્નોલોજીનો ઉપયોગ

પાથેજા ટેક્નોલોજીનો ઉપયોગ પોતાના લાભાર્થે કરી રહી છે. બીજો એક પ્રયોગ પણ ચાલી રહ્યો છે. તેમાં ગુનેગારને કેમેરામાં ઝડપી લેવામાં આવે છે અને પછી ફોટા એક સાથે જાહેરમાં બ્લોગ પર મૂકવામાં આવે છે. તેનાથી દુનિયાભરના અનેક લોકો એકત્ર થયા છે, અને તેમણે તેમનાં નગરોમાં આ પ્રોજેક્ટ હાથ ધરવાની દરખાસ્ત કરી છે.

આ કર્મશીલતા પાથેજામાં તો એક સાહજિક પ્રતિક્રિયા તરીકે આવી છે પરંતુ તે પોતાને કર્મશીલ તરીકે ઓળખાવાય એમ ઈચ્છતી નથી. તેમને જાહેર કલાકાર કે નારીવાદી કહેવાય એ પણ પસંદ નથી. તેઓ કહે છે કે, "મને લાગે છે કે હું એક કલાકાર છું અને વ્યક્તિએ આ બધી ભૂમિકા ભજવવી પડે છે. હું એ બાબત ભારપૂર્વક કહું છું કે આમાંની એકેય ભૂમિકા તદ્દન અલગ પડીને ભજવી શકાય નહિ. અનેક પ્રકારના કલાકારો છે અને અમારામાંના દરેકને કંઈક કહેવાનું છે, વ્યક્ત કરવાનું છે. જે જગ્યા અને જે સ્વરૂપે એ વાત થાય છે તે તેની અસર ઊભી કરે છે."

## કળા અને સામાજિક પરિવર્તન

"સામાજિક પરિવર્તન માટે સંચાર"ના વિદ્યાર્થી એવા પાથેજા ભારપૂર્વક કહે છે કે કળા સામાજિક પરિવર્તનમાં ખરેખર અગત્યની ભૂમિકા ભજવે છે. તેઓ કહે છે કે, "ગેરિલા ગર્લ્સ, પેગી ડિઝ અને ગ્રેમ ફૂરી જેવા કલાકારો તેમની કળા દ્વારા સામાજિક વલણોમાં પરિવર્તન લાવવામાં સફળ રહ્યાં છે. બિલબોર્ડ, પોસ્ટર, દૂધનાં કાર્ટન, જ્યાં યોગ્ય લાગે ત્યાં તેમની કળા દેખાઈ છે. પેગી ડિગ્ઝ ઘરેલૂ હિંસા વિશે ચિંતિત છે. તેણે દૂધના કાર્ટન પર પોતાનો સંદેશો છપાવ્યો છે કારણ કે તમામ સ્ત્રીઓ પરિવાર માટે દૂધ ખરીદે છે. તેથી એ સંદેશો તેમના સુધી પહોંચે છે. ગ્રેમ ફૂરીએ કર્મશીલોનાં જૂથો સાથે સહયોગ સાધ્યો છે. અને એઈડ્સ સાથે સંકળાયેલા સામાજિક કલંક વિશે લોકોમાં જાગૃતિ લાવવા બિલબોર્ડ તૈયાર કર્યાં છે."

પાથેજા કહે છે કે ભવિષ્યમાં 'બ્લેન્ક નોઈઝ' બીજાં ઘણાં જૂથો સાથે કામ કરશે, એવા લોકો સાથે પણ કામ કરશે કે જેઓ જાહેર જગ્યાઓએ અધિકૃતતા ધરાવે છે. તેઓ વધુમાં ઉમેરે છે કે, "અહીં ઈરાદો માત્ર રોષપૂર્ણ પ્રતિભાવ મેળવવાનો નથી, પરંતુ વિવિધ પાસાંઓથી સમસ્યાનો સામનો કરવાનો છે. અસરગ્રસ્ત કોણ છે? કોણ દર્શક છે? અને કોણ ગુનેગાર છે?"

સ્રોતઃ ધ ક્વેસ્ટ ફીચર્સ એન્ડ ફૂટેજ, કોચી. સંપર્કઃ http://www.blogger.com/profile/6564836

# સ્ત્રીઓનાં અકુદરતી મોત રોકવાનો ગુજરાતનો અનુભવ

'અવાજ' (અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રૂપ) ૧૯૮૩થી ગુજરાતમાં સ્ત્રીઓ પર આચરાતી હિંસાના મુદ્દે સક્રિય રીતે કામ કરે છે. હિંસાનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે અને એ તારણોને આધારે પગલાં લેવાયાં છે. લગભગ ૨૦ વર્ષની દરમ્યાનગીરીનો અનુભવ **સુશ્રી ઈલા પાઠક** દ્વારા અહીં રજૂ કરાયો છે. ખાસ કરીને ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮એના ઉપયોગથી સ્ત્રીઓનાં અકુદરતી મોતને રોકવામાં જે સફળતા મળી છે તે અહીં જોઈ શકાય છે.

## પ્રસ્તાવના

'અવાજ' ૧૯૮૪થી સ્ત્રીઓ પરની હિંસાના પ્રશ્ને સક્રિય રહેલું સંગઠન છે. અભ્યાસો, વિરોધ સભાઓ, શેરી નાટકો, કૂચ, રેલી, જાગૃતિ માટેની કાર્યશાળાઓ, તાલીમ કાર્યશાળાઓ, પોલિસ અને અન્ય સરકારી અધિકારીઓને સંવેદનશીલ બનાવવા માટેની કાર્યશાળાઓ વગેરેનો ઉપયોગ ગુજરાતમાં યુવાન મહિલાઓનાં અકુદરતી મોતની વધતી સંખ્યા ઘટાડવા માટે કરવામાં આવે છે.

જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૦૪ના પોલિસ આંકડા અનુસાર એમ જોવા મળે છે કે સ્ત્રીઓનાં અકુદરતી મોતની સંખ્યા ૧૯૯૯થી ઘટી રહી છે અને ૨૦૦૪માં પણ તેમ જ બન્યું છે.

૧૯૯૮માં અકુદરતી મોતથી મરતી સ્ત્રીઓની સંખ્યા સૌથી વધુ એક વર્ષમાં ૬૩૪૯ એટલે કે રોજની સરેરાશ ૧૭.૩૯ રહી છે. અકુદરતી મોતમાં ખૂન, દહેજ, આત્મહત્યા, અકસ્માત વગેરેનો સમાવેશ થાય છે.

૧૯૮૪થી 'અવાજ' બાબતે સ્ત્રીઓમાં જાગૃતિ વધારી રહી છે કે તેમણે આત્મહત્યા કરવાની જરૂર નથી. સ્ત્રીઓ મોટે ભાગે પોતાને ટેકો આપનાર કોઈ નથી એમ સમજીને આત્મહત્યા કરતી હોય છે તેથી તેમને ટેકો આપવાનું કામ કરવાનું સંગઠને વિચાર્યું હતું. કાયદાનો અને નીતિનો ઉપયોગ કેવી રીતે કરવો એ પણ તેમને જણાવાય છે. ૧૯૯૫થી ૧૯૯૯ દરમ્યાન ગુજરાતમાં ૫૨ કુટુંબ સલાહ કેન્દ્રો અને ૯૬ કાનૂન સહાય કેન્દ્રના સલાહકારો અને સામાજિક કાર્યકરોને સ્ત્રીના જીવનને બચાવવાને પ્રાથમિકતા આપવા માટે તાલીમ આપવામાં આવી. જો તે પોલિસમાં ફરિયાદ નોંધાવવા માગે તો તેને મદદ કરવી એમ તેમને જણાવવામાં આવ્યું છે.

૧૯૯૮થી ૨૦૦૦ દરમ્યાન 'અવાજ' દ્વારા ગુજરાતના પોલિસ દળને સંવેદનશીલ બનાવ્યું છે અને તેમને એ બાબતે વિનંતી કરી છે કે ઘરેલૂ હિંસા અંગેની સ્ત્રીઓની ફરિયાદો તેઓ નોંધે. પોલિસ દસ્તાવેજો એમ જણાવે છે કે ૧૯૯૯થી આવી ફરિયાદોની નોંધણીમાં વધારો થયો છે અને સ્ત્રીઓનાં અકુદરતી મોતની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

'અવાજ' દ્વારા પોલિસ એકેડેમી અને પોલિસ ટ્રેનિંગ સ્કૂલ દ્વારા પોલિસને સંવેદનશીલ બનાવવાનો કાર્યક્રમ ચલાવાયો છે. ૨૦૦૪માં 'અવાજ' દ્વારા બે ભાગમાં પોલિસ માટે એક હેન્ડબૂકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ 'પોલિસ પોથી'ના એક ભાગમાં પોલિસ કેવી રીતે સ્ત્રીઓને તેમની ફરિયાદો નોંધવામાં મદદ કરી શકે તેની વાત કરવામાં આવી છે.

આ એક જ પગલાથી સ્ત્રીને બચી જવામાં મદદ મળે છે અને તે પરિવારમાં હિંસાની સાંકળને તોડે છે. પિતાઓ માતાઓને મારતા અટકે છે ત્યારે બાળકોમાં એ સંસ્કાર પડતા નથી. પોથીના બીજા ભાગમાં માનવ અધિકારોની ઘોષણા, બંધારણીય અધિકારો અને ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કેટલીક કલમોનું ભાષાંતર આપવામાં આવ્યું છે.

'અવાજ' આને એક વધુ પડકાર ગણે છે. એ ખરેખર આનંદજનક બાબત છે કે અમારી વ્યૂહરચનાઓ કામ કરી ગઈ છે. તેમ છતાં આજે પણ સરેરાશ રોજની ૧૨ સ્ત્રીઓનાં અકુદરતી મોત થાય છે જ અને દર વર્ષે ૪૫૦૦થી વધુ સ્ત્રીઓનાં અકુદરતી મોત થાય છે. ગુજરાત સ્ત્રીઓ પ્રત્યે જંગલી થવાનું ભૂલી જાય ત્યાં સુધી 'અવાજ' દ્વારા વધુ પ્રયાસોની જરૂર છે.

## અભ્યાસ

અહીં સમુબહેનની જે વાસ્તવિક કહાણી આપવામાં આવી છે તે એક જાહેર સભામાં તેમણે પોતે કહી હતી. આ સભામાં ઘરેલૂ હિંસા અને આકસ્મિક મૃત્યુ વિશે ચર્ચા થઈ હતી. અહીં આપવામાં આવેલી બે ઘટનાઓ એ દર્શાવે છે કે શા માટે સ્ત્રીઓ આત્મહત્યા કરે છે અથવા

શા માટે સ્ત્રી તેના અકુદરતી મોત માટે જવાબદાર વ્યક્તિનું નામ લેતી નથી.

એ સ્પષ્ટ છે કે મા-બાપો લગ્ન પછી પોતાની દીકરીને ટેકો આપવા માગતાં હોતાં નથી. જે સ્ત્રીનું જીવન સાસરિયે અસહ્ય બની જાય છે તે સ્ત્રી તેથી જીવવાની ઈચ્છા ગુમાવી બેસે છે અને તેથી તે મોતને શરણે જાય છે. સ્ત્રીઓ પોતાની સાથે ધાર્મિક-સાંસ્કૃતિક માન્યતાઓનો બોજો ઉઠાવે છે, તેમનાં પરિવારો, પડોશીઓ, મિત્રો વગેરે પાસેથી તેમને એ મળે છે.

ઘરમાં પતિને ભગવાન સમજવામાં આવે છે અને સારી પત્ની તેને સંડોવતું કશું જ ના કહે. તેથી મૃત્યુ સમયના સંજોગોની વિગતો જોઈએ તો ખબર પડે છે કે અસરગ્રસ્ત વ્યક્તિ સહિતની દરેક વ્યકિત ચૂપ થઈ જાય છે. પરંતુ આવાં મોતનાં કારણો સ્પષ્ટ હોય છે. એક કારણ તો એ છે કે સાસરિયે સ્ત્રી જીવી શક્તી નથી અને બીજું કારણ એ છે કે પિયરમાંથી તેને કોઈ ટેકો મળતો શક્યો નહિ.

જ્યારે સ્ત્રીઓનાં અકુદરતી મોત થાય છે ત્યારે પોલિસ અકસ્માતે મૃત્યુ તરીકે જ તેની નોંધણી કરે છે. અમે આવાં આકસ્મિક મૃત્યુનો વિગતે અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે. આ અભ્યાસ મુખ્યત્વે ઘરેલું હિંસાથી પિડાતી સ્ત્રીઓની ઉપર ભારતીય દંડ સંહિતા (ઈન્ડિયન પિનલ કોડ - આઈપીસી)ની કલમ-૪૯૮એ શી અસર કરે છે તે તપાસવા માટે કરવામાં આવ્યો હતો.

અમારો અભ્યાસ શરૂ થયો ત્યારે તરત જ અમને ખબર પડી કે કલમ-૪૯૮એનો ઉપયોગ પોલિસ દ્વારા ભાગ્યે જ કરવામાં આવ્યો છે. તેને અન્ય કલમો સાથે સાંકળવામાં આવે છે. અમે જે નમૂનાનો અભ્યાસ કર્યો છે તેમાં જણાયું છે કે ૬૦ ટકા કિસ્સામાં આ કલમને બીજી કલમો સાથે જોડવામાં આવે છે. ૧૯૮૪થી 'અવાજ' સ્ત્રીઓનાં અકુદરતી મોત અંગેના પોલિસ દસ્તાવેજો તપાસી રહી છે. ૧૯૮૪થી ૧૯૯૫ દરમ્યાન આવાં મોતની સંખ્યા વધી રહી હતી. કોઠા નં.૧માં તેની વિગતો આપવામાં આવી છે. આ કોઠામાં જે વિગતો આપવામાં આવી છે તે એમ જણાવે છે કે પોલિસ ચાર શીર્ષક હેઠળ આ મોત નોંધ્યાં છેઃ

(૧) ખૂન-કલમ-૩૦૨(આઈપીસી).
(૨) દહેજ મૃત્યુ-કલમ-૩૦૪બી (આઈપીસી).
(૩) આત્મહત્યા માટે પ્રેરણા-કલમ-૩૦૬ (આઈપીસી).
(૪) આપઘાત કે અકસ્માત તરીકે નોંધણી-કલમ-૧૭૪ (ક્રિમિનલ પ્રોસિજર કોડ).

**કોઠા નં.૧**
**ગુજરાતમાં મહિલાઓનાં અકુદરતી મોત**

| વર્ષ | કુલ | રોજની સરેરાશ |
|---|---|---|
| ૧૯૮૪ | ૧૪૧૮ | ૩.૮૮ |
| ૧૯૮૫ | ૧૦૨૪ | ૨.૮૦ |
| ૧૯૮૬ | ૨૧૩૨ | ૫.૮૪ |
| ૧૯૮૭ | ૨૨૨૦ | ૬.૦૦ |
| ૧૯૮૮ | ૪૧૧૬ | ૧૧.૨૦ |
| ૧૯૮૯ | ૪૨૫૪ | ૧૧.૬૫ |
| ૧૯૯૦ | ૩૯૮૬ | ૧૦.૯૨ |
| ૧૯૯૧ | ૩૮૬૨ | ૧૦.૫૮ |
| ૧૯૯૨ | ૪૦૧૬ | ૧૧.૦૦ |
| ૧૯૯૩ | ૪૫૨૧ | ૧૨.૩૮ |
| ૧૯૯૪ | ૪૮૩૮ | ૧૩.૨૫ |
| ૧૯૯૫ | ૫૧૧૨ | ૧૪.૦૦ |

**કોઠા નં.૨**
**આકસ્મિક મોત પામનારી સ્ત્રીઓની ઉંમર**

| વર્ષ | સ્ત્રીઓ | ટકા |
|---|---|---|
| ૦-૧૦ | ૩૬ | ૩.૬ |
| ૧૧-૨૦ | ૨૫૯ | ૨૫.૯ |
| ૨૧-૩૦ | ૩૬૩ | ૩૬.૩ |
| ૩૧-૪૦ | ૧૨૪ | ૧૨.૪ |
| ૪૧થી વધુ | ૧૧૬ | ૧૧.૬ |
| ખબર નથી | ૧૦૩ | ૧૦.૩ |
| **કુલ** | **૧૦૦૧** | **૧૦૦** |

૧૯૯૫માં તેથી કેવી રીતે આ અકુદરતી મોત નોંધાય છે તેનો અભ્યાસ કરવાનું 'અવાજ' દ્વારા નક્કી કરવામાં આવ્યું. આ અભ્યાસ ૧૯૯૯માં પ્રકાશિત કરવામાં આવ્યો. તેનું નામ હતુંઃ સ્ત્રીઓ સામે ઘરેલૂ હિંસાનું પરિણામ - પદ્ધતિસરની તપાસ. અહીં જે આંકડા આપવામાં આવ્યા છે તે આ અભ્યાસમાંથી લેવામાં આવ્યાં છે. તેમાં ૧૬૫૨ કિસ્સાનો અભ્યાસ કરાયો હતો.

તેમાં ૧૦૦૧ રસોડામાં દાઝવાથી થયેલા હતા. સેંકડો સ્ત્રીઓ શું બેદરકારીને લીધે મૃત્યુ પામે છે? તેઓ આઠ વર્ષની ઉંમરથી સુરક્ષાના જે પાઠ શીખે છે તે કેવી રીતે ભૂલી શકાય? શું તેઓ શરણે જતી નથી તેથી જ તેમને પરેશાન કરવામાં આવે છે? શું યુવાન સ્ત્રીઓ જ

## કોઠા નં.૩

### વાસ્તવિક કહાણી-૧

એક પ્રૌઢ દંપતીએ 'અવાજ'ના કાઉન્સેલરને કહ્યું:

"અમે અમારી દીકરીનાં સાસરિયાં સામે ફરિયાદ કરવા માગીએ છીએ. તે તેના સાસરે ગઈ રાતે દાઝી જવાથી મરી ગઈ."

"તે ત્યાં કયારથી હતી? તેનાં લગ્ન કયારે થયાં હતાં?" જેવા સવાલો તેમને પૂછવામાં આવ્યાં.

"અમે ગઈ કાલે સવારે જ તેને સાસરે મોકલી હતી. તે લગ્ન પછી ૧૪ વખત પાછી આવી હતી."

### વાસ્તવિક કહાણી-૨

"જસોદા ખૂબજ દાઝી ગઈ પછી તે હોસ્પિટલમાં હતી."

સમુબહેન કેવી રીતે તેમની દીકરી બળી જવાથી મરી ગઈ તે જણાવી રહ્યાં હતાં.

મે પૂછ્યુંઃ "તો પછી તેણે શા માટે પોલિસને ખોટું કહ્યું?"

તેમણે તેને પૂછ્યું હતું કે,

"તેં ઊંચે કેરોસિનનો દીવો સળગાવવાનો પ્રયત્ન કર્યો અને તું પડી ગઈ અને તેથી તે સળગી ગઈ એમ તે કહ્યું છે. પણ તું સાચું કહે. દીવો પડી જાય તેથી કંઈ સળગી ના જવાય. કોણે તેને સળગાવી છે?"

જસોદાએ તેમને સોગંધ લેવડાવ્ય કે તઓ પોલિસને સત્ય નહિ કહે. પછી તેણે તેમને કહ્યું:
"તે (પતિ) ખૂબ દારૂ ઢીંચીને ઘેર આવ્યા અને મને ધમકાવી. તેઓ પીધેલા હતા અને અચાનક જ ગુસ્સે થયા અને મારી પર કેરોસિન નાખ્યું અને હું તેમને રોકું તે પહેલાં તો તેમણે સળગતી દીવાસળી મારી ઉપર નાંખી. સાડી સીન્થેટિક હતી એટલે તરત જ સળગી."

સમુબહેને જસોદાને ફરી પૂછ્યું:
"શા માટે તેં પોલિસને સાચું ન કહ્યું?"

જસોદાએ કહ્યું: "જ્યારે હું મરી રહી હોઉં ત્યારે હું કેવી રીતે પતિ વિશે એવું કહું?" મને માફ ના કરે. હું પાપનો બોજ લઈને કેવી રીતે મરું?

તેમના જીવનનું બલિદાન આપે છે? કોઠા નં.૨માં અકસ્માતે થતાં સ્ત્રીઓનાં મોતની વિગતો તેમની ઉંમરના સંદર્ભમાં આપવામાં આવી છે.

કોઠા નં.૨ની વિગતો એમ જણાવે છે કે ૧૧થી ૩૦ની વયની સ્ત્રીઓ સૌથી વધુ અસહાય છે. તે પછી અસહાયતાનું પ્રમાણ ઘટતું જાય છે. આમ, લગભગ ૬૨ ટકા મોત યુવાન સ્ત્રીઓનાં જ થાય છે. ૧૦ ટકાથી વધુ કિસ્સામાં ઉંમરની જાણકારી મળી નથી. તેઓ ક્યા ધર્મની હતી અને કઈ જ્ઞાતિઓની હતી તેની વિગતો પણ આ અભ્યાસમાં જાણવાનો પ્રયાસ કર્યો હતો.

જે વિગતો પ્રાપ્ત થઈ છે તે કોઠા નં.૩ અને કોઠા નં.૪માં દર્શાવે છે કે ગુજરાતમાં જુદા જુદા ધર્મો પામનારાનું જે વસ્તી પ્રમાણ છે તે જ પ્રમાણ અકસ્માતે થતાં સ્ત્રીઓનાં મોતમાં દેખાય છે. હિંદુઓમાં જે જ્ઞાતિવાર વિભાજન દેખાય છે તેમાં જણાય છે કે સૌથી વધુ આકસ્મિક મૃત્યુ અન્ય પછાત વર્ગોની સ્ત્રીઓનાં થયાં છે અને તેમના પછી અનુસૂચિત જાતિઓની સ્ત્રીઓનો ક્રમ આવે છે.

આ બંને વર્ગની સ્ત્રીઓ ગરીબ વર્ગની છે. તેઓ તેમનાં ઘર અને બાળકોની કાળજી રાખવા ઉપરાંત આવક સર્જનનું કામ કરે છે. ઉચ્ચ જ્ઞાતિઓ અને સમાજના ઉપલા વર્ગમાં જે બે ધારણાઓ પ્રવર્તે છે તે ધારણાઓ ખોટી છે. એક ધારણા તો એ છે કે આ સ્ત્રીઓની નાણાકીય સ્થિતિ સારી છે કારણ કે તેઓ તેમના પતિઓ અને પુત્રોની જેમ જ આવક રળવા માટે ઘરની બહાર જાય છે.

તેમની આવક ઘણી મોટી છે. માત્ર તેઓ એ જ જાણતી નથી કે યોજનાપૂર્વક તેની વપરાશ કેવી રીતે કરવી. બીજી ધારણા એવી છે કે તેઓ તેમના પતિઓને ગાળ દઈ શકે છે અને તેથી તેઓ પારિવારિક દમનમાંથી બહાર નીકળી ગઈ છે. અમદાવાદમાં માધુપુરા અને મેઘાણીનગરનાં પોલિસ સ્ટેશનોમાં કામ કરનારા એક પોલિસ ઈન્સ્પેક્ટરે એક વાર એમ કહ્યું હતું કે અન્ય પછાત વર્ગોની સ્ત્રીઓને વધારે સહન કરવાનું આવે છે તેનું કારણ એ છે કે તેમના પતિઓ દારૂ પીએ છે અને આવક રળવાનું કામ કરવાનું બંધ કરી દે છે.

સ્ત્રીઓએ અકુશળ કામદારો તરીકે ખૂબ મહેનત કરવી પડે છે. પતિઓ જ્યારે નશામાંથી બહાર આવે છે ત્યારે ભોજન માટે તેમની સામે જુએ છે. પતિ કોઈ પુરુષ પાસેથી પોતાની પત્નીને પૈસા મેળવતી જુએ છે કે જેના હાથ નીચે તે કામ કરે છે. એટલે પત્ની જ્યારે ઘેર આવે છે ત્યારે તે તેના પર ખરાબ ચારિત્ર્યનો આરોપ મૂકે છે અને એ પુરુષ સાથે જાતીય સંબંધો હોવાનો આરોપ મૂકે છે.

આરંભમાં તો સ્ત્રી પ્રતિકાર કરે છે પણ પછી વારંવાર ઝઘડા થવાથી તે આપઘાત કરવા માટે પ્રેરાય છે. આ રીતે પોલિસ ઈન્સ્પેક્ટરે સ્ત્રીઓના જીવનની આ વાસ્તવિકતાઓ જણાવી.

આકસ્મિક મૃત્યુ નોંધવા માટેની પોલિસની પોતાની પદ્ધતિ છે. મોતનાં કારણો જુદાં જુદાં હોય છે. એની વિગતો કોઠા નં.૫માં આપવામાં આવી છે. અહીં 'અકસ્માત'નો અર્થ ખરેખર અકસ્માત છે. એટલે કે બસમાંથી ઉતરતી વખતે પડી જવાથી મૃત્યુ અથવા સૂતી સ્ત્રી દીવાલ પડી જવાથી થતું મૃત્યુ વગેરે જેવા અકસ્માતનો સમાવેશ થાય છે. કોઠા નં.૬માં કયાં કારણોસર કઈ ઉંમરની સ્ત્રીઓનાં મોત થયાં છે તેની વિગતો આપવામાં આવી છે.

જે ૫૭ ટકા સ્ત્રીઓ તેમનાં રસોડામાં આગથી મૃત્યુ પામી છે. તેમાં ૭૦ ટકાથી વધુ તો ખૂબ જ યુવાન સ્ત્રીઓ છે. ૧૨ ટકાથી વધારે સ્ત્રીઓ એવી છે કે જે આ સ્ત્રીઓથી થોડીક જ મોટી ઉંમરની છે. આમ, ૮૨ ટકા સ્ત્રીઓ એવી છે કે જે તેમનાં રસોડાંમાં તેમની ભરયુવાનીમાં મૃત્યુ પામે છે. આ સંખ્યા એટલી મોટી છે કે અન્ય તમામ કારણો બહુ જ ઓછું મહત્ત્વ આ બાબતમાં ધરાવે છે.

૧૭૬ સ્ત્રીએ ઝેરી પીને તેમની જિંદગીનો અંત આણ્યો હતો. તેમાં ૧૩૪ સ્ત્રીઓ તો ૧૧થી ૩૦ વયની છે. એ પણ એક આશ્ચર્યજનક બાબત છે કે લાંબી બીમારીથી મરનારી સ્ત્રીઓમાં પણ મોટી ઉંમરની સ્ત્રીઓ કરતાં નાની ઉંમરની સ્ત્રીઓની સંખ્યા વધારે છે. આ રીતે અકુદરતી મોતથી મરનારી સ્ત્રીઓમાં ૪૧થી વધુ વયની સ્ત્રીઓ સંખ્યા ઓછી છે.

૨૯ યુવાન સ્ત્રીઓએ લાંબી બીમારીથી કંટાળીને જીવન ટુંકાવ્યું હતું જ્યારે ૨૨ સ્ત્રીઓએ એ જ કારણસર જિંદગીનો અંત આણ્યો હતો. એટલે ખરેખર એવી શંકા જાય છે કે શું યુવાન સ્ત્રીઓએ લાંબી માંદગીથી કંટાળીને જ જિંદગીનો અંત આણ્યો હશે?

જો કે, એટલી જ આઘાતજનક બાબત એ છે કે મોટી ઉંમરની સ્ત્રીઓનાં મોતનાં કારણો પણ વિચિત્ર જોવા મળે છે. ૬૩ કે ૭૦ વર્ષની વયની સ્ત્રી આગ લાગવાથી મૃત્યુ પામે છે, અથવા પાણી ગરમ કરતી વખતે મૃત્યુ પામે છે, અથવા ચા કરતી વખતે મૃત્યુ પામે છે કે પછી કેરોસિનનો દીવો સળગાવતી વખતે મૃત્યુ પામે છે. ૫૦થી ૬૦ વર્ષની વયની સ્ત્રી ઘરમાં ઝઘડો થવાથી ઝેર કે એસિડ પીને મૃત્યુ પામતી હોય એમ પણ બને છે.

આ દસ્તાવેજો જોતાં એમ જણાય છે કે ઘણી સ્ત્રીઓ મૂંગે મોંએ બધું સહન કરે છે. તેમની સંખ્યા કદાચ પોલિસ સ્ટેશને જનારી સ્ત્રીઓ કરતાં મોટી છે. કઈ ઉંમર છે એ મહત્ત્વનું નથી. લગ્નનાં સાત, દસ કે વીસ વર્ષ પછી પણ અકુદરતી મોત થાય છે. કમનસીબે, આ મોત એવી રીતે નોંધાય છે કે જેથી એમ લાગે કે તે બેદરકારીથી થયાં છે અથવા નાનાં કારણોને લીધે થયાં છે. સમાજની નીંભરતા સ્પષ્ટપણે દેખાય છે અને તેને પરિણામે જ સ્ત્રીઓને જે સહન કરવું પડે છે તે અદૃશ્ય બને છે.

**કોઠા નં.૪**
**આકસ્મિક મોતમાં જ્ઞાતિવાર હિંદુ સ્ત્રીઓ**

| જ્ઞાતિ | સંખ્યા | ટકા |
|---|---|---|
| અનુસૂચિત જાતિ | ૨૦૦ | ૨૫.૬ |
| અન્ય પછાત વર્ગો | ૩૫૨ | ૪૫.૦ |
| ઉચ્ચ જ્ઞાતિઓ | ૨૨૯ | ૨૯.૩ |
| **કુલ** | **૭૮૧** | **૧૦૦.૦૦** |

**કોઠા નં.૫**
**આકસ્મિક મોતનાં કારણો**

| કારણ | સંખ્યા | ટકા |
|---|---|---|
| અકસ્માત | ૧૫૨ | ૧૫.૨ |
| રસોડામાં અકસ્માત | ૫૭૩ | ૫૭.૩ |
| ઝેર | ૧૭૬ | ૧૭.૬ |
| લાંબી બીમારી | ૫૯ | ૫.૯ |
| ખબર નથી | ૪૧ | ૪.૧ |

### અભ્યાસથી મળેલા પદાર્થપાઠ

'અવાજ'ના આ અભ્યાસે પોલિસ દસ્તાવેજોમાં અસરગ્રસ્ત મહિલાએનું જે ચિત્ર છે તે છતું કર્યું છે. પરંતુ અભ્યાસ કરતી વખતે અસરગ્રસ્ત મહિલાઓની સ્થિતિમાં ડોકિયું કરવાની તક પણ અભ્યાસ ટુકડીને મળી છે. 'અવાજ' માટે એ સ્પષ્ટ થઈ ગયું કે સ્ત્રીને તેના માથા પરનો બોજો ઉતારવા માટે મૈત્રીપૂર્ણ વાતાવરણની જરૂર હોય છે. પોતાની ભાવિ જિંદગી માટે તેઓ ગમે તે વિકલ્પ પસંદ કરે તો પણ તેને ટેકો મળવો જોઈએ. અમને લાગ્યું કે સપડાયેલી સ્ત્રીઓની કમ-સે-કમ આટલી સેવા તો કરવાની જરૂર છે જ.

'અવાજ' એક કાર્યલક્ષી જૂથ છે. અભ્યાસથી જે કંઈ જાણવા મળ્યું તેના સંદર્ભમાં કાર્યક્ષેત્રમાં આગળ વધવાનું નક્કી કર્યુંઃ વાસ્તવમાં, 'અવાજ' દ્વારા કુટુંબ સલાહ કેન્દ્રોના સલાહકારો અને કાનૂની સહાય

### કોઠા નં.૬
### આકસ્મિક મોતનાં કારણો ઉંમરવાર

| કારણ | ઉંમર વર્ષ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૦-૧૦ | ૧૧-૨૦ | ૨૧-૩૦ | ૩૧-૪૦ | ૪૧થી વધુ | ખબર નથી | કુલ | ટકા |
| અકસ્માત | ૨૫ | ૧૭ | ૩૨ | ૨૫ | ૪૫ | ૮ | ૧૫૨ | ૧૫.૨ |
| રસોડામાં અકસ્માત | ૯ | ૧૬૮ | ૨૪૧ | ૭૨ | ૪૨ | ૪૧ | ૫૭૩ | ૫૭.૩ |
| ઝેર | ૧ | ૬૨ | ૭૨ | ૧૭ | ૪ | ૨૦ | ૧૭૬ | ૧૭.૬ |
| લાંબી બીમારી | ૧ | ૫ | ૧૪ | ૧૦ | ૨૨ | ૭ | ૫૯ | ૫.૯ |
| ખબર નથી | - | ૭ | ૪ | - | ૩ | ૨૭ | ૪૧ | ૪.૧ |
| **કુલ** | **૩૬** | **૨૫૯** | **૩૬૩** | **૧૨૪** | **૧૧૬** | **૧૦૩** | **૧૦૦૧** | **૧૦૦.૦** |

કેન્દ્રોના સામાજિક કાર્યકરો સ્ત્રી-મિત્ર અભિગમ અપનાવે તે માટે હિમાયત કરવાનું શરૂ કર્યું હતું. અમે તેને સ્ત્રી-કેન્દ્રી અથવા સ્ત્રી-તરફી અભિગમ એવું નામ આપ્યું. અસરગ્રસ્ત સ્ત્રીઓને સામાજિક અને કાનૂની ટેકો પૂરો પડાય તે જરૂરી હતું.

૧૯૯૫થી ૧૯૯૯ દરમ્યાન અમે આ કામ તેમની સાથે કર્યું. સ્ત્રીઓનાં અકુદરતી મોતને રોકવા માટે આ જરૂરી કાર્ય હતું. અમે તેમની સમક્ષ સ્ત્રી તરફી કાનૂનો વિશે પણ વાત કરી. પોલિસ સ્ટેશનોમાં થતી કાર્યવાહી અને અદાલતોમાં થતી કાર્યવાહી પણ તેમને સમજાવવામાં આવી. તેમાંના મોટા ભાગનાએ વિધાયક પ્રતિભાવ આપ્યો અને તેમણે એ અભિગમ અપનાવવાની શરૂઆત પણ કરી.

પરંતું તેનાથી અકુદરતી મોતની સંખ્યા ઘટી નહિ. એક બાબત વારંવાર ધ્યાનમાં આવી કે પોલિસ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮એ હેઠળ ફરિયાદ નોંધવાની જ ના પાડે છે. જો તેઓ ના ન પાડે તો ઘણી સ્ત્રીઓ બચી જાય. તેથી 'અવાજ' દ્વારા ગુજરાતના પોલિસોને આ મુદ્દે સંવેદનશીલ બનાવવા માટે ડિરેક્ટર જનરલ ઓફ પોલિસની પરવાનગી મેળવવામાં આવી.

જાન્યુઆરી-૧૯૯૮થી ૨૦૦૦ના અંત સુધીમાં ગુજરાતના ૮૦ ટકા પોલિસોને આ બાબતે જાણકારી અપાઈ અને ઘરેલૂ હિંસા તથા માનસિક અને શારીરિક ત્રાસ અંગે આ કલમ હેઠળ કેસ નોંધવા માટે જણાવાયું. આને પરિણામે કેસ નોંધવાનું પ્રમાણ ૧૯૯૮ પછી વધ્યું. કોઠા નં.૭માં તેની વિગતો આપવામાં આવી છે. કોઠા નં.૮માં આપવામાં આવેલી વિગતોથી એમ જોવા મળે છે કે કેસ નોંધાવાનું શરૂ થયું કે વધ્યું તેથી અકુદરતી મોતની સંખ્યામાં પણ ઘટાડો થયો.

ભારતીય દંડ સંહિતામાં આ કલમ ૧૯૮૩માં દાખલ કરવામાં આવી હતી. તે પછી એમ કહેવામાં આવતું હતું કે આ કલમ નકામી છે. પરંતુ આ અભ્યાસ એમ બતાવે છે કે આ કલમ ઉપયોગી છે અને તે સ્ત્રીઓનાં થતાં અકુદરતી મોતને અટકાવે છે.

આ કલમ નકામી છે એમ જણાવવા માટે અનેક પ્રકારની દલીલો કરવામાં આવતી હતી. એમ પણ કહેવામાં આવતું હતું કે તેનાથી કેસોની સંખ્યા વધશે અને અદાલતનો બોજો વધશે, કારણ કે અદાલતમાં તો સ્ત્રીઓ સમાધાન કરી લે છે અને પછી અદાલતનો સમય બગડે છે. વધુમાં, પતિઓ બિન-જરૂરી મુસીબતમાં ફસાય છે.

અમારા અભ્યાસમાં આ પાસાં ઉપર પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. એવી દલીલ થઈ શકે ખરી કે સ્ત્રીઓ સમાધાન કરી લે છે. આવાં સમાધાનો માટેનાં કારણોની પણ અમે તપાસ કરી. અભ્યાસનાં તારણો એમ જણાવે છે કે સ્ત્રીઓ પર સામાજિક દબાણો વધારે હોય છે. તેઓ પોતાની ફરિયાદ પાછી ખેંચી ના લે ત્યાં સુધી એ ફરિયાદો અદાલતોમાં બોર્ડ ઉપર જ આવતી નથી.

સામાન્ય રીતે એમ કહેવામાં આવે છે કે કોઈ પણ અદાલતમાં કેસ બોર્ડ ઉપર આવતાં વર્ષો વીતે છે. અમારો અભ્યાસ એમ કહે છે કે કેસ બોર્ડ ઉપર આવતાં ૩, ૪, ૫ કે મહિના ૧, ૨, ૩ વર્ષ લાગે છે. આ બધા કિસ્સામાં સમાદાન થાય છે. તેમાં આપઘાતના કિસ્સાનો પણ સમાવેશ થાય છે.

અદાલતની પરિભાષામાં જો સંબંધિત પક્ષો કેસનો અંત લાવવા માગતા હોય તો એટલે કે સમાધાન કરવા માગતા હોય તો કરી શકે છે.

**કોઠા નં.૭**
**ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮ એ હેઠળ પોલિસમાં નોંધાયેલી ફરિયાદો**

| વર્ષ | સ્ત્રીઓની ફરિયાદોની સંખ્યા | રોજ થતી ફરિયાદ (ટકામાં) |
|---|---|---|
| ૧૯૯૩ | ૧૫૪૦ | ૪.૨૨ |
| ૧૯૯૪ | ૧૫૯૬ | ૪.૩૭ |
| ૧૯૯૫ | ૧૯૫૦ | ૫.૩૪ |
| ૧૯૯૬ | ૨૫૪૫ | ૬.૯૭ |
| ૧૯૯૭ | ૨૪૧૫ | ૬.૬૨ |
| ૧૯૯૮ | ૨૯૮૯ | ૮.૧૯ |
| ૧૯૯૯ | ૩૨૭૬ | ૮.૯૭ |
| ૨૦૦૦ | ૩૫૬૩ | ૯.૭૬ |
| ૨૦૦૧ | ૩૧૯૧ | ૮.૭૪ |
| ૨૦૦૨ | ૨૮૬૬ | ૭.૮૫ |
| ૨૦૦૩ | ૩૧૮૫ | ૮.૭૨ |

**કોઠા નં.૮**
**ગુજરાતમાં સ્ત્રીઓનાં અકુદરતી મોત**

| વર્ષ | મોતની સંખ્યા | રોજનાં સરેરાશ મોત |
|---|---|---|
| ૧૯૯૩ | ૪૫૨૧ | ૧૨૩૮ |
| ૧૯૯૪ | ૪૮૩૮ | ૧૩.૨૫ |
| ૧૯૯૫ | ૫૧૧૨ | ૧૪.૦૦ |
| ૧૯૯૬ | ૫૧૬૪ | ૧૪.૧૫ |
| ૧૯૯૭ | ૫૫૨૫ | ૧૫.૧૪ |
| ૧૯૯૮ | ૬૩૪૯ | ૧૭.૩૯ |
| ૧૯૯૯ | ૬૧૩૫ | ૧૬.૦૮ |
| ૨૦૦૦ | ૫૫૮૩ | ૧૫.૦૩ |
| ૨૦૦૧ | ૪૯૨૪ | ૧૩.૪૯ |
| ૨૦૦૨ | ૪૬૭૨ | ૧૨.૮૦ |
| ૨૦૦૩ | ૪૭૪૯ | ૧૩.૦૧ |
| ૨૦૦૪ | ૪૬૩૧ | ૧૨.૬૮ |

એટલે કલમ-૪૯૮ એ હેઠળ છૂટાછેડા કે અલગ પડવા માટે પણ સમાધાન થઈ શકે છે. આ કલમ હેઠળ ફરિયાદો પાછી ખેંચી શકાતી નથી. એટલે સ્ત્રી ફરિયાદીએ અદાલતમાં એવું જુઠું બોલવું પડે છે કે તેણે અદાલતમાં કદી ફરિયાદ કરી જ નથી. અને પછી અદાલત તેના હુકમમાં એમ જણાવે છે કે પ્રતિવાદી નિર્દોષ છે. વાસ્તવમાં, સ્ત્રી ફરિયાદી તો ન્યાય મેળવવા માટે રાહ જોયા જ કરે છે. પણ ત્યારે તેની ઉપર સામાજિક દબાણો વધે છે. પછી તે એવી શરત સાથે સમાધાન કરે છે કે તેને ત્રાસ આપવામાં નહિ આવે. 'અવાજ'ના સંશોધકોએ આવી સ્ત્રીઓની પણ મુલાકાત લીધી હતી અને તેમને ત્રાસ આપવામાં આવે છે કે નહિ તેની પણ તપાસ કરી હતી. પરંતુ જાણવા મળ્યું હતું કે ત્રાસ તો ચાલુ રહે છે પણ તે ઘટે છે. આનો અર્થ એ છે કે કાનૂની કેસ ઉપયોગ થાય છે.

કલમ-૪૯૮એ સ્ત્રીને શ્વાસ લેવા માટેની જગ્યા પૂરી પાડે છે અને પતિને પદાર્થપાઠ આપે છે. અમે એવું માનવા પ્રેરાઈએ છીએ કે જેઓ આ દંપતીને જાણે છે એવા બધા માટે તે પદાર્થપાઠરૂપ બને છે. મિત્રો, સગાંઓ, પડોશીઓ બધાંને ખબર પડે છે કે જે પુરુષ પોતાની સ્ત્રીને પરેશાન કરતો હતો તેને પોલિસ કસ્ટડીમાં લઈ જવાયો અને જામીન ઉપર છૂટવા માટે તેણે થોડાક પૈસા આપવા પડ્યા. જો તેણે પત્ની સાથે સમાધાન ના કર્યું હોત તો તેણે વધારે પૈસા ખર્ચવા પડત. તેમને માટે આ અનુભવ ખર્ચાળ સાબિત થાય છે અને તેથી તેઓ તેમની પત્નીઓ પ્રત્યે ઘાતકી બનતા અટકે છે.

## ઉપસંહાર

કોઠા નં.૮ ઉપરથી એ જોઈ શકાય છે કે ૧૯૯૯થી ૨૦૦૪ સુધીમાં ૧૮૧૭ સ્ત્રીઓની જિંદગી બચાવી શકાઈ છે. પોલિસમાં કલમ-૪૯૮એ હેઠળ ફરિયાદ નોંધાઈ તેથી જ આ શક્ય બન્યું છે. એમ કહેવામાં આવે છે કે ઘરેલૂ હિંસા ઘટી જ નથી તો પછી આ કાયદાનો શો ઉપયોગ છે? 'અવાજ' એમ માને છે કે કાયદો ઉપયોગી છે. તેનાથી ઘણી સ્ત્રીઓની જિંદગી બચી છે. ઘરમાં તેમની સામેની હિંસા ઘટી છે. એને માટે પોલિસ સબ-ઈન્સ્પેક્ટરો અને પોલિસ ઈન્સ્પેક્ટરોનો આભાર માની શકાય.

આ અભ્યાસ સ્ત્રીઓનાં અકુદરતી મોત વિશેની ઘણીબધી માન્યતાઓને ખોટી પાડે છે. સામાન્ય રીતે એમ સમજવામાં આવે છે કે જે અકસ્માતોમાં સ્ત્રીઓ મૃત્યુ પામે છે તે ખરેખર અકસ્માત હોય છે. જો એમ જ હોય તો આપણાં રસોડાં ખૂબ જ ઘાતકી છે એમ કહેવાય એનો અર્થ એ છે કે વાસ્તવમાં અકસ્માત ન થાય તે જેટલું અગત્યનું છે તેટલું જ અગત્યનું સ્ત્રીઓ માટેનાં સામાજિક વલણો બદલાય તે છે. પોલિસ, સમાજ અને તેમાંય ખાસ કરીને પુરુષો, તથા સ્ત્રીઓનાં પોતાનાં વલણો બદલવા માટેનો અમારો પ્રયાસ ભવિષ્યમાં વધારે કારગત નીવડશે એવી આશા છે.

# હું શા માટે માઈકલ રિવર્સ ના થઈ શકું?

આ લેખ 'ઉન્નતિ'ના કન્સલ્ટન્ટ **શ્રી અરિંદમ મિત્રા** દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. તેઓ રસાયણ ઈજનેરી, પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને માર્કેટિંગ મેનેજમેન્ટના નિષ્ણાત છે અને કંપની જગતમાં પણ કામ કરે છે. થોડાં વર્ષો પહેલાં એમને એક વાહન અકસ્માત થયો હતો અને કરોડરજ્જુમાં ઈજાઓ થઈ હતી. તેને પરિણામે તેમને બંને હાથે-પગે લકવો થયો. તેઓ અમદાવાદમાં નિવાસ કરે છે અને પોતાના ઘરેથી જ કામ કરે છે.

**પ્રસ્તાવના**

માઈકલ રિવર્સ (નામ બદલવામાં આવ્યું છે) અમેરિકામાં એક મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ છે. કરોડરજ્જુમાં ગંભીર ઈજાઓ થવાને પરિણામે તેમને બંને હાથે-પગે લકવો થઈ ગયો. પણ માઈકલ બીજી કોઈ પણ વ્યક્તિની જેમ સંપૂર્ણ જીવન જીવે છે. જ્યારે પણ તેઓ ઈચ્છે ત્યારે મોટરવાળી વ્હીલ ચેરમાં બેસીને તેઓ ઓફિસે કામ કરવા જાય છે, સુપર માર્કેટમાં જાય છે અને ગ્રંથાલયમાં જાય છે. સપ્તાહાંતે તેઓ મિત્રોને મળે છે, સિનેમા જોવા જાય છે અને સરસ રીતે સમય પસાર કરે છે. બીજી કોઈ પણ વ્યક્તિની જેમ સંપૂર્ણ જીવન જીવે છે.

મને પણ કરોડરજ્જુમાં ઈજા થઈ છે અને બંને હાથે-પગે લકવો થયો છે પણ હું શા માટે માઈકલ રિવર્સ ના થઈ શકું? મારી પાસે પણ વ્હીલ ચેર છે, તો પછી શા માટે હું બહાર નીકળી શકતો નથી અને કામ કરવા જઈ શકતો નથી કે પછી ઘરેલૂ કે સામાજિક કામે બહાર જઈ શકતો નથી? શા માટે હું ઘરમાં ફસાઈ ગયો છું અને મારે ઘરમાં જ કામ કરવું પડે છે?

એનું કારણ એકદમ સીધું-સાદું છે. માઈકલે જ્યાં જ્યાં જવાનું હોય છે ત્યાં ત્યાં રસ્તા પર ઢાળ બનાવેલા હોય છે, દરવાજા પહોળા હોય છે, કામની જગ્યાઓ એવી હોય છે કે જ્યાં પહોંચી શકાય, સ્વિચ, કાઉન્ટર, છાજલીઓ વગેરે બધું જ એ રીતે પહોંચી શકાય એવું હોય છે. જ્યારે મારે અને મારા જેવા બીજા લાખો લોકોએ રોજ એવા અનેક અવરોધોનો સામનો કરવો પડે છે કે જે અમે ઓળંગી શકતા જ નથી. ઢાળનો અભાવ અને સીડી હોય ત્યાં કઠેડાનો અભાવ, નાના દરવાજા અને વચલા રસ્તા, ઊંચીનીચી ફરસ તથા પહોંચી ના શકાય તેવા કન્ટ્રોલ, કાઉન્ટર, છાજલીઓ અને સ્વિચો તથા પહોંચની બહાર હોય તેવાં જાજરૂ વગેરેને કારણે બાંધકામનું પર્યાવરણ મારે માટે મુક્ત, સલામત અને સહભાગિતાવાળું હલનચલન શક્ય બનાવતું જ નથી. જેઓ દૃષ્ટિક્ષતિ ધરાવે છે એવા મારા મિત્રો અચાનક અથડાતી વસ્તુઓ, અચાનક જ આવતો દિશાફેર કે ફરસના સ્તરમાં ફેરફાર વગેરેનો સામનો કરે છે કારણ કે યોગ્ય ચેતવણીઓ કે માહિતી અપાયાં હોતાં નથી, વિરોધી રંગોવાળી નિશાનીઓ અને જરૂરી સંકેતો પણ હોતાં નથી. જેઓ બહેરાશ ધરાવે છે તેમને જો આસાનીથી દેખાય એવી નિશાનીઓ મૂકવામાં આવી ના હોય તો ભારે મુસીબતોનો સામનો કરવો પડે છે.

અને માત્ર મકાનોમાં જ સમસ્યા છે એવું નથી. આપણા રસ્તા, રેલવે સ્ટેશનો, બસ સ્ટોપ બધું જ પહોંચી ન શકાય તેવું જ હોય છે તથા ટ્રેનો અને બસોની તો વાત કરવા જેવી નથી.

હું કલકત્તાનો છું અને હું છેલ્લા ૮ વર્ષથી મારા ઘેર જઈ શક્યો નથી તેનું એકમાત્ર કારણ એ છે કે ટ્રેનો મારી પહોંચની બહાર છે. સહેજ વિચારો, મને ટ્રેનના ડબ્બામાં મૂકનારા માણસો મને મળે તો પણ હું ડબ્બાની અંદર કેવી રીતે હરીફરી શકું? ૪૦ કલાકનો પ્રવાસ હું કેવી રીતે જાજરૂ ગયા વિના કાઢી શકું કે જ્યાં હું જઈ શકું તેમ છું જ નહિ. જો મને વિમાની પ્રવાસ પોસાઈ શકતો હોય તો પણ અમદાવાદમાં એરલાઈન્સ એમ જણાવે છે કે મને ચાર જણાએ ઊંચકીને જ વિમાનમાં મૂકવો પડે. આ એક ખૂબ જ ખતરનાક બાબત છે અને અલબત્ત, એ કોઈ વ્યક્તિના ગૌરવ સાથે બંધબેસતી બાબત નથી. હું જતો નથી કારણ કે મને બટાટાનો કોથળો સમજવામાં આવે એમ હું ઈચ્છતો નથી.

આમ, હું શક્તિમાન છું અને ઈચ્છું છું, તેમ છતાં મારે મારા ઘરમાં અને બીજાં કેટલાંક સ્થળોએ ફસાઈ જવું પડે છે અને જેટલી શ્રેષ્ઠ રીતે મારું કામ હું ચાલુ રાખી શકું તે રીતે હું તે ચાલુ રાખું છું.

કમનસીબે હાલ, મારા માટે અને મારા જેવા બીજા અનેક લોકો માટે માઈકલ રિવર્સ જેવા બનવાનું તો એક દૂરનું સપનું છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અનેક પ્રકારના અવરોધો ધરાવે છે અને તેથી તેઓ સામાજિક અને આર્થિક જીવનમાં અસરકારક રીતે સહભાગી બની શકતા નથી, પછી ભલેને તેઓ અંધ હોય, બહેરા હોય કે હલનચલનની વિકલાંગતા ધરાવતા હોય. અને આ અવરોધો બીજા

### કોઠા નં.૧

મોટા ભાગના લોકો એમ માને છે કે ઢાળ અને લિફ્ટ પર્યાવરણને અવરોધ-મુકત બનાવવા માટે જરૂરી છે. એ સ્પષ્ટ રીતે સમજવાની જરૂર છે કે અવરોધ-મુક્ત પર્યાવરણ એનાથી વિશેષ છે. એમાં અનેક જરૂરી પાસાંઓનો સમાવેશ થાય છે. તેમાં દરવાજા અને પેસેજ પહોળા હોવા, ફરસ યોગ્ય હોવી, કઠેડા હોવા, દરવાજાના હેન્ડલ યોગ્ય ઊંચાઈએ હોવા, યોગ્ય સંકેતો અને શ્રાવ્ય નિશાનીઓ હોવાં વગેરે બધાનો તેમાં સમાવેશ થાય છે. ઉપરાંત, જાજરૂ પહોંચી શકાય તેવાં હોવાં જોઈએ - તેના વિશે તો ભાગ્યે જ કશું વિચારવામાં આવે છે.

અનેક લોકોને પણ અસર કરે છે. જેમ કે, વૃદ્ધો, કામચલાઉ ધોરણે અપંગ બનેલા લોકો, બાળકો અને સગર્ભા સ્ત્રીઓ.

દુનિયામાં અનેક દેશોમાં સમગ્ર પ્રાંગણ એવી રીતે ડિઝાઈન કરવામાં આવે છે કે તે સમાવેશી હોય. એનાથી વિરુદ્ધ આપણા દેશમાં આપણે અવરોધ-મુક્ત પર્યાવરણ ઊભું કરવામાં દાયકાઓ પાછળ છીએ. આ અવરોધોથી ઘણા લોકોના અધિકારોનો ઈન્કાર થાય છે અને તેમને સંપૂર્ણ સહભાગિતાની તક મળતી નથી. અને છેવટે સમાજમાંથી તેમની બાદબાકી થાય છે.

## પૂર્ણ વિરામ?

આશા રાખીએ કે ના. ભારતમાં પરિસ્થિતિ બદલાવા માંડી છે અને પેલે પાર ધીમો-ઝાંખો પ્રકાશ દેખાવા માંડ્યો છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં અનેક વ્યક્તિઓ અને સંગઠનો સક્રિયપણે અવરોધમુક્ત પર્યાવરણના ખ્યાલની હિમાયત કરી રહ્યાં છે. તેમાં અનેક પ્રતિબદ્ધ વ્યક્તિઓ, વિકલાંગ લોકોનાં મંડળો, બિન-સરકારી સંગઠનો અને 'મોબિલિટી ઈન્ડિયા' દ્વારા વિકલાંગ લોકોના અધિકારો માટે અને તેમની પહોંચ વધે તે માટે લડત આપવામાં આવી રહી છે.

ગુજરાતમાં 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' સાથે 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન' પહોંચક્ષમતા વિશે જાગૃતિ વધારવામાં અને તેનો અમલ થાય તે માટે નેતૃત્વ કરી રહ્યાં છે.

છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન વિકલાંગતાના પ્રશ્ને કામ કરતી વખતે એમ સમજાયું છે કે સામાજિક અને વર્તનલક્ષી અવરોધો ઉપરાંત, પર્યાવરણમાં ભૌતિક અવરોધો વિકલાંગોના સમાવેશમાં મોટી બાધા ઊભી કરે છે. આ અવરોધોથી તેમની સહભાગિતા ઘટે છે અને તેમની બાદબાકી થાય છે.

### કોઠા નં.૨

ભારતમાં વિવિધ અંદાજો એમ કહે છે કે દેશમાં વિકલાંગતા ધરાવતા લોકોની સંખ્યા છ કરોડ છે. જો કે, શારીરિક પહોંચની સમસ્યા ધરાવનારા લોકોમાં વૃદ્ધો, બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને થોડાક સમય માટેની મુસીબત ધરાવનારા લોકોનો સમાવેશ થાય છે. તેમની સંખ્યા તો ૨૦ કરોડથી વધારે એટલે કે વસ્તીના ૨૦ ટકા જેટલી છે!

'એક્સેસ રિસોર્સ ગ્રૂપ' નામે એક એવું પ્રતિબદ્ધ જૂથ છે કે જેમાં વિવિધ સ્થપતિઓ, નગર આયોજકો, ડિઝાઈનરો, બિન-સરકારી સંગઠનો, વિશિષ્ટ સંસ્થાઓ, વિકલાંગોનાં મંડળો વગેરે જેવાં અનેકવિધ સલાહકારો અને સભ્યો છે. તેમણે સૌએ સાથે મળીને ગુજરાતમાં પહોંચક્ષમતા વધારવા સક્રિય કામ શરૂ કર્યું છે. આ એક એવું જૂથ છે કે જેના સભ્યો ભાગ્યે જ એક જ મંચ ઉપર ભેગા થતા હોય છે.

આ જૂથના કાર્યથી પરિણામો પણ મળ્યાં છે. અનેક મકાનો, બગીચાઓ અને અન્ય જગ્યાઓ અવરોધમુક્ત બને તે માટે પ્રયાસો થઈ રહ્યા છે. તાજેતરમાં જ ભોપાલમાં પુનર્નિર્માણ પામેલી જહાંનુમા પેલેસ હોટેલ અવરોધ-મુક્ત જગ્યાનું છેલ્લામાં છેલ્લું ઉદાહરણ છે. સ્થાનિક બિન-સરકારી સંગઠન 'આરુષી'ના માર્ગદર્શન હેઠળ આ હોટલનું નવનિર્માણ થયું છે. તેમાં બહેરાશ ધરાવતા કે અંધ લોકો સહિતના તમામ વિકલાંગ લોકો માટે પહોંચ વધારાઈ છે. વ્હીલ ચેર કે ઘોડી વાપરનારા સહિતના તમામ લોકો માટે તેમાં સગવડો ઊભી કરાઈ છે.

ભારતીય રેલવેએ કમ-સે-કમ એક ડબ્બો વિકલાંગો માટે પહોંચવાળો બને અને તેની અંદરની બેઠકો પણ તેવી બને તથા કેટલીક ટ્રેનોમાં જાજરૂ પણ પહોંચવાળાં બને તે માટે પ્રયાસો શરૂ કર્યા છે, એ એક સારી બાબત છે.

## કાયદા પોથીમાંનાં રીંગણાં છે?

૧૯૯૫માં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો ઘડાયો એ એક મહત્ત્વનું કદમ ભરાયું. તેમાં પહોંચક્ષમતા ઊભી કરવામાં રાજ્યની ભૂમિકા નક્કી કરવામાં આવી છે. તે ઉપરાંત, નેશનલ બીલ્ડિંગ કોડ, સીપીડબ્લ્યુડી માર્ગરેખાઓ તેમ જ વિવિધ શહેરી વિકાસ સંસ્થાઓના પેટા કાયદાઓ અવરોધ-મુક્ત પર્યાવરણ ઊભું કરવાની દિશામાં આગળ વધ્યાં છે.

જો કે, વિકલાંગ વ્યક્તિ ધારાની જોગવાઈઓના અમલના અભાવને લીધે અને મોટા ભાગના બાંધકામ પેટા-કાયદાઓમાં પહોંચક્ષમતા ધરાવવાનું ફરજિયાત નથી તેથી આ ક્ષેત્રે આગળ વધવામાં મુસીબત

### કોઠા નં.૩
### પહોંચક્ષમતા ખર્ચાળ નથી

વિકલાંગ વ્યક્તિઓ માટે સુલભતા કે પહોંચ ઊભી થાય તેવી બાબતો આમેજ કરવાનું ખર્ચ મકાન કે જગ્યાના કુલ ખર્ચમાં તો તદ્દન નજીવું હોય છે. જો આયોજનના તબક્કે જ એ વિચારી લેવામાં આવે તો ખર્ચ ઓછું જ આવે છે.

ઊભી થાય છે અને સરકારની પ્રતિબદ્ધતા વિશે શંકાઓ ઊભી થાય છે.

## ભાવિ માર્ગ

એ નોંધવું રસપ્રદ છે કે ફેરફારો થઈ રહ્યા છે અને અવરોધ-મુક્ત જગ્યાઓ અનેક સ્થળોએ ઊભી થઈ છે. આવું માત્ર વિકસિત અને સમૃદ્ધ દેશોમાં જ બની રહ્યું છે. બેંગલોર, દિલ્લી, કોલકાતા અને અમદાવાદમાં આવાં અનેક ઉદાહરણો મળે તેમ છે. તે માત્ર આદર્શ નમૂના નથી પણ તેઓ પ્રોત્સાહનનાં સ્રોત છે.

આને માટે ખૂબ મહેનત થઈ છે. પરંતુ, હજી ઘણુ બધું કરવાનું બાકી છે. સૌથી પ્રથમ અને સૌથી વધુ જરૂરિયાત કદાચ આપણા સૌનું માનસ બદલવાની જરૂર છે, અને અવરોધો દૂર કરવાની જરૂરિયાત છે એ સમજવાની આવશ્યક્તા છે. વળી, એ પણ સમજવું જોઈએ કે પહોંચ વધારવાનું મુસીબતભર્યું નથી અને ખર્ચાળ પણ નથી, માત્ર ઈચ્છાશક્તિની જ જરૂર છે.

બીજાઓના અધિકારોને સ્વીકારવાની અને તેમને માન આપવાની પણ જરૂર છે અને સાથે સાથે સમાજમાં પ્રદાન આપવાની તેમની શક્તિને પણ પિછાણવાની પણ જરૂર છે. એને માટે એક સર્વગ્રાહી વ્યૂહરચના હોવી જોઈએ, એ તમામ હિતધારકોએ ઘડવાની જરૂર છે અને તે માટે નીચેના મુદ્દાઓ પર ધ્યાન આપવાની જરૂર છેઃ

- નાગરિક સમાજ પહોંચક્ષમતાની જરૂરિયાતને સમજે અને સ્વીકારે.
- સ્થપતિઓ, ડિઝાઈનરો, આયોજકો અને બીલ્ડરો જેવા હિતધારકો સભાન રીતે તેમની ડિઝાઈનો અને મકાનો અવરોધ-મુક્ત બનાવવાનો પ્રયત્ન કરે.
- સરકાર અને શહેરી સત્તાવાળાઓ પેટા કાયદાઓ ફરજિયાત બનાવે અને વિકલાંગ વ્યક્તિ ધારા જેવા કાયદાઓનો અમલ થાય તે જુએ.
- સાર્વત્રિક ડિઝાઈન અને અવરોધ-મુક્ત પર્યાવરણનો વિષય તમામ ડિઝાઈન અને ઈજનેરી વિદ્યાશાખાઓના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવે.

### કોઠા નં.૪

હું વર્ષોથી સિનેમા કે રેસ્ટોરાંમાં ગયો નથી. બેંક, મનોરંજન, હોટેલ અને ટૂરિઝમ જેવાં ક્ષેત્રો તેમની સવલતો અવરોધમુક્ત નહિ હોવાને લીધે જ અનેક ગ્રાહકો ગુમાવે છે એમ કહી શકાય.

### કોઠા નં.૫

મકાનોમાં પહોંચક્ષમતા વધારવા માટેના સોનેરી નિયમો

- ઢાળ કે ઢોળાવ કઠેડા સાથે જ્યાં પણ ફરસનું સ્તર બદલાય ત્યાં રાખવા. જો ઢોળાવ શક્ય ના હોય તો લિફ્ટ રાખવી કે જ્યાં માળ બદલાતો હોય.
- બધી જ સીડીઓ અને ઢાળમાં કઠેડા રાખવા તથા લિફ્ટમાં પકડવાનું સાધન રાખવું.
- આસાનીથી અવરજવર થઈ શકે તે માટે દરવાજા અને પેસેજ પહોળા રાખવા.
- ફરસ પર લપસી ના પડાય તેવી સામગ્રીનો ઉપયોગ કરવે.
- હેરફેર કરવાની હોય ત્યાં અવરોધરૂપ તમામ વસ્તુઓ ટાળવી.
- વસ્તુઓ અને ફરસનું સ્તર બદલાય તો અલગ અલગ વિરોધી રંગો વાપરવા.
- જ્યાં દિશા અને ફરસનું સ્તર બદલાય ત્યાં ઓછી દૃષ્ટિવાળાને ઉપયોગી થાય તે માટે ફરસ પર વિરોધી રંગોવાળી નિશાનીઓ કરવી.
- દરવાજા, નળ વગેરેમાં હેન્ડલ લીસા-ગોળ રાખવાને બદલે લિવર પ્રકારનાં રાખવાં.
- કાઉન્ટર, વર્ક ટોપ, સ્વિચ, નળ વગેરે પહોંચી શકાય તેટલી ઊંચાઈએ રાખવાં.
- જાજરૂના દરવાજા પહોળા રાખવા અને તમામ ફિક્ચર્સ પહોંચી શકાય તેટલી ઊંચાઈએ રાખવાં.
- લિફ્ટના દરવાજા પહોળા રાખવા અને તે ખોલવાનો સમય મોટો રાખવો. લિફ્ટના દરવાજાની સામેની દિવાલે કાચ રાખવો કે જેથી વ્હીલ ચેરમાં બેઠેલી વ્યક્તિ માળની સંખ્યા જોઈ શકે. દૃષ્ટિક્ષતિ ધરાવનારા માટે શ્રાવ્ય સંકેતો રાખવા.
- બહેરાશ ધરાવનારા માટે યોગ્ય સંકેતો રાખવા. અંધ વ્યક્તિઓ માટે બ્રેઈલ અને ટેકટાઈલ નકશ અને સંકેતો રાખવા.

દુનિયા અને ભારત આ દિશામાં આગળ વધી રહ્યાં છે અને આપણે પણ તેમની સાથે કદમ મિલાવીએ એ સમયની માંગ છે. અને આજે તમામ જવાબદાર નાગરિકો ભેગા થાય અને આ દિશામાં કેવી રીતે આગળ વધવું તે વિચારે એ જરૂરી છે.

# બળાત્કારના કેસમાં ન્યાય માટેના પ્રયાસો

ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના એક ગામે એક દલિત બાળા પર એક યુવાને બળાત્કાર ગુજાર્યો. 'બનાસકાંઠા દલિત સંગઠન' દ્વારા આ કેસ હાથ ધરાયો અને આરોપીને સજા થાય તે સુનિશ્ચિત કરાયું. કેસની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન સંગઠને કયાં કયાં પગલાં લીધાં અને સંગઠનના કાર્યકરોના કેવા અનુભવો રહ્યા તેની કહાણી અહીં રજૂ કરાઈ છે. આમ આદમી માટે ન્યાય મેળવવો કેટલો કઠિન છે અને એની પ્રક્રિયા કેટલી જટિલ છે તે આના પરથી સમજાય છે.

**પ્રસ્તાવના**

બનાસકાંઠા જિલ્લાના રતનપુર-રામપુર હાઈવે પાસે એ જ વિસ્તારની એક દલિત છોકરી ઉપર બળાત્કાર થયો પછી આરોપીને સજા થાય તે માટે 'બનાસકાંઠા દલિત સંગઠન' દ્વારા જે પ્રયાસો કરવામાં આવ્યા છે તેની વિગતો અહીં આપવામાં આવી છે. ન્યાય મેળવવાની પ્રક્રિયા કેવી છે એના અનુભવોની દાસ્તાન અહીં રજૂ થઈ છે.

ખીમાણાવાસ ગામના દલિત એવા વશરામભાઈ અને પાલુબહેનની ૧૧ વર્ષની દીકરી સ્મિતા (નામ બદલવામાં આવ્યું છે) ઉપર તા.૨૨-૨-૨૦૦૩ના રોજ સાંજે ૫થી ૬ના ગાળા દરમ્યાન બળાત્કાર થયો. સ્મિતા તેની મોટી બહેન સાથે રામપુરના ડોક્ટર જ્યોતિબહેનને ત્યાં ઘરેલૂ નોકર તરીકે કામ કરતી હતી. સ્મિતા 'તેજા જાદુગર' કંપનીમાં પણ કામ કરતી હતી.

રામપુર રેફરલ હોસ્પિટલની નજીક છેલ્લા એકાદ મહિનાથી આ કંપનીએ પડાવ નાખ્યો હતો. બનાવના દિવસે તે પાણી ભરવા ગઈ હતી અને તે સમયે એ કંપનીમાં કોમેડિયન તરીકે કામ કરતા સુરેશ (નામ બદલવામાં આવ્યું છે) દ્વારા તેને રસ્તામાં અટકાવવામાં આવી. તેના દ્વારા તેને પકડીને મોંએ ડૂચો મરાયો અને તેને ઝાડીમાં ઢસડી ગયો અને ત્યાં તેના પર બળાત્કાર કરાયો.

સુરેશનો નિવાસ આ જ ગામના નવા વાસમાં છે. તે ૨૫ વર્ષનો છે, પરણિત છે અને તેને બે દીકરીઓ છે. તે નિવેદનમાં એમ કહેતો હતો કે તેને સ્મિતા સાથે ખાસ સંબંધ છે અને સ્મિતાની સંમતિથી જ તે તેની સાથે સંબંધ રાખે છે. પણ તે દિવસે તો અને એવો સંબંધ થયો જ નહોતો.

સ્મિતાનાં મા-બાપ ૫ એકર જમીન ધરાવે છે. વશરામભાઈના ભાઈનું અકસ્માતમાં મૃત્યુ થવાથી તેઓ રામપુર નગરમાં સ્થળાંતર કરી ગયા હતા. તેમણે તેમની જમીન ભાગિયા ખેતીમાં આપી દીધી હતી. તેઓ છૂટક મજૂરી કરતા હતા. તેમની બે છોકરીઓ ડૉ. જ્યોતિબહેનને ત્યાં ઘરકામ કરતી હતી અને રૂ. ૯૦૦ દર મહિને કમાતી હતી.

બળાત્કાર પછી રામપુરના પી.એસ.આઈ. દ્વારા ફરિયાદ નોંધાઈ અને રામપુર રેફરલ હોસ્પિટલમાં છોકરીની તબીબી તપાસ થઈ. છોકરી અને આરોપી બંનેના નિવેદનો લેવાયાં. આરોપીની ધરપકડ થઈ અને કસ્ટડીમાં રખાયો.

કેસ ચાલ્યો અને આરોપીને ૧૦ વર્ષની કેદની સજા અને રૂ. ૨૦૦૦નો દંડ થયો. પણ આ કેસમાં 'બનાસકાંઠા દલિત સંગઠન' દ્વારા જે દરમ્યાનગીરી કરાઈ અને કેસની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન જે કંઈ બન્યું તે ન્યાય મેળવવાની પ્રક્રિયા કેટલી ગૂંચવણભરેલી છે તે દર્શાવે છે.

**સંગઠનના પ્રયાસો**

**પ્રથમ પગલું**

કાર્યકરોનું પ્રથમ પગલું પરિવારને વિશ્વાસમાં લેવાનું, લાગણીનો ટેકો પૂરો પાડવાનું અને ન્યાય માટે લડત આપવા સંગઠનાત્મક ટેકો પૂરો પાડવાનું હતું. સંગઠને પરિવારને ખાતરી આપી કે આગામી મહિનાઓમાં જરૂરી તબીબી સારવાર અને સલાહ સારવાર માટે પ્રતિબદ્ધ છે.

**બીજું પગલું**

પરિવારનો વિશ્વાસ મેળવ્યા પછી મહિલા કાર્યકરે અસરગ્રસ્ત સાથે સમય ગાળ્યો અને તેનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો. તેની સાથે વાતચીત કરીને અને બધું ઠીકઠાક થઈ જશે એમ સમજાવીને એ વિશ્વાસ મેળવાયો.

**ત્રીજું પગલું**

પરિવારના સભ્યો પછી તબીબી સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સંગઠનના કાર્યકરો સાથે જવા માટે સંમત થયા. ત્યાં

મોંઘીબહેનને દાખલ કરાયાં, તેમની તબીબી તપાસ થઈ અને તેમને સાર વાર અપાઈ. સંગઠનના કાર્યકરોએ તેમની સાથે પરિવારના સભ્ય જેવો જ વ્યવહાર કર્યો. તે તેમના ખરાબ અનુભવમાંથી બહાર આવે તે માટે પ્રયાસ કરાયો. તેની સાથે સંવાદ ઊભો કરાયો કે જેથી આવનારા મહિનાઓમાં તે વધારે વાતચીત સંકોચ વિના કરી શકે. જ્યારે કેસની સુનાવણી શરૂ થાય ત્યારે એ ખૂબ મહત્ત્વનું હતું.

**ચોથું પગલું**

કાર્યકરોએ લાંબા ગાળાની વ્યૂહરચના ઘડી કાઢી કે જેથી લાંબા ગાળા માટે વિશ્વાસનો સેતુ ઊભો થાય.

- આરંભનાં સપ્તાહો દરમ્યાન પરિવાર સાથે રહેવું અને સમાધાન માટચે વાત કરવા કોઈ નેતા આવતા હોય તો તેના પર નજર રાખવી.
- મોંઘીબહેન સાથે સમય વીતાવવો અને તેનો આત્મવિશ્વાસ વધારવો અને તેને લાગણીનો ટેકો આપવો.
- સમુદાય સાથે સમય ગાળવો કે જેથી પરિવારને સમુદાયનો ટેકો મળે.

**પાંચમું પગલું**

કાર્યકરોએ ગામમાં સતત દેખરેખ રાખી. પરિવાર ઉપર ગામના વડીલો કે સમુદાયના વડીલો દ્વારા પૈસાથી કે ધમકીથી સમાધાન કરવા માટે દબાણ થાય છે કે નહિ તે જોયું. અસરગ્રસ્તના પરિવાર સાથે સતત સંપર્કમાં રહીને ગામ અને સમુદાયનું અંદરુની પાસું સમજવું જરૂરી હતું. પરિવાર ઉપર સમાધાન માટે દબાણ આવે અથવા સુનાવણી સમયે નિવેદનો ફેરવી તોળાય એમ બને તેવી શક્યતાઓ હતી. સતત સંપર્ક દ્વારા કાર્યકરોએ પરિવાર સાથે ઘરોબો કેળવ્યો.

**છઠ્ઠું પગલું**

દરમ્યાન સંગઠનના કાનૂન વિભાગે વકીલો સાથે સતત સંપર્ક રાખ્યો અને કેસની સુનાવણી ક્યારે ચે તે જાણવાનો પ્રયત્ન કર્યો. જ્યારે કેસ અદાલતના બોર્ડ ઉપર મુકાયો ત્યારે કાર્યકરો સરકારી વકીલને મળ્યા. એમ લાગ્યું કે તેમણે કેસ બરાબર વાંચ્યો જ નહોતો. તેમણે વ્યૂહરચના પણ વિચારી નહોતી. તેઓ એક વાતનું રટણ કરતા હતા અને તે હતી સમાધાન. કાર્યકરોએ તેમને કેસની ગંભીરતા સમજાવી. તેમણે તેમને એમ પણ કહ્યું કે પરિવારને સમાધાનમાં રસ નથી. પછી કાર્યકરોએ કેસની સંભાવનાની ચર્ચા કરી અને વ્યૂહરચના વિચારી.

**સાતમું પગલું**

સંગઠનને એમ લાગ્યું કે સરકારી વકીલની સાથે સાથે પોતાનો વકીલ પણ હોવો જોઈએ. તેથી ન્યાયમૂર્તિની પરવાનગીથી એક વકીલની નિમણૂક કરવામાં આવી. તેઓ સરકારી વકીલને દલીલ કરવામાં મદદ કરે એમ નક્કી થયું. બીજું, કોઈક મહિલા સામાજિક કાર્યકર કેસ ચાલતો હોય ત્યારે હાજર રહે એમ જરૂરી લાગ્યું. તેથી ન્યાયમૂર્તિને એક લેખિત અરજી કરવામાં આવી. પછી તેમણે તે માટે મંજૂરી આપી.

**આઠમું પગલું**

સરકારી વકીલ દ્વારા એવી વિનંતી કરાવડાવી કે અસરગ્રસ્તનું નિવેદન છેલ્લે નોંધવામાં આવે અને બાકીના સભ્યોનું નિદેન આરંભમાં લઈ લેવાય. ઢીલા ન પડાય અને ન્યાયમૂર્તિનો સામનો અસરગ્રસ્ત આત્મ-વિશ્વાસથી કરી શકે તે માટે આ વ્યૂહ ઘડવામાં આવ્યો.

**નવમું પગલું**

કેસની સફળતા માટે અસરગ્રસ્ત અને અન્ય વ્યક્તિઓને તાલીમ આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ પ્રક્રિયાનો આ સૌથી મુસીબતભર્યો ભાગ હતો. અસરગ્રસ્ત છોકરી તો ૧૧ વર્ષની જ હતી. તેણે જે કંઈ બન્યું હતું તે યાદ કરવાનું હતું અને પરેશાની આપતા પ્રશ્નોના જવાબ આપવાના હતા. બચાવ પક્ષના વકીલના પ્રશ્નોના જવાબ કેવી રીતે આપવા તેની પણ તાલીમ આપવામાં આવી. એ તો વધારે મુશ્કેલ બાબત હતી. વકીલો તો વ્યવસાયી રીતે પ્રશ્નો પૂછે. તેથી કાર્યકરોએ છોકરીને અને તેના પરિવારને લાગણીનો ટેકો પૂરો પાડવાનો હતો.

કેસ શરૂ થયો. કાર્યકરો અસરગ્રસ્ત પરિવારની સાથે જ અદાલતમાં ગયા તેમણે અદાલતી તંત્ર અને ન્યાયમૂર્તિઓ વિશે વાત કરી અને તેમને બોલવામાં મદદ કરી. પંચનામામાં જેમનાં નામ હતાં એ બધાને કાર્યકરોએ મદદ કરી. તેમને પણ તાલીમ અપાઈ, સંગઠનના કાર્યકરોએ તેમની સાથે પણ સતત સંપર્ક રાખ્યો હતો.

**દસમું પગલું**

પરિવાર અને અદાલત સાથે કાર્યકરોનો સતત સંપર્ક રહ્યો. જ્યારે પણ સુનાવણી ચાલે ત્યારે તેઓ હાજર રહે તેની કાળજી રખાઈ.

**અગિયારમું પગલું**

કેસ ચાલે ત્યારે તે બંધ બારણે ચાલે તે માટે ન્યાયમૂર્તિને વિનંતી કરાઈ. અસરગ્રસ્ત છોકરીનું ગૌરવ જળવાય તે અગત્યનો મુદ્દો હતો. મહિલા સામાજિક કાર્યકર સતત તેને હૂંફ આપવા માટે હાજર રહ્યા હતા. બચાવ પક્ષના વકીલ પણ પ્રશ્નો પૂછ્યા. ઘણી વાર ન્યાયમૂર્તિએ તે કાઢી નાખ્યા.

## વિવિધ અનુભવો

આ કેસ દરમ્યાન સંગઠનના કાર્યકરોને લાંબા ગાળા દરમ્યાન જે વિવિધ પ્રકારના અનુભવો વિવિધ લોકો તરફથી થયા છે તે નીચે મુજબ છેઃ

### ૧. પોલિસ

રામપુરના પોલિસ કોન્સ્ટોબલો છોકરી સાથે જિલ્લા હોસ્પિટલે અને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. પોલિસનું વલણ ભાગ્યે જ પ્રોત્સાહક હતું. હોસ્પિટલના સત્તાવાળાઓ તેમની વાતચીત પરથી એમ લાગે છે.

જિલ્લા સિવિલ હોસ્પિટલ ખાતે પહેલી જ વાર સ્મિતાબહેનેને મળ્યા ત્યારે તેઓ થાકેલા પથારીમાં પડ્યા હતાં. ડોક્ટરે કેસ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં મોકલ્યો. ડોક્ટરે કહ્યું કે છોકરીને પ્રસૂતિલક્ષી બાબતોની સારવારની જરૂર છે અને તેથી તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવી પડશે.

મહિલા પોલિસ કોન્સ્ટેમ્બલ ઉર્મિલાબહેન ઠાકોરે કહ્યું કે, “અમદાવાદની સિવિલ હોસ્પિટલ જવું કેવી રીતે શક્ય છે? મને તો સિવિલ હોસ્પિટલની કંઈ ખબર જ નથી. હું તો રામપુરથી આવી છું અને સવારથી કોઈ તૈયારી પણ કરી શકી નથી”. જ્યારે બીએસસી દ્વારા આ કેસ હાથ ધરાયો ત્યારે તેણે છોકરી, તેનો પરિવાર અને પોલિસને અમદાવાદ લઈ જવાની જવાબદારી ઉઠાવી. ખરેખર તો આ જવાબદારી પોલિસે નિભાવવી ન જોઈએ?

બીજું, પોલિસને હોસ્પિટલની કાર્યવાહીની કંઈ ખબર ન હોતી અને અજાણ્યા સ્થળે અજાણ્યા માણસો સાથે વાતચીત કરવામાં તેમને આત્મવિશ્વાસ હોતો નથી. કેસ નોંધાવવો, વોર્ડ શોધવા, ડોક્ટર સાથે વાતચીત કરવી વગેરે તમામ બાબતોમાં તેઓ ગભરાય છે. ત્રીજું, મહિલા કર્મચારીઓ પણ અસરગ્રસ્તરને ઝાઝો ટેકો આપતી નથી. તબીબી તપાસ દરમ્યાન તેને સાથ-સહકાર આપવાને બદલે તેમણે બધી જવાબદારી બીએસસી પર નાખી દીધી. આમ જુઓ તો, પોલિસ આ બાબતે સંપૂર્ણપણે માહિતગાર હોવી જોઈએ અને તેણે જ તમામ કાર્યવાહી કરવી જોઈએ.

ચોથું, તબીબી તપાસ પતી જાય પછી મહિલા કર્મચારીને તેના સગાને ઘેર જવામાં અને રાતે ત્યાં રોકાવામાં રસ હતો.

### ૨. સિવિલ હોસ્પિટલ

૧૧ વર્ષની છોકરી જ્યારે સિવિલ હોસ્પિટલ પહોંચી ત્યારે ઈમર્જન્સી અને કેઝોલ્ટી વિભાગમાં એક મૃતદેહ ત્યાં પડેલો હતો અને અનેક ફ્રેક્ચર સાથનો માણસ ત્યા આવ્યો હતો. તે તેની માતા સાથે ત્યાં બેઠી. પોલિસ અને બીએસસીના કાર્યકરો કેસ નોંધાવવા માટેની કામગીરીમાં વ્યસ્ત હતા.

છેવટે ૪૫ મિનિટ પછી તેને ગાયનેક વોર્ડમાં દાખલ કરવામાં આવી. રેસિડેન્ટ ડોક્ટરે કહ્યું કે છોકરીને પ્રસૂતિ ખંડમાં તપાસ માટે લઈ જવી પડશે. ત્યાં અનેક સગર્ભા સ્ત્રીઓ હતી. જે ખાટલા પર સ્મિતા હતી તે બીજા ખાટલાંઓથી અલગ નહોતો.

એટલે તેની નજરે ઘણું બધું પડ્યુંઃ ગર્ભપાત કરાવતી સ્ત્રી, પ્રસૂતિની પીડા અનુભવતી સ્ત્રીની ચીસો, બાળક જન્મ્યા બાદ સગાંઓની શોધ ચલાવતી એક સ્ત્રીની આંખો. તે સમયે પોલિસ કંઈક ખાવા બહાર ગઈ હતી. તેની મા ત્રણ મહિનાને બાળકને સ્તનપાન કરાવવા બહાર ગઈ હતી. કાર્યકરે સ્મિતા સાથે વાતો કરીને તેને હૂંફ આપવાનો પ્રયત્ન કર્યો. તેમણે ડોક્ટરને ઝડપથી તપાસ કરવાનું કહ્યું.

તેમણે કહ્યું કે રેસિડેન્ટ ડોક્ટરને તપાસ કરવાની સત્તા નથી. આસિસ્ટન્ટ પ્રોફેસર આવશે અને તે તપાસ કરશે એમ તેમણે કહ્યું ડોક્ટરો અને નર્સોનું વલણ સારું હતું. રાતે ૧૨ વાગ્યો તપાસ પત્યા પછી તેને વોર્ડ બી-૩માં લવાઈ.

બીજે દિવસે એક્સ-રે ની કહાણી. એક્સ-રે કઢાવવા માટેની કાર્યવાહીમાં જ અડધો કલાક ગયો. તેનાથી તેની ઉંમર નક્કી થાય. હોસ્પિટલમાં જો કોઈ જાણીતું ન હોત તો તેમાં પણ આખો દિવસ પસાર થઈ ગયો હોત.

### ૩. પરિવાર

આર્થિક વંચિતતાને લીધે માણસો સંવેદનહીન બની જાય છે. જ્યારે ડોક્ટર તપાસ કરી રહ્યા હતા અને અમે રાહ જોઈ રહ્યા હતા ત્યારે છોકરીના બાપે પૂછ્યું હતું કે, “અહીં આપણને કેટલા દિવસ લાગશે?” તેમને માટે લણણીનો સમય અગત્યનો હતો અને તેથી ઘેર પાછા જવું હતું. માતાને પણ ઘેર બે બાળકો હતાં તેમની ચિતા હતી. પણ છોકરીને પરિવારની જરૂર હતી. ૧૪ સભ્યોનો આ પરિવાર સતત અસ્તિત્વની લડાઈ લડતો હતો તેથી પ્રેમ એ તેમને માટે વૈભવની ચીજ હતી.

### ૪. સમાજ

પરિવાર તેના ઘેર પાછો પહોંચ્યો એટલે લોકો તેમના ઘેર આવવા માંડ્યા. કેટલાંક તેમને એમ કહેતા હતા કે, “આ દીકરી તો મરી ગઈ

છે. આને તમે શું કરવાના?" છોકરીની માતા ખૂબ વિક્ષુબ્ધ હતી અને તેની ઈચ્છા હતી કે છોકરી કોઈક દૂરની જગ્યાએ રહે તો સારું કે જેથી તેના કાને આવી બધી વાતો ના પડે.

### ૫. સરકારી વકીલ અને બચાવ પક્ષના વકીલ

પહેલી સુનાવણીના આગલા દિવસે સરકારી વકીલ સાથે પહેલી મુલાકાત થઈ હતી. એ બહુ આશાસ્પદ રહી નહોતી. તેમણે કેસ વાંચ્યો જ નહોતો. મોટે ભાગે સરકારી વકીલ શું બળાત્કારના કિસ્સામાં આવું જ કરતા હશે?

તેઓ એવી છાપ હેઠળ હતા કે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના ટેસ્ટ હકારાત્મક હતા. એ નકારાત્મક બતાવે છે એવું જાણતાં તેમને આશ્ચર્ય થયું હતું. આખો કેસ છોકરીના નિવેદન ઉપર આધારિત હતો અને તેથી તદ્દન જુદી જ વ્યૂહરચનાની જરૂર હતી. તેમણે કહ્યું કે છોકરી સુનાવણી સમયે ફરી જશે. સરકારી વકીલનું આ નિરુત્સાહી વલણ આઘાતજનક હતું.

બચાવ પક્ષના વકીલે અસરગ્રસ્ત પરિવાર સાથે રૂ. ૫૦,૦૦૦માં સમાધાન માટે પ્રયાસ કર્યો હતો. પણ પરિવાર ડગ્યો ન હતો. તેઓ સુનાવણી દરમ્યાન અપ્રસ્તુત સવાલો પૂછીને છોકરીને ગૂંચવવા માગતા હતા.

### ૬. અદાલત

ન્યાયમૂર્તિએ છોકરી સ્મિતાને સુનાવણી શરૂ થતાં પૂછ્યું હતુંઃ "તું સાચું બોલે છે?" સ્મિતા મૌન રહી હતી. એ પ્રશ્ન ફરી પુછાયો ત્યારે પણ તે ચૂપ રહી. પછી ન્યાયમૂર્તિએ પૂછ્યુંઃ "શું તું ગામમાં મંદિરે જાય છે?" તેણે કહ્યું "ના". તે દલિત હતી અને ગામના મંદિરમાં દલિતોને પ્રવેશ નહોતો. ન્યાયમૂર્તિએ કહ્યુંઃ "જેમ મંદિરમાં તું સાચું બોલે છે, એમ તારે સત્ય જ બોલવાનું છે."

છોકરી રાજસ્થાની બોલી મિશ્રિત ગુજરાતી ભાષા બોલતી હતી. પણ વકીલો શુદ્ધ ગુજરાતી બોલતા હતા. તેથી પ્રશ્નો સમજવાનું અને તેમનો જવાબ આપવાનું છોકરી માટે મુશ્કેલ બની જતું હતું. બચાવ પક્ષના વકીલ સતત એમ કહેતા હતા કે છોકરી શું બોલે છે તેની તેમને ખબર પડતી નથી.

## કેટલાંક અવલોકનો

- સરકારી વકીલનું પ્રાથમિક વલણ તો ન્યાય માટે લડવાને બદલે સમાધાન કરવાનું હતું.
- અદાલતમાં જે ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે તે ગ્રામીણ લોકો માટે તો એટલી બધી અજાણી હોય છે કે તે ધમકીરૂપ લાગે છે. ન્યાયમૂર્તિ તેને સમજાય તેટલી સરળ કરે તો જ કંઈક થાય.
- કાનૂન સરળ હોવો જોઈએ અને સમજવામાં સરળ હોવો જોઈએ. તેને બદલે વકીલો તેને એટલો અઘરો કરી નાખે છે કે અસરગ્રસ્તો તેથી જ અદાલતોથી દૂર રહે છે.
- મહિલાઓના અધિકારો માટે કામ કરતાં સંગઠનોએ સમુદાયની હિલચાલ ઉપર સતત નજર રાખવી જોઈએ. ઉપરાંત, સરકારી વકીલ અને બચાવ પક્ષના વકીલો ઉપર પણ દેખરેખ રાખવી જોઈએ.
- જો સતતપણે મજબૂત પીઠબળ ના હોય તો તદ્દન વિરોધી વાતાવરણમાં એક મહિલા માટે લડવાનું મુશ્કેલ હોય છે.

## સૂચનો

સ્મિતા નામની ૧૧ વર્ષની છોકરીના ઉપર થયેલા બળાત્કારના ઉપરોક્ત કેસના અનુભવોને આધારે ન્યાય મેળવવા માટેની દેશમાં પ્રવર્તમાન સમગ્ર પ્રક્રિયામાં નીચે મુજબના ફેરફારોની જરૂર છે એમ લાગે છેઃ

(૧) પોલિસ અને ખાસ કરીને મહિલા પોલિસને મહિલાઓના માનવ અધિકારો વિશે વધારે સંવેદનશીલ બનાવવાની જરૂર છે કારણ કે તેઓ મહિલાઓને મોટે ભાગે મનુષ્ય ગણતા જ નથી એમ લાગે છે.

(૨) ખાસ કરીને બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓને મહિલા પોલિસ ટેકો આપે એ જરૂરી છે. મહિલા પોલિસને આ માટે વિશેષ તાલીમ આપવાની જરૂર છે.

(૩) ગ્રામીણ પોલિસ કર્મચારીઓ શહેરી હોસ્પિટલની કાર્યવાહીની ખબર હોવી જોઈએ. હોસ્પિટલના સત્તાવાળાઓને તથા તેમના કાર્યોને તેઓ સુપેરે જાણતા હોય એ જરૂરી ગણાવું જોઈએ. તેમની તાલીમમાં એ બાબતનો સમાવેશ થવો જોઈએ. ઉપરાંત હોસ્પિટલના સત્તાવાળાઓ અને પોલિસ વચ્ચે આ બાબત વિશેનો સંપર્ક ઊભો થયેલો હોવો જોઈએ.

(૪) એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં કેસ તબદીલ થાય તો તેમને સાધનો અને ટેકો મળવાં જોઈએ.

(૫) હોસ્પિટલમાં બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓને અલગ વોર્ડમાં રાખવી જોઈએ અને તેમની અલગ સારવાર થવી જોઈએ. વોર્ડમાં બધા લોકો તેની સામે જોયા ન કરે તે માટે આ જરૂરી છે.

(૬) હોસ્પિટલની કાર્યવાહી ઝડપી અને સરળ હોવી જોઈએ. પોલિસ કેસ માટે અલગ રજિસ્ટ્રેશન કાઉન્ટર હોવું જોઈએ, તપાસ તત્કાળ થવી જોઈએ.

# સાંપ્રત પ્રવાહ

## દલિત અધિકાર કારવાં

આજે પણ ભારતીય સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થા એક હકીકત છે. સરકાર દ્વારા અસ્પૃશ્યતા નિવારણ કાનૂન-૧૯૫૫ અને અનુસૂચિત તથા અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ કાનૂન-૧૯૮૯ જેવા કડક કાયદા થયા હોવા છતાં અને અનેક યોજનાઓની જોગવાઈઓ થઈ હોવા છતાં દલિતોની સ્થિતિ ગંભીર છે. આપણા સ્વતંત્ર રાષ્ટ્રમાં જ્ઞાતિ વ્યવસ્થાને કારણે અમુક વર્ગોને સામાજિક અલગાવ, ભેદભાવ, આર્થિક શોષણ, સાંસ્કૃતિક દમન, અત્યાચાર અને રાજકીય અન્યાયનો ભોગ બનવું પડે છે. આ પ્રકારનું વર્તન ફક્ત ગરીબ, નિરક્ષર અને ગ્રામીણ દલિત મહિલાઓ અને પુરુષો સાથે જ થાય છે એવું નથી. પરંતુ સરકારમાં ઉચ્ચ પદે બેઠેલા, આર્થિક રીતે સમૃદ્ધ અને રાજકીય નેતૃત્વ ધરાવતા લોકો સાથે પણ થાય છે. આજે પણ દલિત બાળકો શાળામાં એક જ માટલામાંથી પાણી પી શકતાં નથી, દલિત લોકો લગ્ન સમયે ઘોડા પર બેસી શકતા નથી, સાફો પહેરી શકતા નથી અને પંચાયતમાં એક જ જાજમ પર બેસી શકતા નથી. દલિત મહિલાઓ પર નકારાત્મક ઓળખ લાદવામાં આવેલી છે અને પિતૃસત્તાક વ્યવસ્થાને કારણે તેમની પર શારીરિક, માનસિક અને આર્થિક અન્યાયો થઈ રહ્યા છે. રાજસ્થાનમાં ૨૦૦૧માં દલિતો પરના અત્યાચારોના ૫૨૯૫ કિસ્સા નોંધાયા હતા. ૨૦૦૪માં તે ૨૯ ટકા વધીને ૬૮૪૨ થયા. આર્થિક સંસાધનોનો અભાવ તથા તેમની જમીનો પર બિન-દલિતો દ્વારા થતાં દબાણોને પરિણામે દલિતો અત્યંત ગરીબ અને આર્થિક રીતે પરાવલંબી છે. આ સામાજિક વ્યવસ્થા સામે જો વાંધો ઉઠાવાય તો આર્થિક અસહયોગ અને સામાજિક બહિષ્કારનું શસ્ત્ર તેમની સામે ઉગામાય છે અને તેમણે ધમકીઓ અને હિંસાનો સામનો કરવો પડે છે. રાજસ્થાનમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી તેનાં ઉદાહરણો મોટી સંખ્યામાં દેખાય છે.

જ્ઞાતિ પ્રથા અને અસ્પૃશ્યતાએ સદીઓથી ભારતીય સમાજને અસંગઠિત, કમજોર અને અન્યાયી બનાવ્યો છે. આજે સમાજમાં અસ્પૃશ્યતારૂપી અમાનવીય સામાજિક વ્યવસ્થાનો પડકાર ઊભો છે. આઝાદી પછીનાં ૫૭ વર્ષોએ આપણને એ પદાર્થપાઠ આપ્યો છે કે આ સમસ્યાનાં મૂળ એટલાં ઊંડાં છે કે તેના નિવારણ માટે માત્ર સરકાર જ મજબૂત પ્રયાસ કરે એ પૂરતું નથી. દલિત સમુદાયે સંગઠિત થવું પડશે અને સમુદાયને અધિકાર માટે સંઘર્ષરત બનવું પડશે. માનવીય મૂલ્યોમાં વિશ્વાસ રાખનારો બિન-દલિતોને પણ આ મુદ્દો સંવેદનશીલ બનાવવા પડશે. આવા પ્રયાસોને મજબૂત કરવા માટે રાજસ્થાનમાં દલિતોના પ્રશ્નો કામ કરનારાં બિન-સરકારી સંગઠનો અને દલિતો દ્વારા ૨૨-૧૧-૨૦૦૫થી ૬-૧૨-૨૦૦૫ સુધી એક રાજ્યવ્યાપી રેલી 'દલિત અધિકાર કારવાં'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેના ઉદ્દેશો આ મુજબ હતાઃ

૧. દલિતોની પ્રગતિ માટે કાર્યરત વ્યક્તિઓ અને સંગઠનોને એક જ મંચ પર લાવવાનો પ્રયત્ન કરવો.
૨. દલિતોની સામૂહિક શક્તિનું પ્રદર્શન થાય અને એ રીતે તેમનામાં આત્મ વિશ્વાસ ઊભો થાય.
૩. દલિતો, પીડિતો અને શોષિતોને જાગૃત કરીને તેમને સંગઠિત કરવા.
૪. દલિતોના પ્રશ્નો અંગે સરકાર તેમ જ નાગરિક સમાજને સંવેદનશીલ બનાવીને તેમને સંઘર્ષમાં જોડાવા આહ્વાન કરવું.

આ કારવાં રાજસ્થાનના ત્રણ જુદા જુદા પ્રદેશોમાંથી શરૂ થયો હતોઃ પશ્ચિમી રાજસ્થાનમાં જોધપુર, ઉત્તર રાજસ્થાનમાં હનુમાનગઢ અને દક્ષિણ રાજસ્થાનમાં ચિત્તોડગઢ. રાજસ્થાનના ૨૭ જિલ્લામાંથી તે પસાર થયો. રેલી દરમ્યાન વિવિધ સ્થળોએ સ્થાનિક સંગઠનો અને દલિત નેતાઓના સહયોગથી સ્થાનિક રેલીઓ અને બેઠકો યોજાયાં. સ્થાનિક સત્તાવાળાઓને દલિતોના પ્રશ્નો અંગે આવેદનપત્રો પણ આપવામાં આવ્યાં. આ રેલીમાં ૭૦ દલિત મહિલાઓ અને પુરુષો તેમ જ સામાજિક કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. બેઠકો દરમ્યાન દલિત નેતાઓ દ્વારા દલિતોના પ્રશ્નો અંગે વિશ્લેષણ કરવામાં આવ્યું. ત્રણ ક્ષેત્રોમાંથી આવેલી રેલીઓ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૫ના રોજ જયપુરમાં એક વિશાળ જનસભામાં રૂપાંતરિત થઈ હતી. તેમાં લગભગ ૭૦૦ દલિતો હાજર રહ્યા હતા. એ સભાને નેશનલ કાઉન્સિલ ફોર ડેમોક્રેટિક હ્યુમન રાઈટ્સ (એનસીડીએસઆર)ના શ્રી પી. એલ. મીમરોઠ તથા શ્રી થાનસિંહ અને પીયુસીએલના સુશ્રી કવિતા શ્રીવાસ્તવ વગેરેએ સંબોધન કર્યું હતું.

## અન્ન અને કામનો અધિકારઃ કોલકાતા સંમેલન

કોલકાતા નજીક બાડુ ખાતે ૧૮થી ૨૦ નવેમ્બર-૨૦૦૫ દરમ્યાન અન્ન અને કામના અધિકાર અંગે બીજું રાષ્ટ્રીય સંમેલન મળ્યું હતું. તેમાં દેશભરમાંથી લગભગ ૬૦૦ કર્મશીલો હાજર રહ્યા હતા. તેનું ઉદ્‌ઘાટન પ્રવચન પી. સાંઈનાથે આપ્યું હતું. તેમણે દેશના પ્રવર્તમાન

અન્ન અને રોજગારીની પરિસ્થિતિ વિશે વાત કરી હતી. એ જ બેઠકમાં પશ્ચિમ બંગાળના નાણાં પ્રધાન અસીમ દાસગુપ્તાએ એવી ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારાનો અમલ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

જાહેર વિતરણ વ્યવસ્થા, અન્ન માટેનો બાળકોનો અધિકાર, વર્તમાન જીવનનિર્વાહનું રક્ષણ, જંગલ અને જમીનના અધિકારો, અસંગઠિત કામદારો માટે સામાજિક સલામતી વગેરે વિષયો વિશે સમાંતર કાર્યશાળાઓ ચલાવવામાં આવી હતી. માહિતી અધિકાર ધારા અને રોજગાર બાંયધરી ધારા વિશે બે પ્રશિક્ષણ કાર્યશાળાઓ પણ યોજવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમો, ડૉ. દેવલ દવેનું 'વિશ્વ વ્યાપાર સંગઠન' (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન - ડબ્લ્યુટીઓ) વિશેનું વ્યાખ્યાન, કોલકાતામાં વેશ્યાઓની લડત વિશેની રજૂઆત, દક્ષિણ આફ્રિકાના બે પ્રતિનિધિઓની કેફિયત વગેરે જેવા કાર્યક્રમો પણ આ સંમેલન દરમ્યાન યોજાયા હતા.

૨૦મી નવેમ્બરે યોજાયેલી છેલ્લી બેઠકમાં સંગઠાત્મક પ્રશ્નોની ચર્ચા યોજાઈ હતી. ઝુંબેશના સંભવિત માળખા વિશે ઘણાં રસપ્રદ મંતવ્યો રજૂ થયાં. એ અંગે ટૂંકમાં જ બેઠક મળી શકે એવું નક્કી થયું. દરમ્યાન વાર્ષિક અધિવેશન તો મળે જ અને તેનું સચિવાલય ચાલુ રાખવાનું નક્કી કરાયું હતું. એક સલાહકાર જૂથ રચવામાં આવશે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ righttofood@gmail.com

## 'લોકનાદ'નો અભિવાદન કાર્યક્રમ

સમાજને સ્પર્શતા મુદ્દાઓને ગીત-સંગીત અને સાહિત્ય જેવી સાંસ્કૃતિક અભિવ્યક્તિથી ઉજાગર કરનારા મંચ તરીકે 'લોકનાદ' જાણીતી છે. સમાજમાં સમરસતા, ભાઈચારો અને શાંતિ સ્થપાય તે દિશામાં 'લોકનાદ'નાં શ્રી વિનયભાઈ અને સુશ્રી ચારુલબહેને મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેમની નિષ્ઠા અને રચનાત્મક દૃષ્ટિની કદર કરીને દિલ્લી સ્થિત 'સંસ્કૃતિક પ્રતિષ્ઠાન' દ્વારા ૨૦૦૫ના વર્ષનો 'વિશિષ્ટ સામાજિક ઉપલબ્ધિ પુરસ્કાર - સંસ્કૃતિ એવોર્ડ' એનાયત થયો છે. તે નિમિત્તે 'ચરખા', 'નયા માર્ગ' અને 'ભૂમિપુત્ર' દ્વારા સંયુક્ત રીતે 'લોકનાદ'નું અભિવાદન કરવાનો કાર્યક્રમ અમદાવાદમાં ગજ્જર હોલ ખાતે તા.૨-૧-૦૬ના રોજ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જાણીતા કલા વિવેચક અને 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના પૂર્વે કતાર લેખક ડૉ. એસ. ડી. દેસાઈ અને મુખ્ય મહેમાન તરીકે જાણીતા કવિ અને રાજકોટના આકાશવાણીના સ્ટેશન નિયમાક શ્રી તુષાર શુક્લ હાજર રહ્યા હતા. શ્રી વિનયભાઈ અને શ્રી ચારુલબહેન દ્વારા કાર્યક્રમના અંત ભાગમાં ગીતો ગવાયાં.

## વિકાસલક્ષી રચનાત્મક કાર્યક્ષેત્રે નવોદિત નેતૃત્વ માટે શ્રી નીરૂભાઈ દેસાઈ સ્મૃતિ એવોર્ડ

નવગુજરાતના ઘડતરમાં પોતાની આગવી પ્રતિભા અને વિચારસરણી દ્વારા એક વિશેષ છાપ છોડી જનાર નિઃસ્વાર્થ સેવાભાવી શ્રી નીરૂભાઈ દેસાઈના નામથી આજની પેઢી કદાચ અજાણ હોય તેમ બને પરંતુ સામાજિક ક્ષેત્રે તેમનું પ્રદાન તેમના સમયમાં તેટલું જ આજે પણ પ્રસ્તુત છે. એક સ્વાતંત્ર્ય સેનાની છાજે એવી નિર્ભીકતા અને સ્પષ્ટતાથી તેમણે તત્કાલીન સમયની આર્થિક-સામાજિક-રાજનીતિક સમસ્યાઓની છણાવટ કરી ઉકેલ સાથે માર્ગદર્શન આપ્યું. તેમની આગવી પ્રતિભા તથા મળતાવડા સ્વભાવને કારણે નીરૂભાઈ દરેક સ્તરના લોકોમાં - પછી તે ઉદ્યોગપતિ હોય, રાજનીતિજ્ઞ, કળાકાર, સામાજિક કાર્યકર કે રમતવીર હોય - લોકપ્રિય હતા. તેમની બૌદ્ધિક સમૃદ્ધિ અને વિવિધ વિષયોમાં જીવંત રસ અચંબો પમાડે એવા હતા.

એક પત્રકાર તરીકે તેમણે નવા વિચારોને સદા આવકાર્યા અને પોષ્યા. કોઈ પણ ક્ષેત્રમાં કોઈ વ્યક્તિ સાહસ કરી નવો ચીલો ચાતરે, અન્યને ઉપયોગી થાય એવાં કામ કરે તો તેઓ બહુ રાજી થતા. તેમની આવી પ્રગતિશીલ વિચારધારા આપણી વચ્ચે સદા વહ્યા કરે તે આશયથી શ્રી નીરૂભાઈ દેસાઈ સ્મારક ફાઉન્ડેશન દ્વારા પ્રતિવર્ષ "વિકાસલક્ષી રચનાત્મક કાર્યક્ષેત્રે નવોદિત નેતૃત્વ માટે 'શ્રી નીરૂભાઈ દેસાઈ સ્મૃતિ એવોર્ડ' એનાયત વિચાર્યું છે.

**એવોર્ડની વિગતોઃ**

- કળા, શિક્ષણ, યુવા પ્રવૃત્તિઓ, પ્રકાશન ક્ષેત્રે અથવા સમાજોપયોગી કોઈ પણ ક્ષેત્રમાં સાહસપૂર્ણ અભિગમ દ્વારા શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી હોય તેવી કોઈ પણ વ્યક્તિ અને સંસ્થાને એવોર્ડ પ્રદાન કરશે.
- વ્યક્તિ/સંસ્થાનું કાર્યક્ષેત્ર ગુજરાતમાં હોવું આવશ્યક છે.
- વ્યક્તિગત શ્રેષ્ઠતાના એવોર્ડ માટે વયમર્યાદા ૧૮થી ૪૦ વર્ષ રહેશે. જ્યારે સંસ્થાગત એવોર્ડ માટે સંસ્થા ૧૦ વર્ષથી જૂની ન હોવી જોઈએ.
- એવોર્ડ માટે નામાંકન સૂચન ફાઉન્ડેશન દ્વારા આપેલ માર્ગદર્શન રૂપરેખા મુજબ જ કરવાની રહેશે.
- એવોર્ડ માટે નામાંકન સૂચન વ્યક્તિ/સંસ્થા સ્વયં કરી શકશે અથવા અન્ય કોઈ પણ કરી શકશે.
- એવોર્ડ માટે યોગ્ય વ્યક્તિ/સંસ્થાની વરણી સમિતિ દ્વારા કરવામાં આવશે. સમિતિનો નિર્ણય સર્વને બંધનકર્તા રહેશે તથા તે અંગે કોઈ પ્રકારનો પત્રવ્યવહાર/ચર્ચા સ્વીકાર્ય રહેશે નહીં.
- એવોર્ડ પ્રદાન સમારોહ તા. ૧૧.૧.૨૦૦૬ના રોજ યોજાશે.
- એવોર્ડ પ્રદાન સમારોહ તા.૧૧.૧.૨૦૦૬ના રોજ યોજાશે.
- એવોર્ડ માટે નામાંકન સૂચન નીચે જણાવેલાં સમય અને સ્થળોએથી

રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલી શકાશે.

શ્રી ધીરેનભાઈ સી. ત્રિવેદી, એલિસ બ્રિજ આરોગ્ય સમિતિ, પ્રીતમનગર અખાડા, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોનઃ (૦૭૯) ૨૬૫૮૪૮૪૫. શ્રી ચંદ્રમૌલી પાઠક, ઈન્ટરનેશનલ સેન્ટર ફોર આન્ત્રપ્રિન્યોરશિપ એન્ડ કેરિયર ડેવલપમેન્ટ (આઈસેડ), ઈ-૧/૪૧, સ્ટર્લિંગ સિટી, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮. ફોનઃ (૦૨૭૧૭) ૨૩૦૦૩૯/ ૨૩૦૦૫૯. ઈમેઈલઃ mail@icecd.org વેબસાઈટઃ www.@icecd.org

## દેશસ્નેહી એવોર્ડ

'ઈન્ડિયા ડેવલપમેન્ટ ફાઉન્ડેશન' નામની બેંગલોરની સંસ્થાનું મુખ્ય કામ સમસ્ત દેશમાં જે સંસ્થાઓ અને વ્યક્તિઓ સમાજને આર્થિક રીતે અને સામાજિક રીતે મજબૂત કરવા માટે તથા તેમની તકલીફો દૂર થાય તે માટે કામ કરે છે, તેઓને શોધીને તેમને નિમંત્રણ આપીને બેંગ્લોરમાં બોલાવી અને દેશસ્નેહી એવોર્ડ આપવાનું છે.

'ઈન્ડિયા ડેવલપમેન્ટ ફાઉન્ડેશન'ના શ્રી ઈ. પી. મેનન ભૂદાન આંદોલન વખતે ૧૯૬૧-૬૨માં વિશ્વ પ્રવાસે ચાલતાં જે બે વ્યક્તિઓ ગયેલી તેમાંના એક છે. તે સમયે અણુશસ્ત્રો સામે ભારત અને અન્ય દેશોનો જે વિરોધ હતો; તે વિચાર લઈને મેનન તથા શ્રી સતીષકુમારે પગે ચાલતાં વર્ધાથી છેક યુરોપ, અનેક દેશોમાં પસાર થવાની પરવાનગી લઈને જે પગપાળા યાત્રા કરેલી તે એ સમયમાં બહુ જ પ્રશંસા પામેલી અને શાંતિ ચાહનારા લોકોએ તેને ખૂબ વધાવેલી.

પોણા બે વર્ષની પદયાત્રા પછી શ્રી મેનન છેલ્લાં ૩૫ વર્ષથી બેંગલોરમાં સ્થિર થયા છે. ત્યાં તેમણે ૧૯૭૦-૮૦ની વચ્ચે 'વર્લ્ડ કૉલેજ ફોર પીસ' નામની સંસ્થા અન્ય લોકોના સહયોગથી ઊભી કરેલી અને તે સંસ્થામાં જુદા જુદા દેશોમાંથી લગભગ ૫૦ અને ૧૦૦ની વચ્ચેની સંખ્યામાં યુવક-યુવતીઓ આવતાં અને એક વર્ષ સુધી શાંતિ અંગેનો અભ્યાસ કરતાં. તેઓ અભ્યાસ દરમ્યાન ભારતની જુદી જુદી સંસ્થાઓ જોવા માટે નીકળતા. એ સમયનું આ એક ઘણું મહત્ત્વનું કામ હતું.

છેલ્લાં કેટલાંક વર્ષોથી શ્રી મેનન બેંગલોર અને તેની આસપાસના વિસ્તારોમાં સમાજના નબળા વર્ગમા કામ કરતી સંસ્થાને મદદરૂપ થાય છે, અને એ જ વિચારને આધારે તેમણે આ દેશસ્નેહી એવોર્ડની યોજના કરી છે.

તા. ૧૭ ડિસેમ્બર-૨૦૦૫ના રોજ બેંગલોરમાં જે પાંચ વ્યક્તિઓવને એવોર્ડ અપાયા તેમની વિગતો નીચે મુજબ છેઃ

(૧) શ્રી રાધાબહેન ભટ્ટ, જેઓ એક સ્વાતંત્ર્ય સેનાની અને બહેનોના આર્થિક, સામાજિક વિકાસ માટે કામ કરતી સંસ્થાના મુખ્ય વ્યક્તિ. હિમાલયમાં ઉત્તરાંચલ ભાગમાં આવેલ લક્ષ્મી આશ્રમની મારફતે તેઓ આસપાસના વિસ્તારોમાં ઘણું કામ કરતાં રહે છે. ચિપકો આંદોલન એટલે કે વૃક્ષને બાથી ભીડીને તેને કપાવા ન દેવું તે આંદોલન પણ ત્યાંથી જ જન્મેલું. અત્યારે તેઓ કસ્તુરબા રાષ્ટ્રીય મેમોરિયલ ટ્રસ્ટનાં સેક્રેટરી છે અને દેશના વિવિધ ભાગોમાં પ્રવાસ કરીને ગાંધીવિચાર, સર્વોદય વિચારનો ફેલાવો કરે છે.

(૨) ડૉ. રાગિણી પ્રેમ. તેમના સ્વ. પતિ પ્રેમભાઈએ જયપ્રકાશ નારાયણના વિચારોના પ્રભાવને કારણે ઝારખંડ, છત્તીસગઢ, અને બિહારની વચ્ચે આવેલા પ્રદેશમાં ૧૯૫૪માં વનવાસી સેવા આશ્રમની સ્થાપના કરેલી અને ત્યારથી તેની આસપાસના લગભગ ૫૦ કિ.મી.ના વિસ્તારમાં તેઓ સંસ્થાનાં ૧૪ જેટલાં કેન્દ્રો ચલાવે છે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં વનવાસીઓને શિક્ષણ, જલસંગ્રહ, ખેતીવાડી, બાગબાની, શરીર સ્વાસ્થ્ય માટે ઉપયોગી ઔષધિઓ, ખાદી ગ્રામોદ્યોગ, ગોપાલન, મહિલા આર્થિક વિકાસ, સહકારી સોસાયટી મારફત વેચાણ વ્યવસ્થા વગેરે કાર્યક્રમો ચલાવે છે. ડૉ. રાગિણીબહેન પોતે ડોક્ટર હોવાને કારણે આદિવાસીઓનો ઘણો પ્રેમ સંપાદન કરી શક્યાં છે.

(૩) શ્રી પી. ગોપીનાથ આયર અત્યારે ૮૪ વર્ષના આઝાદીના લડવૈયા અને ગાંધી વિચારની દૃષ્ટિએ કામ કરવામાં મુખ્યત્વે હિંદુ-મુસ્લિમ એકતા અને સંયુક્ત સંગઠનો ઊભાં કરીને સમાજમાં વિકાસનું કામ થાય તે રીતે કામ કરે છે. ૨૦૦૨ના વર્ષમાં મરડ કોમવાદી કતલને અટકાવનાર તરીકે કેરળમાં બહુ જ જાણીતા થયા, અભ્યાસમાં એક સ્કોલર અને વિનોબાજીની ભૂદાનયાત્રા વખતે પણ કેરલના આગળ પડતા કાર્યકર્તા.

(૪) શ્રી રાકેશ બહુગુણા હજી ફક્ત ૪૦-૪૨ વર્ષના યુવાન છે, જે છેલ્લાં ૧૨ વર્ષથી ટિહરી ગઢવાલ (હિમાલય)નાં જંગલોમાં, જંગલોનાં વૃક્ષોનું સંરક્ષણ, ઔષધિઓનું સંરક્ષણ અને ત્યાં રહેનારા લોકો આર્થિક રીતે કેમ સદ્ધર થાય તે માટેની યોજનાઓ ચલાવે છે. લગભગ એક લાખ વૃક્ષો તેમણે વાવ્યાં અને વવડાવ્યાં છે, જે આજે એ લોકોનું આર્થિક વિકાસનું મોટું પાસું છે.

(૫) શ્રી સૂર્યકાન્ત પરીખઃ તેઓ 'નેશનલ સેનિટેશન એન્ડ એન્વાર્યન્મેન્ટ ઈમ્પ્રુવમેન્ટ ફાઉન્ડેશન'ના અધ્યક્ષ છે. માનવ મળમાંથી બાયો-ગેસનું ઉત્પાદન, અને વીજળીની પેદાશ જેવા પ્રોજેક્ટ્સ તેમણે હાથ ધર્યા છે.

# સંદર્ભ સાહિત્ય

## દલિત આંદોલન કે પ્રેરણા પ્રતીક

આજે રાજસ્થાનમાં અનેક સ્તરોએ દલિત કર્મશીલો, સ્વયંસેવી સંસ્થાઓ તથા સામાજિક કાર્યકર્તાઓ દલિતોના અધિકારો માટે કામ કરે છે. તેમની વચ્ચે એક પ્રકારનું સામંજસ્ય ઊભું થાય તે માટે રાજસ્થાનમાં તા.૨૨-૧૧-૨૦૦૫થી તા.૬-૧૨-૨૦૦૫ સુધી 'દલિત અધિકાર કારવાં'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનના સંદર્ભમાં આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં મુખ્યત્વે ૧૬મીથી ૨૦મી સદી સુધીના ભારતના દલિત કર્મીવીરોના વિચારો, સંઘર્ષ અને પ્રભાવની ગાથા આપવામાં આવી છે. આ પુસ્તકમાં ૧૭ મહાપુરુષો વિશે ટૂંકી નોંધો અપાઈ છે. પુસ્તકના અંત ભાગમાં ડૉ. આંબેડકરનાં કેટલાંક કથનો અવતરણો તરીકે આપવામાં આવ્યાં છે. આ મહાપુરુષોએ દલિતોત્થાન માટે પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કર્યું હતો. આ સમાજ સુધારકોએ તત્કાલીન દલિત જ્ઞાતિઓની દયનીય દશા અને દુર્ગતિમાં સુધારા લાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમનું જીવન અને કાર્ય સૌને માટે પ્રેરણાદાયી છે. આ પુસ્તક દલિત સંઘર્ષમાં કાર્યરત વ્યક્તિઓ, સામાજિક કાર્યકર્તાઓ, દલિતો તથા જન સમુદાયને ઉપયોગી થાય તેમ છે.

લેખકઃ બાબુલાલ ચાંવરિયા. પ્રકાશકઃ 'ઉન્નતિ', જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૨૪૨૦૦૩, રાજસ્થાન. ફોનઃ ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ૨૬૪૩૨૪૮. ઈ-મેલઃ unnati@datainfosys.net

## ગ્રામ પંચાયતની નાણાકીય વ્યવસ્થા

ભારત સરકારે પંચાયતોની રચના માટે ૭૩મા બંધારણ સુધારાથી માર્ગ મોકળો કર્યો પરંતુ આ પંચાયતોને સક્ષમ બનાવવા માટે તેમની નાણાકીય વ્યવસ્થા પણ મજબૂત બને તે જરૂરી છે. આ અંગે ઘણી કાનૂની જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈઓ વિશે જાગૃતિ ઊભી કરવા માટે 'પંચાયત શિક્ષણ સંપુટ' તૈયાર કરવાનું વિચારાયું છે. આ સંપુટની આ પ્રથમ પુસ્તિકા છે. આ પુસ્તિકામાં ગ્રામ પંચાયતની નાણાકીય વ્યવસ્થા કેવી રીતે ગોઠવાઈ છે તેની માહિતી સરળ ભાષામાં આપવામાં આવી છે. ગુજરાત પંચાયત ધારા-૧૯૯૩ની વિવિધ કલમોમાં જે જોગવાઈઓ કરાઈ છે તે તથા તે ધારા અન્વયે જે વિવિધ નિયમો બનાવાયા છે તે સરળ ભાષામાં અહીં રજૂ કરાયાં છે. પુસ્તિકામાં જે વિષયો આવરી લેવાયા છે તે આ મુજબ છેઃ ગ્રામ પંચાયતોના વેરા અને ફી, વેરા કે ફીનાં બાકી લેણાંની વસૂલાતના નિયમો, અનુદાન અને ધિરાણ, લોન મેળવવાની ગ્રામ પંચાયતની સત્તા, ગામ ફંડ, ગ્રામ પંચાયતની મિલકત, ગ્રામ પંચાયતના મહેસૂલી અધિકારો અને કાર્યો, ગ્રામ પંચાયતના હિસાબો, સરપંચની હિસાબી જવાબદારીઓ, સરપંચનાં વિકાસ અને વહીવટનાં કામોનું આયોજન, તલાટીની હિસાબી કામગીરી, ગ્રામ પંચાયતના હિસાબોનું ઓડિટ, વાર્ષિક વહીવટી અહેવાલ, ગ્રામ પંચાયતનું અંદાજપત્ર, ગ્રામ સભાની ફરજો. આ ઉપરાંત છેલ્લે પ્રથમ ગુજરાત નાણાં પંચે ગ્રામ પંચાયતોની નાણાકીય વ્યવસ્થા અંગે જે ભલામણો કરી હતી તે આપવામાં આવી છે. આ નાણાં પંચની રચના ૧૯૯૫માં કરવામાં આવી હતી અને તેણે ૧૯૯૮માં તેનો અહેવાલ સુપરત કર્યો હતો. આ ભલામણો કુલ ૩૩ વિષયો વિશે છે અને તેમની સંખ્યા ૭૯ છે.

પંચાયત ક્ષેત્રે ક્ષમતા વર્ધનનું કાર્ય કરતાં બિન-સરકારી સંગઠનોના કર્મશીલો, ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ગ્રામ સભાના સભ્યોને આ પુસ્તિકા ખૂબ જ ઉપયોગી થાય તેમ છે. લેખન અને સંકલનઃ હેમન્તકુમાર શાહ. પ્રકાશકઃ શ્રી દિનેશ પરમાર, નિયામક, બિહેવિયરલ સાયન્સ સેન્ટર, સેન્ટ ઝેવિયર્સ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯. ફોનઃ ૦૭૯-૨૬૩૦૪૯૨૮, ૨૬૩૦૩૫૭૭. ફેક્સઃ ૦૭૯-૨૬૩૦૭૮૪૫. ઈમેલઃ sxnfesad1@sancharnet.in પ્રથમ આવૃત્તિઃ ઓક્ટોબર-૨૦૦૫. પૃષ્ઠઃ૪૩. સહયોગ રાશિઃ ૧૫ રૂ.

## માહિતી અધિકાર માર્ગદર્શિકા

તાજેતરમાં સંસદે માહિતી અધિકાર ખરડો પસાર કર્યો હતો અને તેનો અમલ ૧૨-૧૦-૨૦૦૫ના રોજથી શરૂ થયો છે. આ ખરડા વિશેની માહિતી સરળ ગુજરાતી ભાષામાં આ પુસ્તિકામાં આપવામાં આવી છે. આ પુસ્તિકામાં ચાર પ્રકરણો છેઃ

પ્રકરણ-૧માં માહિતી અધિકાર કાયદા અને નિયમનોના અમલની રૂપરેખા આપવામાં આવી છે. માહિતી અધિકારનો અમલ, અમલનો વિસ્તાર, માહિતી એટલે શું, માહિતીનો અધિકાર, જાહેર સત્તાધિકારીની ફરજો અને કચેરીના કામકાજની વિગતો, જાહેર નહિ કરવાની વિગતો, આંશિક માહિતી જાહેર કરી શકાય?, જાહેર સત્તાતંત્ર એટલે શું?, બાકાત રાખવામાં આવેલાં ખાતાંઓ-કચેરીઓ અને તેમની મર્યાદાઓ, ત્રીજા પક્ષકારો અને તેમના અધિકારો,

જાહેર માહિતી અધિકારીઓ કોણ છે?, જાહેર માહિતી અધિકારીની ફરજો, માહિતી મેળવવા માટે અરજી કરવાની પ્રક્રિયા, માહિતી મેળવવા માટેની સમય મર્યાદા, માહિતી ફી, માગણીના અસ્વીકાર માટેનાં કારણો, અપીલ સત્તાધિકારી, અપીલની મુદત અને કાર્યરીતિ, કેન્દ્રીય માહિતી આયોગની રચના, રાજ્ય માહિતી આયોગની રચના, માહિતી આયોગની સત્તા અને કાર્યો, અહેવાલ આપવાની કાર્ય પદ્ધતિ, દંડની જોગવાઈઓ, અદાલતોના અધિકારક્ષેત્રની મર્યાદા, કેન્દ્ર-રાજ્ય સરકારોની ભૂમિકા વગેરે જેવા મુદ્દાઓ આ પ્રકરણમાં આવરી લેવામાં આવ્યાં છે.

પ્રકરણ-૨માં માહિતી અધિકાર ધારો-૨૦૦૫નો ગુજરાતી અનુવાદ આપવામાં આવ્યો છે. આ ધારામાં છ પ્રકરણો, ૩૧ કલમો અને બે અનુસૂચિઓ છે. એ તમામનો ગુજરાતી અનુવાદ અહીં ઉપલબ્ધ છે. પ્રકરણ-૩માં ગુજરાત સરકારે આ ધારાના અમલ માટે જે નિયમો ઘડ્યા છે તે આપવામાં આવેલા છે. પ્રકરણ-૪માં ગુજરાત સરકારના જુદા જુદા ૨૭ વિભાગોની વેબ-સાઈટની યાદી આપવામાં આવી છે. માહિતીના અધિકારનો ઉપયોગ કરવા માગતા નાગરિકો અને આ ક્ષેત્રે કામ કરતાં બિન-સરકારી સંગઠનોને આ પુસ્તિકા ખૂબ જ ઉપયોગી થાય તેમ છે.

લેખકઃ બિપીનચંદ્ર વૈષ્ણવ. પ્રથમ આવૃત્તિ, નવેમ્બર-૨૦૦૫. કિંમત રૂ.૫૦. પ્રકાશકઃ નવસર્જન પબ્લિકેશન, પતાસા પોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ.

## બદલાવ કે સંકેત

આ હિંદી પુસ્તકમાં સહભાગી શિક્ષણ કેન્દ્ર અને સહયોગી સંસ્થાઓના અનુભવો પર આધારિત જુદા જુદા એવા કિસ્સા આપવામાં આવ્યા છે કે જે પંચાયતી રાજ સંસ્થાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનાં શ્રેષ્ઠ કાર્યો અને તે માટે તેમણે કરેલા સંઘર્ષોને ઉજાગર કરે છે. જે લોકોના પ્રયાસોનો સમાવેશ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે તે લોકો ગામડાંમાં રહેનારા તદ્દન સમાન્ય લોકો છે. પરંતુ પોતાના ગામ વિશે કંઈક વિચારવાની અને કંઈક કરવાની તલબ જેમનામાં છે એવા તેઓ છે. અને તેથી તેમને અસાધારણ લોકોની કક્ષામાં મૂકી શકાય તેમ છે. તેમના સાધારણ પ્રયાસોથી પંચાયતોને સશક્ત બનાવવાનાં અને ગ્રામ સ્વરાજ સિદ્ધ કરવાનાં સપનાં હકીકત બને એવી શક્યતાઓ ઊભી થાય છે. આ પુસ્તકમાં ૧૦ સફળ કહાણીઓ આપવામાં આવી છે. તેમની વિગતો નીચે મુજબ છેઃ

૧. આદર્શ ગાંવકા સપનાઃ પૂર્વી ઉત્તર પ્રદેશના મહારાજગંજ જનપદનું જમુનિયા ગામ અને કમલ પ્રસાદના પ્રયાસો. 'સમાધાન માનવ સંસ્થાન' તેમાં સ્થાનિક સંસ્થા છે.
૨. ગ્રામીણોં કે જીવન સ્તર કો ઉઠાનેકી કોશિશઃ પ્રતાપગઢ જનપદની પરિયાવાં ગ્રામ પંચાયતનાં સરપંચ રાજકુમારીના ગામના ગરીબોને વિભિન્ન યોજનાઓના લાભ અપાવવાના પ્રયાસો. 'ઈન્ડિયન રુરલ ટેક્નોલોજી ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ' તેમાં સ્થાનિક સંસ્થા છે.
૩. નેતા દલિતોંકાઃ ઉત્તર પ્રદેશના બુંદેલખંડ પ્રદેશના બાંદા જિલ્લામાં ગડરિયા ગ્રામ પંચાયત. સૂરજપાલના ગ્રામ વિકાસના પ્રયાસો. 'પંચાયત અધ્યયન સંદર્ભ કેન્દ્ર' તેમાં સ્થાનિક સંસ્થા તરીકે કામ કરે છે.
૪. સંવારાને સંવારા કમલાકોઃ બહરાઈચ જિલ્લાના કમલાજોતની સંવારાદેવીએ દલિતો, પીડિતો અને મહિલાઓના વિકાસ માટે પ્રયત્નો કર્યા. 'સાહસ સેવા સંસ્થાન' સ્થાનિક સંસ્થા તરીકે કામ કરે છે.
૫. સૂચના શક્તિ હૈઃ બહરાઈચ જિલ્લાના લખૈયા જહીદ ગામમાં જગદીશપ્રસાદ માહિતીના પ્રચાર-પ્રસાર માટે કામ કરે છે. 'સાહસ સેવા સંસ્થાન' તેમાં સ્થાનિક સંસ્થા તરીકે છે.
૬. તાકત ઔરતોંકીઃ બહરાઈચ જિલ્લાના ઉત્તમાપુર ગામની રેનૂદેવીએ ગામની તમામ સ્ત્રીઓ શક્તિમાન બને તે માટે પ્રયાસો કર્યા છે. 'સાહસ સેવા સંસ્થાન' સ્થાનિક સંસ્થા તરીકે આ ગામમાં કાર્ય કરે છે.
૭. બિન્દુ - મદદગાર લોગોંકીઃ રાયબરેલી જનપદના જમુર્વા બુઝુર્ગ ગામની બિન્દુ અને તેના પતિ શ્રીકૃષ્ણના પ્રયાસોથી ગામની સિકલ બદલાઈ ગઈ છે. 'લોકમિત્ર' સ્થાનિક સંસ્થા તરીકે કાર્યરત છે.
૮. એકતાકી તાકતઃ મઉ જનપદના બીબીપુર ગામમાં ગામની મહિલાઓ શાળાનું ધ્યાન રાખે છે. સ્ત્રીઓએ સામૂહિક પ્રયાસોથી પોતાની જિંદગી બદલવાનો પ્રયાસ કર્યો છે. 'જનપદ વિકાસ એવમ્ સમાજ કલ્યાણ સમિતિ' સ્થાનિક સંસ્થા તરીકે કાર્ય કરે છે.
૯. જાનકારી કે સહારે વિકાસકી ઓરઃ ખૈરાબાદ વિકાસખંડની ગ્રામ પંચાયત જૈનપુરમાં માહિતીના પ્રચાર-પ્રસારથી સરકારી યોજનાઓના અમલનું કાર્ય થયું છે. 'સહભાગી શિક્ષણ કેન્દ્ર' સ્થાનિક સંસ્થા તરીકે ત્યાં કાર્યરત છે.
૧૦. ગાંવકા વૈદ્યઃ સીતાપુર જનપદની ભિડૌલી ગ્રામ પંચાયતમાં વિમલકુમાર નામના પંચાયત સદસ્ય એક આદર્શ પ્રતિનિધિ બની ગામના વિકાસનો પ્રયત્ન કરી રહ્યા છે. 'પાર્ટિસિપેટરી એક્શન ફોર કોમ્યુનિટી એમ્પાવરમેન્ટ' ત્યાં સ્વૈચ્છિક સંસ્થા તરીકે કામ કરે છે.

પ્રાપ્તિસ્થાનઃ સહભાગી શિક્ષણ કેન્દ્ર, છઠા મીલ, બી.કે.ટી., સીતાપુર રોડ, લખનઉ-૨૨૭૨૦૮. ફોન-ફેક્સઃ ૦૫૨૧૨-૨૯૮૦૦૩-૦૦૬. ઈ-મેલઃ info@sahbhagi.org

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

## ૧. સામાજિક સમાવેશ અને સક્ષમતા

### દલિતોના અધિકારો

અમારો સહિયારો પ્રયાસ 'દલિત અધિકાર અભિયાન' સારી પ્રગતિ કરી રહ્યો છે. છેલ્લા ત્રણ માસ દરમ્યાન અત્યાચારના ૯ કિસ્સા, જાહેર સ્થળોએ ભેદભાવના ૩ કિસ્સા અને જમીનના દબાણ અંગેના ૫ કિસ્સા હાથ ધરાયા હતા. તાલુકા અને જિલ્લા દબાણ અંગેના ૫ કિસ્સા હાથ ધરાયા હતા. તાલુકા અને જિલ્લા સ્તરે દેખાવો યોજીને ૧૨૨ વીઘા જમીન છૂટી કરાવવામાં સફળતા મળી હતી. દલિત મહિલાઓના નેતૃત્વને મજબૂત બનાવવા માટે એક દિવસની ૬ કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. તેમાં ૧૦૨ મહિલા સામુદાયિક નેતાઓએ ભાગ લીધો હતો. તેમાં માહિતી અધિકાર ધારા અને વિવિધ સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

'ઉર્મુલ મરુસ્થલી બુનકર વિકાસ સમિતિ' - ફલૌદી, ચિત્તોડગઢના 'પ્રયાસર સંસ્થાન' અને જયપુરના 'નેશનલ સેન્ટર ફોર દલિત રાઈટ્સ'ના સંયુક્ત નેજા હેઠળ રાજ્ય સ્તરે 'દલિત અધિકાર કરવાં'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો મુખ્ય હેતુ રાજસ્થાનમાં દલિત કર્મશીલો અને બિન-સરકારી સંગઠનો વચ્ચે સંપર્ક સેતુ ઊભો કરવાનો હતો. ત્રણ જુદાં જુદાં સ્થળો - ફલૌદી, ચિત્તોડગઢ અને હનુમાનગઢથી રેલીની શરૂઆત ૨૨-૧૧-૬ના રોજ થઈ હતી અને જયપુર ખાતે તે ૬-૧૨-૦૬ના રોજ પૂરી થઈ હતી. રાજસ્થાનના ૨૭ જિલ્લાને તેમાં આવરી લેવાયા હતા. 'ઉન્નતિ'એ પશ્ચિમ રાજસ્થાનની રેલીમાં ભાગ લીધો હતો અને સમગ્ર પ્રક્રિયાનું દસ્તાવેજીકરણ કરવાની જવાબદારી ઉઠાવી હતી. આ પ્રસંગે શ્રી બાબુરામ ચાંવરિયા લિખિત અગ્રણી દલિત નેતાઓના જીવન અને કાર્યને આલેખતા પુસ્તકનું પ્રકાશન પણ કરાયું હતું.

રાજસ્થાનમાં દરમ્યાનગીરીના ૧૦ વર્ષનું સહભાગી મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું હતું. એ પ્રક્રિયા શ્રી ગિરીશ ભારદ્વાજ અને સુશ્રી અરજીત કૌર દ્વારા હાથ ધરવામાં આવી હતી.

### વિકલાંગતાનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ

'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' અને 'ક્રિસ્ટોફલ બ્લાઈન્ડેન મિશન' દ્વારા ફિલિપાઈન્સમાં મનિલા ખાતે ૧૬થી ૧૮ નવેમ્બર, ૨૦૦૫ દરમ્યાન અનુભવોની આપ-લે માટેની એક કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સામાજિક સમાવેશને પ્રોત્સાહન આપવા માટે વિકાસલક્ષી સંગઠનો દ્વારા કરવામાં આવેલા પ્રયાસની સમીક્ષા કરવામાં આવી હતી. તેમાં 'ઉન્નતિ' સહિત ૪ દેશોનાં ૩ સંગઠનોના ૨૫ સહભાગીઓએ ભાગ લીધો હતો. સમુદાય, પોતાની સંસ્થા, અન્ય સંસ્થાઓ અને સરકાર - એમ જુદા જુદા સ્તરે છેલ્લાં બે વર્ષ દરમ્યાન થયેલા ફેરફારોની ચર્ચા કરવામાં આવી હતી. તેને પરિણામે વિકલાંગોના જીવનમાં આવેલાં પરિવર્તનોની પણ ચર્ચા થઈ અને એવા જ બીજા ઈચ્છિત પ્રયાસો માટે ભલામણો કરવામાં આવી. આયોજકો દ્વારા આ પ્રક્રિયા અંગે એક અહેવાલ તૈયાર થઈ રહ્યો છે અને તે ટૂંકમાં સૌને પ્રાપ્ય બનશે.

### પૂર રાહત

જુન-૨૦૦૫માં ગુજરાતમાં અતિવૃષ્ટિને લીધે પૂર આવ્યાં હતાં. ૫ સહયોગી સંસ્થાઓ સાથે મળીને ૭ જિલ્લામાં પૂર રાહતનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. તેમાં અનાજ, ઘરેલૂ વપરાશની ચીજો, ખેતીની વસ્તુઓ અને કામચલાઉ આવાસ જેવી બાબતોનો ટકો આશરે ૭૦૦૦ પરિવારોને પૂરો પાડવામાં આવ્યો હતો. આ ત્રણ માસ દરમ્યાન પૂર રાહતનો આખરી તબક્કો હાથ ધરાયો અને ૬૦૦ પરિવારોને કામચલાઉ આવાસ માટેની સામગ્રી - નળિયાં, વાંસ, સિમેન્ટનાં પતરાં અને ઈંટો - પૂરી પડાઈ અને લાભાર્થીઓએ પોતે જ તેમાં શ્રમદાન કર્યું. પાંચ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ૫૨૦ દર્દીઓની સારવાર કરવામાં આવી.

### આપત્તિના સામનાની તૈયારી

આપત્તિના સામનાની સમુદાય-આધારિત યોજનાઓ ગુજરાતમાં કચ્છ જિલ્લામાં ભચાઉ તાલુકાનાં બે ગામોમાં તૈયાર થઈ રહી છે. એક ગામમાં ૧૦૦ એકરના તળાવનું સમારકામ ગ્રામ પંચાયત સાથે વિચાર-વિમર્શ કરીને યોજવામાં આવ્યું. ભચાઉ નગરમાં ૧૫ ઘરોનું સમારકામ હાથ

ધરાયું. આપત્તિના સામના માટેની સમુદાય આધારિત રીતોનો એક અભ્યાસ થઈ રહ્યો છે. સાહિત્યનો અભ્યાસ કરાયો અને વ્યવહારુ રીતોનો પણ અભ્યાસ કરવામાં આવ્યો.

છેલ્લાં ૫ વર્ષથી અમે કારીગરોના જીવનનિર્વાહને પ્રોત્સાહન આપવાના પ્રયાસો હાથ ધરી રહ્યા છીએ. આ ગાળા દરમ્યાન ૩૨ વસ્તુઓ વિકસાવવામાં આવી અને આ ત્રણ માસ દરમ્યાન ૫ નવી વસ્તુઓ ઉમેરાઈ. મહિલા કારીગરો દ્વારા ભરતકામની જે વસ્તુઓ બનાવાઈ તે પુષ્કર અને નવી દિલ્લીમાં યોજાયેલાં બે પ્રદર્શનોમાં વેચવામાં આવી. વિવિધીકરણ કરવા માટે ભરતકામની નવી રીત માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### ક્ષમતા વર્ધન

હિમાયત અને શાસન વિશે ૧૫થી ૧૭ ડિસેમ્બર, ૨૦૦૫ દરમ્યાન એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૨ સંગઠનોના ૩૦ સહભાગીઓએ ભાગ લીધો હતો.

નાગરિક નેતાઓને સ્ત્રી-પુરુષ સામાજિક ભેદભાવ વિશે સંવેદનશીલ બનાવવા માટેનું એક મેન્યુઅલ અત્યારે મુસદ્દા રૂપે અંગ્રેજી અને ગુજરાતીમાં તૈયાર કરવામાં આવ્યું છે.

## ૨. નાગરિક નેતૃત્વ અને શાસન

### ગ્રામીણ

ગુજરાતમાં તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાઈ હતી. અમદાવાદ, સાબરકાંઠા, કચ્છ અને જામનગર એમ ૪ જિલ્લાના ૧૨ તાલુકામાં ૪૬૨ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી પૂર્વેની મતદાતા જાગૃતિ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. કચ્છમાં ભચાઉ તાલુકામાં ૫૮ ગામોમાં પણ આવી જ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સરપંચો, સામાજિક ન્યાય સમિતિઓ અને મહિલા પ્રતિનિધિઓનાં અનેક નેટવર્કે સાબરકાંઠામાં સરકાર પાસેથી આદિવાસી પેટા યોજનાની સ્થિતિ વિશેની માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો. આ માટે ૨૩ પંચાયતોના ૩૭ પ્રતિનિધિઓની એક કાર્યશાળા યોજાઈ. રાજ્યના આદિવાસી વિસ્તારોમાં પંચાયતોની સ્થિતિ વિશે એક રાજ્ય સ્તરીય વિમર્શ સભા યોજવામાં આવી હતી. રાજ્ય નાણાં પંચની કામગીરી અને તેની ભૂમિકા વિશે પણ એવી જ કાર્યસભા યોજવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લાના ૪ તાલુકાના કેટલાંક નાગરિક નેતાઓની બીજા તબક્કાની તાલીમ યોજાઈ હતી. તેમાં ૧૩૦ નાગરિકોએ ભાગ લીધો હતો. ગુજરાતીમાં 'રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાન' (એસઆઈઆરડી) માટે શાસન વિશે છ ટૂંકી વિડિયો ફિલ્મ બનાવવામાં આવી છે. તેમનો ઉપયોગ 'સેટકોમ' દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓને તાલીમ આપવા માટે કરવામાં આવશે અને તે વેચાણ માટે નથી.

રાજસ્થાનમાં સરકારે ૧૬થી ૩૧ ડિસેમ્બર, ૨૦૦૫ દરમ્યાન બીપીએલ યાદીમાં સુધારા માટે વોર્ડ સભાઓ યોજવાની જાહેરાત કરી હતી. જોધપુર જિલ્લામાં ૬ તાલુકાની ૬૦ ગ્રામ પંચાયતોમાં અને બાડમેર જિલ્લાના ૧ તાલુકાની ૧૦ ગ્રામ પંચાયોતોમાં વિધવાઓ, સ્થળાંતરિત પરિવારો વગેરે જેવા અસહાય વર્ગોનો આ યાદીમાં સમાવેશ થાય તે માટે પ્રયાસો કરાયા.

આ ત્રણ માસ દરમ્યાન રેડિયો કાર્યક્રમમાં આ મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. આ પ્રદેશમાં આવાસ માટેની સ્થિતિને સમજવા માટે એક અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે.

### શહેરી

ગુજરાતમાં નાનાં અને મધ્યમ નગરોમાં શાસનમાં નાગરિકોની સહભાગિતાને પ્રોત્સાહન આપવાનું અમારું કામ ચાલુ છે. પાણી, સફાઈ અને કચરાનું એકત્રીકરણ જેવી પાયાની સેવાઓ માટે ઉત્તરદાયી વ્યવસ્થા ઊભી કરવા માટે ૪ નગરોમાં સમુદાયની સહભાગિતા વિશે તેમના પર દેખરેખ રાખવામાં આવી. ઝૂંપડપટ્ટીના પ્રશ્નને ઉકેલવા અને જમીનની સનદોની સ્થિતિને સમજવા માટે પ્રાંતિજ, મોડાસા, ખેડબ્રહ્મા અને ઈડર નગરોમાં એક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું. ભચાઉમાં પુનર્વસન અને પુનર્બાંધકામની પ્રક્રિયાના ભાગરૂપે આવાસના બાંધકામની અને

જમીનને કાનૂની બનાવવાની પ્રક્રિયા ઉપર દેખરેખ રાખવામાં આવી. ભચાઉ નગરના કેટલાક નેતાઓ માટે એક દિવસની એક તાલીમ યોજવામાં આવી. ગુજરાતમાં ૪૧ નગરપાલિકાઓની ચૂંટણીના સંદર્ભમાં સ્થાનિક સંગઠનો સાથે મળીને ૫ નગરોમાં ચૂંટણી પૂર્વેની મતદાતા જાગૃતિ ઝુંબેશ હાથ ધરવામાં આવી. તેમાં નાગરિકોને મતદાન કરવા માટે અને ચૂંટણીની પ્રક્રિયામાં સહભાગી થવા માટે પ્રેરણા આપવામાં આવી.

ગુજરાતમાં ૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારે નગરપાલિકાનાં કામો નક્કી કર્યાં હતાં. કેન્દ્ર સરકારે પણ 'રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશન'ની જાહેરાત કરી છે. આ સંદર્ભમાં કેટલીક નગરપાલિકાઓને લોકકેન્દ્રી ઘન કચરા સંચાલન યોજના માટે તકનિકી ટેકો પૂરો પાડવામાં આવ્યો. ગુજરાત શહેરી વિકાસ કંપની (જીયુડીસી) સાથે અન્ય નગરપાલિકાઓમાં પણ એવી જ પ્રક્રિયા હાથ ધરવા માટે વાતચીત શરૂ કરવામાં આવી છે.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૦૭૯-૫૫૬૧૨૯૬૭



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.